RNI NO GUJ/GUJ/2006/24237
LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૯ બુધવાર તા.૨૨-૦૭-૨૦૨૬ અંક : ૨૭ વર્ષ : ૨૨ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# દક્ષિણ ગુજરાતને વરસાદે ધમરોળ્યું : કપરાડામાં ૧૫.૫ ઈંચ વરસાદ

## કપરાડામાં ભારે વરસાદના પગલે જનજીવન ખોરવાયું,વલસાડ અને નવસારીમાં ભારે વરસાદના પગલે અનેક માર્ગો થયા બંધ : મધુવન ડેમના દરવાજા ખોલવામાં આવતા દમણગંગા નદીમાં પૂર



અમદાવાદ

ગુજરાતમાં ફરી વરસાદી માહોલ સર્જાયો છે.આજે સવારે પૂરા થતા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૭૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે.ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થતા વલસાડ અને નવસારી જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી.વલસાડના કપરાડામાં ૨૪ કલાકમાં ૧૫.૫ ઈંચ વરસાદ પડયો હતો.

વલસાડ જિલ્લામાં મેઘરાજાએ આક્રમક બેટિંગ કરતાં સમગ્ર જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. મંગળવારે સાંજે ૪ થી બુધવારે સવારે ૬ વાગ્યા સુધીના વિતેલા ૧૬ કલાકમાં જિલ્લામાં સરેરાશ ૮.૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે આખી રાત વરસાદ શરૂ રહેતા સવાર સુધીમાં આ આંકડો સરેરાશ ૧૫.૬૩ ઈંચ સુધી પહોંચી ગયો હતો. દક્ષિણ ગુજરાતના ચેરાપુંજી ગણાતા કપરાડા તાલુકામાં સૌથી વધુ ૧૪ ઈંચ વરસાદ ઝીંકાતાં જનજીવન ભારે પ્રભાવિત થયું હતું. ભારે વરસાદના કારણે જિલ્લાના નીચાણવાળા કોઝવે સહિત ૧૫૦ થી વધુ માર્ગો બંધ થઈ જતાં વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે.

વાપી શહેરમાં પડેલાં દેમાર વરસાદને કારણે જગનપાર્કના અનેક રો-હાઉસમાં પાણી ભરાઈ જતાં મોટું નુકસાન થયું છે. આ ઉપરાંત જીઆઈડીસીની સૂર્યા સોસાયટી, ધર્મનંદન સોસાયટી, હરિયા હોસ્પિટલ રોડ, કસ્ટમ રોડ અને સ્વામિનારાયણ ગુરુકુલ રોડ જેવા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. શહેરના બંને મહત્વના રેલવે ગરનાળામાં પાણી ભરાતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો હતો. ચોમાસા પૂર્વે પ્રી-મોન્સૂન કામગીરી અને ગટર સફાઈના અભાવે કરોડો રૂપિયાના ખર્ચે બનેલી ગટર યોજનાઓ નિષ્ફળ નીવડી હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે.

કેચમેન્ટ વિસ્તાર અને ઉપરવાસમાં સતત ધોધમાર વરસાદને પગલે મધુબન ડેમમાં પાણીની ભારે આવક થઈ છે. બુધવારે સવારે ૭ વાગ્યે ડેમમાં ૧,૦૨,૧૬૬ ક્યુસેક પાણીની આવક નોંધાતાં સપાટી ૭૪.૩૫ મીટરે પહોંચી હતી. સ્થિતિને પહોંચી વળવા ડેમના ૭ દરવાજા ૩.૧૦ મીટર અને ૧ દરવાજો ૧.૪૦ મીટર ખોલીને દમણગંગા નદીમાં ૯૯,૮૦૮ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે, જેના પગલે દમણગંગા નદી બંને કાંઠે વહી રહી છે.

## રાજ્યના ૧૭૩ જિલ્લામાં ૧૫ ઈંચ સુધીનો વરસાદ

ગાંધીનગર

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના આંકડા પ્રમાણે, આજે સવારે ૬ કલાકે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૧૭૩ તાલુકામાં વરસાદ પડ્યો હતો. એક તાલુકામાં ૧૫ ઈંચથી વધારે, એક તાલુકામાં ૧૧ ઈંચથી વધારે, ત્રણ તાલુકામાં ૯ ઈંચથી વધારે, એક તાલુકામાં ૮ ઈંચથી વધારે, ત્રણ તાલુકામાં ૭ ઈંચથી વધારે, એક તાલુકામાં ૬ ઈંચથી વધારે, ત્રણ તાલુકામાં ૫ ઈંચથી વધારે, પાંચ તાલુકામાં ૪ ઈંચથી વધારે, છ તાલુકામાં ૩ ઈંચથી વધારે, સાત તાલુકામાં ૨ ઈંચથી વધારે, ૮ તાલુકામાં ૧ ઈંચથી વધારે વરસાદ નોંધાયો હતો. જ્યારે ૧૩૩ તાલુકામાં એક ઈંચ સુધીનો હળવો વરસાદ પડ્યો હતો.

વલસાડના કપરાડામાં ૧૫.૬૩ ઈંચ, વલસાડના નાનાપોંઢામાં ૧૧.૦૨ ઈંચ, નવસારીના ચીખલીમાં ૯.૬૧ ઈંચ, વલસાડના પારડીમાં ૯.૩૭ ઈંચ, નવસારીના વાંસદામાં ૯.૨૫ ઈંચ, વલસાડમાં ૮.૩૧ ઈંચ, નવસારીના ખેરગામમાં ૭.૯૧ ઈંચ, ડાંગના વઘાઈમાં ૭.૨ ઈંચ, વલસાડના ધરમપુરમાં ૬.૭૭ ઈંચ, સુરતના બારડોલીમાં ૫.૩૯ ઈંચ, વલસાડના ઉમરગાવમાં ૫.૨૪ ઈંચ, ડાંગમાં ૫.૦૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો.નવસારીના ગણદેવીમાં ૪.૭૨ ઈંચ, સુરતના પલસાણામાં ૪.૬૯ ઈંચ, સુરત શહેરમાં ૪.૨૫ ઈંચ, સુરતના અંબિકામાં ૪.૨૧ ઈંચ, ડાંગના સુબીરમાં ૪.૧૩ ઈંચ, તાપીના ડોલવણમાં ૩.૯ ઈંચ, સુરતના મહુવામાં ૩.૫૪ ઈંચ, નવસારીમાં ૩.૫૪ ઈંચ, નવસારીના જલાલપોરમાં ૩.૪૬ ઈંચ, સુરતના ઉમરપાડામાં ૩.૨૩ ઈંચ, તાપીના ઉકાઈમાં ૩.૦૩ ઈંચ, ભરૂચના હાંસોટમાં ૨.૮૩ ઈંચ, તાપીના ઓલપાડમાં ૨.૮૩ ઈંચ, સુરતના ચોર્યાસીમાં ૨.૭૨ ઈંચ, તાપીના વાલોડમાં ૨.૫૨ ઈંચ, સુરતના કામરેજમાં ૨.૪૦ ઈંચ, તાપીના સોનગઢમાં ૨.૩૬ ઈંચ, સુરતના માંગરોળમાં ૨.૧૩ ઈંચ, ભરૂચના વાલીયામાં ૧.૮૯ ઈંચ, સુરતના અરેઠમાં ૧.૮૧ ઈંચ, સુરતના માંડવીમાં ૧.૬૧ ઈંચ, વડોદરામાં ૧.૪૬ ઈંચ, ભરૂચના અંકલેશ્વરમાં ૧.૪૨ ઈંચ, ભાવનગરના ઘોઘામાં ૧.૩ ઈંચ, આણંદના ખંભાતમાં ૧.૧૪ ઈંચ, તાપીના ઉચ્છલમાં ૧.૧૦ ઈંચ, ભરૂચમાં ૧.૦૨ ઈંચ વરસાદ વરસ્યો હતો.

# આસામમાં પૂરની સ્થિતિએ વધુ ૨૧નો જીવ લીધો : કુલ મૃત્યુઆંક ૩૧ થયો

## રાજ્યના ૧૬ જિલ્લામાં પાંચ લાખથી વધુ લોકો પૂરની સ્થિતિમાં ઘેરાયા



નવી દિલ્હી

અસમમાં પૂરની સ્થિતિ દિન-પ્રતિદિન વધુ ગંભીર બની રહી છે. પાછલા ૨૪ કલાકમાં પૂરના કારણે વધુ ૨૧ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેના કારણે ચાલુ વર્ષે પૂરથી મૃત્યુ પામનારાઓનો કુલ આંકડો ૩૧ પર પહોંચી ગયો છે. અસમ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના બુલેટિન મુજબ, રાજ્યના ૧૬ જિલ્લાઓમાં ૫.૬૪ લાખથી વધુ લોકો પૂરના પાણીમાં ઘેરાયેલા છે.શિવસાગર જિલ્લામાં પૂરથી સૌથી વધુ તારાજી સર્જાઈ છે, જ્યાં ૧૩ લોકોના મોત થયા છે અને ૩.૫૯ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. આ સિવાય જોરહાટમાં ૮૭ હજાર અને ચરાઈદેવમાં ૭૨ હજારથી વધુ લોકો પૂરનો સામનો કરી રહ્યા છે. રાજ્યના ૪૪ રેવન્યુ સર્કલ હેઠળના ૮૭૨ ગામો પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

# સાઉદી અરેબિયા સાથે પરમાણુ કરારને અમેરિકાની લીલી ઝંડી

## સાઉદી અરેબિયા હવે પોતાની જમીન પર નાગરિક પરમાણુ કાર્યક્રમ માટે યુરેનિયમ એનરિચમેન્ટ કરી શકશે

વોશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચે જે મુદ્દાને લઈને લાંબા સમયથી ભારે તણાવ અને યુદ્ધની સ્થિતિ બનેલી છે, તે જ પરમાણુ સંવર્ધન (યુરેનિયમ એનરિચમેન્ટ)ને લઈને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક અત્યંત મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ટ્રમ્પ વહીવટીતંત્રે સાઉદી અરેબિયા સાથે એક એવા પરમાણુ કરારને લીલી ઝંડી આપી દીધી છે, જેના હેઠળ સાઉદી અરેબિયા હવે પોતાની જમીન પર નાગરિક પરમાણુ કાર્યક્રમ માટે યુરેનિયમ એનરિચમેન્ટ કરી શકશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઐતિહાસિક ડીલની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવી શકે છે. આ કરાર ૩૦ વર્ષ માટે રહેશે અને તેમાં અમેરિકન કંપનીઓ પણ સાઉદી અરેબિયાના પરમાણુ કાર્યક્રમના વિકાસમાં સીધી રીતે ભાગીદાર બનશે. અમેરિકા અને સાઉદી અરેબિયાના સંયુક્ત અભ્યાસ બાદ દેશમાં યુરેનિયમ એનરિચમેન્ટ પ્લાન્ટ સ્થાપવાનો રસ્તો પણ સાફ થઈ જશે. સાઉદી અરેબિયા અને ઈરાન વચ્ચે વર્ષોથી ક્ષેત્રીય વર્ચસ્વની લડાઈ ચાલી રહી છે, તેવામાં સાઉદીને યુરેનિયમ એનરિચમેન્ટનો અધિકાર મળવાથી પશ્ચિમ એશિયાનું રાજકીય અને સૈન્ય સંતુલન સંપૂર્ણપણે બદલાઈ શકે છે.પરમાણુ ક્ષેત્રના નિષ્ણાતોએ આ નિર્ણય સામે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. એક્સપર્ટ્સનું માનવું છે કે યુરેનિયમ એનરિચમેન્ટથી સીધા પરમાણુ હથિયાર નથી બનતા, પરંતુ તેનાથી ભવિષ્યમાં વેપન પ્રોગ્રામ (પરમાણુ હથિયારો) તરફ આગળ વધવાનો રસ્તો જરૂર ખુલી જાય છે. નોંધનીય છે કે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પહેલા પણ કહી ચૂક્યા છે કે જો ઈરાન પરમાણુ હથિયાર બનાવશે, તો સાઉદી અરેબિયા પણ તે જ દિશામાં આગળ વધશે.

આ પહેલા પણ જો બાઈડન અને ડોનાલ્ડ ટ્રમ્પ બંને સાઉદી અરેબિયા સાથે પરમાણુ સહયોગ માટે પ્રયાસો કરી ચૂક્યા હતા. બીજી તરફ, સંયુક્ત આરબ એમિરેટ્સએ અમેરિકા સાથે '૧૨૩ એગ્રીમેન્ટ' હેઠળ પરમાણુ ઊર્જા પ્રોજેક્ટ શરૂ કર્યો હતો, પરંતુ તેમણે યુરેનિયમ એનરિચમેન્ટનો અધિકાર માગ્યો નહોતો. આથી જ અત્યાર સુધી યુએઈ મોડેલને પરમાણુ સહયોગનું સૌથી સુરક્ષિત ઉદાહરણ માનવામાં આવતું હતું.

સાઉદી અરેબિયા પહેલેથી જ પરમાણુ શક્તિ ધરાવતા પાકિસ્તાન સાથે પોતાનો સંરક્ષણ સહયોગ વધારી રહ્યું છે. તાજેતરના મહિનાઓમાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ પણ એવો સંકેત આપ્યો હતો કે જરૂર પડ્યે તેમનો પરમાણુ કાર્યક્રમ સાઉદી અરેબિયા માટે ઉપલબ્ધ કરાવી શકાય છે. આ તમામ પરિસ્થિતિઓને જોતા, ટ્રમ્પ વહીવટીતંત્રનો આ નિર્ણય માત્ર ઊર્જા ક્ષેત્ર પૂરતો મર્યાદિત નથી મનાઈ રહ્યો, પરંતુ તેને ઈરાન સામે અમેરિકાની એક નવી મોટો વ્યૂહનીતિ અને પશ્ચિમ એશિયાના બદલાતા ભૌગોલિક-રાજકીય સમીકરણો સાથે જોડીને જોવામાં આવી રહ્યો છે.

# વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી અંગે સંસદમાં ચર્ચાની રાહુલ ગાંધીએ માંગ કરી

## રાહુલ ગાંધી સહિત વિપક્ષી નેતાઓ લોકસભા સ્પીકરને મળ્યા

નવીદિલ્હી,

લોકસભાના વિપક્ષી નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ મંગળવારે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને તેમના ભવિષ્ય વિશે વાજબી પ્રશ્નો પૂછવા બદલ માર મારવામાં આવ્યો હતો. તેમણે સંસદના ચોમાસુ સત્ર દરમિયાન વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી અને નીટ પરીક્ષા પેપર લીક કટોકટી પર વિગતવાર ચર્ચાની માંગ કરી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કર્યું કે તેઓ લોકસભા સ્પીકર ઓમ બિરલા અને વિપક્ષી સાંસદોને મળ્યા હતા. તેમણે માંગ કરી હતી કે આ મુદ્દા પર સંસદમાં ચર્ચા થાય. વિપક્ષી ગઠબંધન, ભારતના નેતાઓએ પણ આ મુદ્દા પર તેમની રણનીતિ નક્કી કરવા માટે સંસદ ભવનમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

રાહુલ ગાંધીએ કહ્યું કે વિદ્યાર્થીઓને તેમના ભવિષ્ય વિશે પ્રશ્નો ઉઠાવવા બદલ માર મારવામાં આવ્યો હતો. તેમણે પ્રશ્ન કર્યો કે જો સંસદ દેશના યુવાનોના ભવિષ્ય વિશે ચર્ચા કરી શકતી નથી, તો તેનો હેતુ શું છે? તેમણે સ્પષ્ટ કર્યું કે વિપક્ષ આ મુદ્દાને દબાવવા દેશે નહીં. તેઓ ખાતરી કરશે કે વિદ્યાર્થીઓનો અવાજ શેરીઓથી સંસદ સુધી સાંભળવામાં આવે.કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે કહ્યું કે વિપક્ષે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને ગૃહમાં તેમની નિષ્ફળતાઓ સમજાવવાની માંગ કરી છે.

# બ્રિટનની નવી સરકારમાં ભારતીય મૂળના કનિષ્ક નારાયણની એઆઈ મંત્રી તરીકે નિયુક્તિ કરાઈ

## ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ દેશની કેબિનેટમાં એઆઈ મંત્રીની નિમણૂક કરવામાં આવી

લંડન

બ્રિટનની નવી સરકારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રમાં એક મોટું પગલું ભરતા પ્રથમ એઆઈ મંત્રી બનાવ્યા હતા. બ્રિટનના નવા વડા પ્રધાન એન્ડી બર્નહમે ભારતીય મૂળના સાંસદ કનિષ્ક નારાયણને એઆઈ મંત્રી તરીકે મંત્રીમંડળમાં સામેલ કર્યા છે. આ પહેલી વાર છે જ્યારે કોઈ કેબિનેટમાં એઆઈ મંત્રીની નિમણૂક કરવામાં આવી છે.

કીર સ્ટાર્મરે વડા પ્રધાન પદેથી રાજીનામું આપ્યા પછી સોમવારે કાર્યભાર સંભાળનારા બર્નહમે એક નવું રાજકીય મોડલ બનાવવા અને એક નવી અર્થવ્યવસ્થા બનાવવાનો સંકલ્પ લીધો છે. કેબિનેટમાં થયેલા ફેરબદલ વચ્ચે એ ચહેરામાંના એક છે જેમને સ્ટાર્મરની કેબિનેટમાંથી યથાવત રાખવામાં આવ્યા છે.

સોમવારે કિંગ ચાર્લ્સે બર્નહમને સરકાર બનાવવા માટે આમંત્રણ આપ્યું હતું. બાદમાં બર્નહમે મંત્રીઓની ટીમની જાહેરાત કરી હતી જે કેબિનેટમાં તેમની સાથે કામ કરશે. લિસા નૈડી ભારતીય મૂળના બીજા એક મંત્રી છે જેઓને ડિજિટલ, સંસ્કૃતિ, મીડિયા અને રમતગમતના રાજ્ય સચિવ તરીકે વધારાની જવાબદારીઓ સોંપવામાં આવી છે. નારાયણે કહ્યું કે, કેબિનેટ ઓફિસ અને બિઝનેસ, ઈનોવેશન, સાયન્સ અને ટ્રેડ વિભાગ હેઠળ એઆઈ મંત્રી તરીકે તેમની નિમણૂક નવા વડા પ્રધાનની એઆઈના મહત્વ પ્રત્યે ઊંડી પ્રતિબદ્ધતા"ની નિશાની છે.

# અમેરિકામાં આયાત કરાતી જેનરિક દવાઓ ઉપર ૨૦૦ ટકા સુધીનો ટેક્સ વસૂલવા ટ્રમ્પની તૈયારી

## હાલમાં આયાત થતી દવાઓ ઉપર કોઈ ટેક્સ નથી : ટ્રમ્પના નિર્ણયથી ભારતના ફાર્મા ઉદ્યોગને ફટકો પડવાની ભીતિ



નવી દિલ્હી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની ચિંતા વધારતો એક મોટો નિર્ણય લીધો છે. અમેરિકામાં આયાત કરવામાં આવતી જેનરિક દવાઓ પર ભારે ટેરિફ લાદવાની જાહેરાત કરવામાં આવી છે. અમેરિકા ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓ માટે સૌથી મોટું માર્કેટ હોવાથી, ડોનાલ્ડ ટ્રમ્પના આ પગલાની સીધી અને ગંભીર અસર ભારતના ફાર્મા ઉદ્યોગ પર પડશે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જેનરિક દવાઓ પર લાદવામાં આવનારા ટેરિફ અંગે એક મહત્ત્વપૂર્ણ માહિતી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ૧ ઓગસ્ટ, ૨૦૨૬થી આગામી બે વર્ષ સુધી (ઓગસ્ટ ૨૦૨૮ સુધી) અમેરિકામાં આયાત થતી તમામ જેનરિક દવાઓ પર કોઈ ટેરિફ નહીં લાગે અને આયાત શુલ્ક શૂન્ય રહેશે.

જોકે, ઓગસ્ટ ૨૦૨૮થી આ નિયમોમાં મોટો બદલાવ આવશે. ૨૦૨૮થી પ્રથમ વર્ષ માટે જેનરિક દવાઓ પર ટેરિફ વધારીને ૧૦૦% કરવામાં આવશે અને ત્યારબાદ તેને ૨૦૦% સુધી કરી દેવાશે. આ સાથે જ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન કંપનીઓને કડક ચેતવણી આપી છે કે જો તેઓ નિર્ધારિત સમય મર્યાદામાં અમેરિકામાં પોતાના ઉત્પાદન પ્લાન્ટ અને સાધનો ઊભા નહીં કરે, તો તેમની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. આ સમગ્ર નીતિનો મુખ્ય હેતુ જેનરિક દવાઓનું ઉત્પાદન ફરીથી અમેરિકામાં જ શરૂ કરવાનો છે.

વિશ્વભરમાં ભારતને 'ફાર્મસી ઓફ ધ વર્લ્ડ' તરીકે ઓળખવામાં આવે છે. 'ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવ'ના રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૫માં ભારતે અમેરિકાને ૯.૭ અબજ ડોલરની ફાર્માસ્યુટિકલ દવાઓ એક્સપોર્ટ કરી હતી, જે ભારતના કુલ ૨૫.૮ અબજ ડોલરના ગ્લોબલ ફાર્મા એક્સપોર્ટના ૩૮% જેટલી હતી. ભારતથી અમેરિકા મોકલવામાં આવતી જેનરિક દવાઓમાં હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, કેન્સર, ચેપી રોગો અને માનસિક સ્વાસ્થ્યને લગતી દવાઓ મુખ્ય છે.

જો જેનરિક દવાઓ પર ૧૦૦થી ૨૦૦% સુધીનો ટેરિફ લાગુ થશે તો આ દવાઓની કિંમતોમાં અતિશય વધારો થશે. આ નિર્ણયથી માત્ર ભારતીય કંપનીઓના નફા અને એક્સપોર્ટ પર જ અસર નહીં પડે, પરંતુ અમેરિકાના સામાન્ય દર્દીઓને પણ મોંઘી દવાઓ ખરીદવાની ફરજ પડશે. જો ડોનાલ્ડ ટ્રમ્પની આ નીતિ સમયસર અમલી બનશે, તો ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓ સામે બે મુખ્ય વિકલ્પો રહેશે— કાં તો તેમણે અમેરિકામાં પોતાના પ્રોડક્શન પ્લાન્ટ સ્થાપવા પડશે અથવા તો ભારે ટેરિફનો બોજ સહન કરીને અમેરિકન માર્કેટમાં ટકી રહેવાનો પ્રયાસ કરવો પડશે.



# કારખાનાના કામદારોના મોતના મામલે દેશમાં ગુજરાત મોખરે

## છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૧૦૯૬ જેટલા કારખાનામાં કામ કરતા કામદારોના મોત થયા : કામના સ્થળ પર શ્રમિકોના મોતના મામલે સંસદમાં રજુ કરેલા આંકડાનાં આધારે કોંગ્રેસે ભાજપ સરકારની નિષ્ફળતા ઉજાગર કરી

અમદાવાદ,

અમદાવાદના વસ્ત્રાલના રામોલ-ગતરાડ નજીક ગેરકાયદે ધમધમતી ફટાકડાની ફેક્ટરીમાં થયેલા બ્લાસ્ટની ઘટનામાં મોતનો આંકડો દસ સુધી પહોંચી ગયો છે. કામના સ્થળ પર શ્રમિકોના મોતના મામલે સંસદમાં રજુ કરેલા આંકડાનાં આધારે ભાજપ સરકારની નિષ્ફળતા ઉજાગર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિરેન બેન્કરે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં કારખાનાનાં કામદારોના મોતમાં ગુજરાત સમગ્ર દેશમાં ટોપના સ્થાને છે. જે ગંભીર ચિંતાનો વિષય છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૦ થી લઈને ૨૦૨૪ સુધીમાં ૧૦૯૬ કરતાં પણ વધુ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૦માં ૨૧૨, વર્ષ ૨૦૨૧માં ૨૩૫, વર્ષ ૨૦૨૨માં



૨૪૦માં, વર્ષ ૨૦૨૩માં ૨૨૧ અને વર્ષ ૨૦૨૪માં ૧૮૮ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. કામદારોના ભોગે ઊભું થયેલું "વિકાસ મોડલ" કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. ઔદ્યોગિક રીતે અગ્રણી ગણાતા મહારાષ્ટ્ર કરતાં પણ ગુજરાતમાં આ પાંચ વર્ષોમાં ૨૩૭ વધુ કામદારોના મોત થયા છે.

તેમણે કહ્યું હતું કે દેશભરમાં પાંચ વર્ષમાં કુલ ૫૩૫૮ કામદારોના મોત નોંધાયા છે, જેમાંથી લગભગ ૨૦% મોત એકલા ગુજરાતમાં થાય છે એટલે કે દેશમાં દર ૫ માંથી ૧ મોત થાય છે. દેશમાં વર્ષ ૨૦૨૦માં ૧૦૫૦, વર્ષ ૨૦૨૧માં ૯૮૮, વર્ષ ૨૦૨૨માં ૧૦૬૨, વર્ષ ૨૦૨૩માં ૧૧૨૭, વર્ષ ૨૦૨૪માં ૧૧૩૧ જેટલા કામદારોના મોત નોંધાયા છે. નાના અને મધ્યમ ઉદ્યોગોમાં કામદારોને પુરતું વેતન ન મળે. ૯ કલાકની જગ્યાએ ૧૨-૧૨ કલાક કામ કરાવવાની કારખાના માલિકોને કાયદેસર છૂટ આપવામાં આવી. કામદારોનું મોટાપાયે શોષણ થાય છે અને તેમને મળવા પાત્ર સુરક્ષા પણ આપવામાં આવતી નથી. ભાજપ સરકારના શાસનમાં કામદાર સલામતીની સ્થિતિ સુધરવાને બદલે વધુ કથળી છે. દરેક ઘટના પછી તપાસનાં નામે માત્ર નાટક થાય પરંતુ જવાબદાર કોણ એ તંત્ર નક્કી કરી શક્યું નથી. વારંવાર બનતી દુર્ઘટનાઓમાં નિર્દોષ લોકો મોતને ભેટે છે અને ભાજપ સરકાર માત્ર ચલક-ચલાણું રમી રહી છે. માનવ જીંદગી સાથે ચેડાં કરનાર જોખમમાં મુકનાર માલિકો/ કોન્ટ્રાક્ટરો, તમામ ગેરકાયદેસર ફેકટરીઓ-કારખાનાઓ પર કડક પગલા ભરવામાં આવે,અમદાવાદ સહીત વિવિધ જગ્યાઓ થયેલી દુર્ઘટનાઓમાં તંત્રની બેદરકારી સામે પગલા ભરવામાં આવે. હાઈ-રિસ્ક ઔદ્યોગિક ઝોનમાં ફરજિયાત નોંધણી અને વીમા કવચ આપવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

# બાર કાઉન્સિલ દ્વારા નવી સોશિયલ મીડિયા ગાઈડલાઈન જાહેર કરાઈ

અમદાવાદ,

તા. ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા વકીલો, કાયદાના વિદ્યાર્થીઓ અને ઈન્ટર્ન્સ માટે ડિજિટલ આચારસંહિતાને લઈને મહત્વપૂર્ણ અને કડક માર્ગદર્શિકા જાહેર કરી છે. બાર કાઉન્સિલે જાહેર કરેલા આ પરિપત્રનો હેતુ ન્યાયતંત્રની ગૌરવ, કોર્ટની મર્યાદા અને વકીલાત વ્યવસાયની વિશ્વસનીયતા જાળવવાનો છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે પણ આ પરિપત્રને સમર્થન આપ્યું છે.

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની નવી ગાઈડલાઈન મુજબ હવે કોર્ટ પરિસર, કોર્ટરૂમ અથવા ન્યાયિક કાર્યવાહી સંબંધિત રીલ્સ, શોર્ટ વીડિયો, સનસનીખેજ પોસ્ટ અથવા જજ અને કોર્ટની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે તેવા કોઈપણ પ્રકારના સોશિયલ મીડિયા કન્ટેન્ટ પર કડક નિયંત્રણ રહેશે. કોર્ટની કાર્યવાહીને મનોરંજન અથવા લોકપ્રિયતા મેળવવાના સાધન તરીકે રજૂ કરવામાં આવશે તો તેને વ્યાવસાયિક ગેરવર્તણૂક ગણવામાં આવશે.

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને પણ મહત્વપૂર્ણ નિયમો જાહેર કર્યા છે. છૈંથી બનાવેલી તસવીરો, ડીપફેક વીડિયો, વોઈસ ક્લોનિંગ, કોર્ટ અથવા જજને લગતું ભ્રામક ડિજિટલ કન્ટેન્ટ તેમજ નકલી કોર્ટ આદેશો અથવા ફેક ચુકાદા સોશિયલ મીડિયા પર શેર કરવા સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે.માર્ગદર્શિકા મુજબ વકીલો કોઈપણ કેસ અંગે એવી ટિપ્પણી કરી શકશે નહીં જેનાથી કેસની સુનાવણી અથવા ન્યાયિક પ્રક્રિયા પર અસર થતી હોય. સાથે જ ક્લાયન્ટની ગોપનીય માહિતી, કેસના દસ્તાવેજો અથવા કોર્ટની પરવાનગી વગરની માહિતી જાહેર કરવી પણ ગંભીર શિસ્તભંગ માનવામાં આવશે.આ ઉપરાંત નવા વકીલોના એનરોલમેન્ટ અને કાયદાના વિદ્યાર્થીઓના પ્રવેશ સમયે સોશિયલ મીડિયા આચારસંહિતાનું પાલન કરશે તે અંગે એફિડેવિટ લેવાની પણ ભલામણ કરવામાં આવી છે. તેનો હેતુ શરૂઆતથી જ જવાબદાર ડિજિટલ વર્તનની શિસ્ત વિકસાવવાનો છે.

# એએમસીના પ્રોપર્ટી ટેક્સ વિભાગમાં ફરજ બજાવતો જુનિયર ક્લાર્ક લાંચ લેતા ઝડપાયો

## પ્રોપર્ટી ટેક્સ બિલમાં કબ્જેદાર તરીકે નામ દાખલ કરવાની અરજી મંજૂર કરવા માટે લાંચની માંગણી કરી હતી

અમદાવાદ,

અમદાવાદમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરાએ લાંચ વિરોધી કાર્યવાહી દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રોપર્ટી ટેક્સ વિભાગમાં ફરજ બજાવતા એક જુનિયર ક્લાર્કને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે. આરોપીએ પ્રોપર્ટી ટેક્સ બિલમાં કબ્જેદાર તરીકે નામ દાખલ કરવાની અરજી મંજૂર કરવા માટે લાંચની માંગણી કરી હતી.

એસીબી પાસેથી મળતી માહિતી મુજબ, ફરિયાદીએ પોતાના મકાનના પ્રોપર્ટી ટેક્સ બિલમાં કબ્જેદાર તરીકે નામ નોંધાવવા ટેક્સ વિભાગમાં અરજી કરી હતી. આ અરજીની કાર્યવાહી કરવા બદલ ટેક્સ મધ્યઝોન, પ્રોપર્ટી ટેક્સ વિભાગમાં ફરજ બજાવતા જુનિયર ક્લાર્ક જય દિનેશ કુલકર્ણીએ કુલ ૫,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી પાસેથી આરોપીએ અગાઉ ૩,૦૦૦ મેળવી લીધા હતા અને બાકીના ૨,૦૦૦ થોડા દિવસમાં આપવા જણાવ્યું હતું. જોકે ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે ACBનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે ACBએ ટ્રેપ ગોઠવ્યો હતો. ટ્રેપ દરમિયાન આરોપીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કર્યા બાદ ૨,૦૦૦ની લાંચ સ્વીકારી હતી. તે જ સમયે એસીબીની ટીમે દાણાપીઠ સ્થિત એએમસી સ્ટાફ કેન્ટીન ખાતે આરોપીને રંગેહાથ ઝડપી લીધો હતો.

# ગુજરાતમાં છેલ્લા ૫ વર્ષમાં ૧૭૯ મિલિયન ટન કાર્બન ઉત્સર્જનને વાતાવરણમાં ફેલાતું અટકાવવામાં સફળતા

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેટ ઝીરો વિઝનની દિશામાં ગુજરાતે હાંસલ કરી સિદ્ધિ, ૧ વર્ષમાં કાર્બન ઉત્સર્જનમાં ૪૯.૭૯ મિલિયન ટનનો વિક્રમી ઘટાડો

ગાંધીનગર,

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ભારતના વિકાસ માટે હંમેશાં 'ક્લીન એન્ડ ગ્રીન ઈન્ડિયા'ના વિઝન પર ભાર મૂક્યો છે. તેઓ સ્પષ્ટપણે માને છે કે આર્થિક પ્રગતિ અને પર્યાવરણ સંરક્ષણ બંને સમાંતરે ચાલવા જોઈએ, જેથી આગામી પેઢીઓને સુરક્ષિત અને ટકાઉ ભવિષ્ય મળી શકે. વડાપ્રધાનશ્રીના આ જ વિઝનને વેગ આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે પર્યાવરણ સંરક્ષણ અને ગ્રીન એનર્જી એટલે કે હરિત ઊર્જા ક્ષેત્રે



નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

૧ વર્ષમાં કાર્બન ઉત્સર્જનમાં સૌથી મોટો ઘટાડો, સાથે જ રેકોર્ડ ૬૭,૬૫૫ મિલિયન યુનિટ ગ્રીન વીજળીનું પણ ઉત્પાદન

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ગુજરાતે ફક્ત એક વર્ષની અંદર ૪૯.૭૯ મિલિયન ટન (mtCO2e) કાર્બન ઉત્સર્જનને વાતાવરણમાં ફેલાતું અટકાવવામાં સફળતા હાંસલ કરીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. રાજ્યના ઈતિહાસમાં કોઈપણ એક વર્ષમાં કાર્બન ઉત્સર્જનમાં નોંધવામાં આવેલો આ સૌથી મોટો ઘટાડો છે. આ ઐતિહાસિક સિદ્ધિનું મુખ્ય કારણ એ છે કે રાજ્યના ઊર્જા ક્ષેત્રમાં સૌર, પવન અને અન્ય નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતોનું ઝડપી ગતિએ વિસ્તરણ થયું છે. તેના પરિણામે ગુજરાતે માત્ર એક જ વર્ષમાં ૬૭,૬૫૫ મિલિયન યુનિટ ગ્રીન વીજળીનું રેકોર્ડ ઉત્પાદન પણ નોંધાવ્યું છે.

# વિદેશમાં નોકરી અપાવવાની લાલચ આપી કરોડોની છેતરપિંડી કરનારની ધરપકડ

## ઝડપાયેલા શખ્સ વિરુદ્ધ ૧૨ રાજ્યોમાં કુલ ૨૩ ફરિયાદો નોંધાઈ હતી

હિંમતનગર,

સાયબર ક્રાઈમ પોલીસને આંતરરાજ્ય સાયબર ફ્રોડના ગુનાનો ભેદ ઉકેલવામાં મોટી સફળતા મળી છે. સોશિયલ મીડિયા મારફતે વિદેશમાં નોકરી અપાવવાની લાલચ આપી કરોડો રૂપિયાની છેતરપિંડી કરનાર એક આરોપીની ઉત્તરાખંડમાંથી ધરપકડ કરવામાં આવી છે. આ આરોપી સામે ૧૨ રાજ્યોમાં કુલ ૨૩ ફરિયાદો નોંધાઈ હોવાનું પણ સામે આવ્યું છે.

સાબરકાંઠા જિલ્લા સહિત દેશમાં દિવસે દિવસે સાયબર ફ્રોડ વધી રહ્યા છે ત્યારે આવા સાયબર ફ્રોડ આચરનાર એક આરોપીની સાબરકાંઠા સાયબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી લીધી છે. આરોપીએ સોશિયલ મીડિયા મારફતે વિદેશમાં નોકરી અપાવવાની લાલચ આપી ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ વિવિધ બેંક ખાતાઓમાં કુલ ૨૮ લાખ ૬૧ હજાર ૩૬૮ રૂપિયા ટ્રાન્સફર કરાવી ફરિયાદી સાથે છેતરપિંડી આચરી હતી. સાયબર ક્રાઈમ ટીમે ટેકનિકલ એનાલિસિસ અને ડિજિટલ પુરાવાના આધારે આરોપી સુધી પહોંચીને ઉત્તરાખંડ ખાતેથી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આરોપી કુલદીપ આર્ય મૂળ ઉત્તરાખંડના ઉધમસિંહનગર જિલ્લાના ગદરપુર તાલુકાના અજબાનગર વિસ્તારનો રહેવાસી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. તપાસ દરમિયાન આરોપી દ્વારા ઉપયોગમાં લેવાયેલા SBI, બરોડા, ઈન્ડિયન ઓવરસીઝ અને એક્સિસ બેંક સહિત કુલ ૧૪ બેંક ખાતાઓની વિગતો પણ સામે આવી છે.

# સુરતમાં સોનાની ખાણમાં રોકાણની લાલચ આપી ૧.૬૩ કરોડ ચૂનો લગાવનાર ૩ ઠગ ઝડપાયા

## મુખ્ય સૂત્રધારો વિદેશથી નેટવર્ક ચલાવતા હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું

સુરત,

ઓનલાઈન રોકાણના નામે ઊંચા વળતરની લાલચ આપીને નાગરિકોને ચૂનો લગાવતી આંતરરાષ્ટ્રીય સાયબર ગેંગ સામે સુરત શહેર સાયબર ક્રાઈમ પોલીસને મોટી સફળતા મળી છે. સોનાની ખાણમાં રોકાણના નામે એક નાગરિક સાથે ૧.૬૩ કરોડથી વધુની ઠગાઈ આચરવાના હાઈ-પ્રોફાઈલ કેસમાં પોલીસે ટેકનિકલ સર્વેલન્સના આધારે ઉત્તરાખંડના કાશીપુરથી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આ કૌભાંડમાં વપરાયેલી નકલી વેબસાઈટનું સર્વર સિંગાપોરમાં હોવાનું અને મુખ્ય સૂત્રધારો વિદેશથી નેટવર્ક ચલાવતા હોવાનું સામે આવ્યું છે.

પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે ડિસેમ્બર ૨૦૨૪માં ફરિયાદીનો સંપર્ક ફેસબુક આઈડી દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વોટ્સએપ પર વાતચીત વધારીને આરોપીઓએ જીઆરજીસી નામની કથિત ગોલ્ડ માઈનિંગ યોજનામાં રોકાણ કરવાથી રોજના ભારે નફાની લાલચ આપી હતી. ફરિયાદીનો વિશ્વાસ જીતવા માટે નકલી ટ્રેડિંગ એપ અને ઈ-મેઈલ આઈડી આપ્યા હતા.

એપમાં ખોટો અને ભ્રામક નફો દર્શાવીને શરૂઆતમાં નાની રકમના વળતરની ખાતરી આપી ફરિયાદી પાસેથી મોટા પાયે રોકાણ કરાવ્યું હતું. ફરિયાદીએ જ્યારે પોતાનો નફો અને મૂળ રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે આરોપીઓએ ટેક્સ, માર્જિન મની, ક્રેડિટ સ્કોર ચાર્જીસ, ઓડિટ ફી અને વિથડ્રૉઅલ ચાર્જીસ જેવા અનેક બહાના હેઠળ અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ ૧,૬૩,૯૮,૦૧૨.૭૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા.

અંતે કોઈ રકમ પરત ન મળતાં ફરિયાદીએ સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે સુરત સાયબર ક્રાઈમ પોલીસે બીએનએસ અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ભાદરવી પૂનમના મહામેળાની તૈયારીઓ શરૂ : અંબાજી ખાતે ગબ્બર રોપ-વે સેવા ૪ દિવસ માટે બંધ રહેશે

## રોપ-વેના વાર્ષિક તથા ટેકનિકલ મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવશે

અંબાજી,

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી આવતા મા અંબાના ભક્તો માટે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. અંબાજી ખાતે આવેલા પવિત્ર ગબ્બર પર્વત પર જતી 'ઉડન ખટોલા' (રોપ-વે) સેવા આગામી ૪ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

યાત્રિકોની સલામતી અને સુવિધાઓને ધ્યાનમાં રાખીને ગબ્બર રોપ-વેના વાર્ષિક તથા ટેકનિકલ મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. તારીખ ૨૧ જુલાઈ ૨૦૨૬ થી ૨૪ જુલાઈ ૨૦૨૬ સુધી રોપ-વે સેવા સંપૂર્ણપણે બંધ રહેશે. મેન્ટેનન્સની કામગીરી પૂર્ણ થયા બાદ ૨૫ જુલાઈ ૨૦૨૬ થી રોપ-વે સેવા રાબેતા મુજબ શરૂ કરી દેવામાં આવશે.

આગામી સમયમાં પવિત્ર ભાદરવી પૂનમનો મહામેળો આવી રહ્યો છે, જેમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ મા અંબાના દર્શનાર્થે અને ગબ્બર ગોખના દર્શને આવતા હોય છે. ભાદરવી પૂનમ દરમિયાન યાત્રિકોનો ભારે ઘસારો રહેતો હોવાથી, તે પહેલાં જ રોપ-વેનું મેન્ટેનન્સ પૂર્ણ કરી લેવાય તે હેતુથી આ કામગીરીનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી મેળાવડા દરમિયાન શ્રદ્ધાળુઓને કોઈ તકલીફ ન પડે.

જે ભક્તો ૨૧ જુલાઈથી ૨૪ જુલાઈ દરમિયાન ગબ્બર ગોખના દર્શને આવવાના હોય, તેઓ પગપાળા સોપાન (પગથિયાં) દ્વારા ચડીને ગબ્બર ગોખ સુધી પહોંચી શકશે અને માતાજીના દર્શન કરી શકશે.

# સુરતમાં બેંક લોકરમાંથી ૪૫ લાખનું સોનું ગાયબ; અસલી બિસ્કિટ બદલી નકલી બિસ્કિટ મૂકી દીધા

## અઠવા વિસ્તારમાં આવેલી કેનેરા બેંકના લોકરમાંથી કિંમતી દાગીના અને સોનું ગાયબ થઈ જવાની ચોંકાવનારી ઘટના

સુરત,

સુરત શહેરના અઠવા વિસ્તારમાં આવેલી કેનેરા બેંકના લોકરમાંથી કિંમતી દાગીના અને સોનું ગાયબ થઈ જવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ૫૩ વર્ષીય ફાર્માસ્યુટિકલ ઉદ્યોગપતિએ આક્ષેપ કર્યો છે કે તેમના બેંક લોકરમાં રાખવામાં આવેલા રૂ. ૪૫ લાખની કિંમતના ૩૦૦ ગ્રામ સોનાના અસલી બિસ્કિટની જગ્યાએ કોઈએ ડુપ્લિકેટ બિસ્કિટ પધરાવી દીધા છે. આ સમગ્ર મામલે અઠવા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાતાં બેંકિંગ વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

સુરતમાં ફાર્માસ્યુટિકલ કંપની ધરાવતા રીનમ શાહ નામના વેપારી વર્ષોથી કેનેરા બેંકનું લોકર વાપરે છે. વર્ષ ૨૦૧૮ માં ઘર શિફ્ટ કરતી વખતે તેમનાથી લોકરની મૂળ ચાવી ખોવાઈ ગઈ હતી. જે અંગે બેંકને જાણ કર્યા બાદ ૧૦,૦૦૦ નો દંડ ભરીને નવી ચાવી બનાવડાવવામાં આવી હતી. તે સમયે બેંક અધિકારીઓની હાજરીમાં લોકર તોડીને નવી ચાવી રીનમ શાહને આપવામાં આવી હતી.

ચાલુ વર્ષે ૧૮ ફેબ્રુઆરીના રોજ રીનમ શાહે બેંક લોકરમાંથી પોતાની પત્ની દીપા શાહને લગ્ન સમયે ભેટમાં મળેલા કિંમતી દાગીના, ચાંદીના સિક્કા અને ૧૦૦-૧૦૦ ગ્રામના ૩ સોનાના બિસ્કિટ ઘરે લાવ્યા હતા.સોનાના બિસ્કિટનો રંગ અને ચમક શંકાસ્પદ લાગતાં તેમણે સ્થાનિક જ્વેલર પાસે ચકાસણી કરાવી હતી.

૧૦૦ ગ્રામના બદલે દરેક બિસ્કિટનું વજન માત્ર ૬૫ ગ્રામ નીકળ્યું હતું. આ સિવાય બિસ્કિટ પર કોઈ હોલમાર્ક નહોતો અને તેમાં અસલી સોનું માત્ર ૩% જ હતું, જે સાબિત કરે છે કે લોકરમાંથી અસલી બિસ્કિટ બદલીને બોગસ બિસ્કિટ મૂકી દેવાયા હતા.

# સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર – ગાંધીનગર ખાતે વેધર વૉચ ગ્રુપની બેઠક યોજાઈ

## ડેમની વર્તમાન સપાટી પર સતત નિરીક્ષણથી લઈને વીજ પુનઃસ્થાપન સહિતીની કામગીરી માટે સ્ટેટ કંટ્રોલ રૂમ કાર્યરત

ગાંધીનગર,

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં આગામી દિવસોમાં વરસાદની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (જીઈઓ), ગાંધીનગર ખાતે રાહત કમિશનર શ્રી ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને 'વેધર વૉચ ગ્રુપ'ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચોમાસા દરમિયાન વરસાદી પરિસ્થિતિ સામે નાગરિકોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન માટેની વહીવટી તંત્રની પૂર્વતૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં રાહત કમિશનર શ્રી ગૌરાંગ મકવાણાએ તમામ સંબંધિત વિભાગો પાસેથી માહિતી મેળવીને આ વિભાગોને પરસ્પર સુદ્રઢ સંકલન જાળવવા અનુરોધ કર્યો હતો. તેમણે કોઈપણ કટોકટી વખતે સ્ટેટ કંટ્રોલ રૂમને તરત જાણ કરવા સૂચના આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, હવામાન વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલા સેટેલાઈટ ઈમેજરી અને અદ્યતન પૂર્વાનુમાનના આધારે રાજ્યમાં દક્ષિણ ગુજરાત સહિત જ્યાં પણ ભારે વરસાદની શક્યતા છે, તેવા તમામ વિસ્તારો પર કંટ્રોલ રૂમ દ્વારા ૨૪ કલાક સતત નજર રાખવામાં આવી રહી છે. રાહત અને બચાવ કામગીરી સંદર્ભે પૂર્વતૈયારીની વિગતો આપતા તેમણે કહ્યું કે, આપાતકાલીન સ્થિતિમાં બચાવ અને રાહત કામગીરી ઝડપથી થઈ શકે તે માટે દ્ગડ્ઢઇહ્લ અને જીડ્ઢઇહ્લની ટુકડીઓને જરૂરી તમામ સાધન-સામગ્રી સાથે સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરી દેવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન અને અરબી સમુદ્રમાં સર્જાયેલી હવામાન સિસ્ટમના કારણે આગામી સાત દિવસ દરમિયાન હળવાથી મધ્યમ અને કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વ્યાપક વરસાદની આગાહી કરવામાં આવી છે.

# નવસારીમાં ૨૪ કલાકમાં ૮ ઈંચ વરસાદથી ભાટ ગામ બેટમાં ફેરવાયું : નજર પડે ત્યાં પાણી જ પાણી

## ૨૦૦થી વધુ ઘરોમાં વરસાદી પાણી ઘૂસી ગયા,ગામના અનેક વિસ્તારો જળબંબાકાર બન્યા

નવસારી,

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. હવામાન વિભાગ દ્વારા નવસારી સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રેડ એલર્ટ વચ્ચે નવસારી જિલ્લામાં સતત ધોધમાર વરસાદને કારણે ગણદેવી તાલુકાના ભાટ ગામમાં પૂર જેવી સ્થિતિ સર્જાવા લાગી છે. ભાટ ગામ શ્રી રામ ફળિયું તેમજ જાગૃતિ ફળિયાના ૨૦૦થી વધુ ઘરોમાં વરસાદી પાણી ઘૂસી ગયા છે અને ગામના અનેક વિસ્તારો જળબંબાકાર બન્યા છે. નવસારી જિલ્લામાં છેલ્લા કેટલાક કલાકોથી



સતત ભારે વરસાદ વરસી રહ્યો છે. ઉપરવાસમાં પણ ભારે વરસાદને કારણે નદી-નાળાઓમાં પાણીની આવક વધી રહી છે. હવામાન વિભાગે સમગ્ર દક્ષિણ ગુજરાત માટે રેડ એલર્ટ જાહેર કરતાં સ્થાનિક તંત્ર પણ એલર્ટ મોડમાં આવી ગયું છે. જ્યારે બીજી બાજુ હવે માનવસર્જિત સમસ્યા લોકોને પાણીમાં ડુબાડી રહી છે. જેની પાછળનું મુખ્ય કારણ આ વિસ્તારના ગેરકાયદેસર ઝીંગાના તળાવના પાળો છે. ગણદેવી તાલુકાના ભાટ ગામમાં ભારે વરસાદના કારણે સ્થિતિ અત્યંત ગંભીર બની છે. ગામના ૨૦૦થી વધુ ઘરોમાં વરસાદી પાણી પ્રવેશી ચૂક્યું છે અનેક પરિવારોને ઘરનો સામાન સુરક્ષિત સ્થળે ખસેડવાની ફરજ પડી છે. ઘરોમાં પાણી ભરાતા સામાન્ય જનજીવન સંપૂર્ણપણે પ્રભાવિત થયું છે. ગામના મુખ્ય રસ્તાઓ સહિત અનેક ફળિયાઓમાં પાણી ફરી વળતાં લોકોને ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે અને તંત્ર ઘોર નિંદ્રામાં છે.

સૌરાષ્ટ્ર આસપાસ

# રાજકોટના જન્માષ્ટમીના લોકમેળાના નામકરણ પ્રસ્તાવને અભૂતપૂર્વ પ્રતિસાદ

## ૪૦૦૦ જેટલા સૂચનો આવ્યા,લોકમેળાનું આકર્ષક નામ સૂચવવા સ્પર્ધાનો આજે છેલ્લો દિવસ

રાજકોટઃ

જન્માષ્ટમીના પાવન પર્વે રાજકોટ લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા યોજાતો રાજકોટનો લોકમેળો જગપ્રસિદ્ધ છે. સમિતિ દ્વારા રેસકોર્સના મેદાનમાં આગામી તા. ૦૨થી ૦૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન પરંપરાગત લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોકમેળાને આકર્ષક નામ આપવાની પ્રથાને અનુસરતા આ વર્ષે પણ નગરજનો પાસેથી લોકમેળાનાં નામકરણ માટે ગત તા. ૬ જુલાઈથી તા. ૨૨ જુલાઈ દરમ્યાન આકર્ષક શીર્ષકો મંગાવવામાં આવ્યા છે.



જન્માષ્ટમીના લોકમેળાના નામકરણ પ્રસ્તાવને અભૂતપૂર્વ પ્રતિસાદ મળતા આજરોજ તા. ૨૧ જુલાઈના રોજ સાંજ સુધીમાં ૪૦૦૦ જેટલી એન્ટ્રી આવી ચુકી છે. નામ સૂચન માટે આજે અંતિમ દિવસ હોય આ સ્પર્ધામાં જોડાવા ઈચ્છુક નગરજનો માટે છેલ્લી તક છે.

રાજકોટના લોકમેળા માટે તેમનું સૂચિત નામ અહીં આપેલ ગૂગલફોર્મલિંક - https://froms.gle/baqQAMDrrHhsN2p6A અથવા આપેલ ક્યુઆર કોડ સ્કેન કરીને વિગતો ભરીને આપવાનું રહેશે. આ લિંક પ્રાદેશિક માહિતી કચેરી -રાજકોટનાં અધિકૃત ફેસબુક પેજ Info Rajkot GoG , ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ infroajkotgog અનેએક્સ એકાઉન્ટ Info Rajkot GoG પરથી પણ મેળવી શકાશે.

લોકમેળા નામકરણ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક નાગરિકે તેમના દ્વારા અપાતું સૂચન ટૂંકું, આકર્ષક, શિષ્ટ, મનોગમ્ય તથા સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિ, રહેણી-કરણી, લોકજીવનને અનુરૂપ હોવું જોઈએ. દરેક સ્પર્ધક એક જ શીર્ષક સૂચવી શકશે.

ગુગલ ફોર્મમાં લોકમેળાના ફક્ત એક નામ સાથે પોતાનું નામ, પૂરું સરનામું, મોબાઈલ નંબર ખાસ લખવાના રહેશે. તા. ૨૨ જુલાઈની સમય મર્યાદા બાદ આવેલા નામો પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહી. પ્રાપ્ત થયેલી એન્ટ્રીઓમાંથી લોકમેળા સમિતિ દ્વારા આખરી શીર્ષક પસંદ કરવામાં આવશે. લોકમેળાના નામની પસંદગી બાબતે લોકમેળા સમિતિનો નિર્ણય આખરી ગણાશે. મેળાનાં નામ તરીકે પસંદગી પામેલ શીર્ષક આપનાર વિજેતા સ્પર્ધકને યોગ્ય પુરસ્કારથી નવાજવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વહીવટી તંત્ર દ્વારા લોકમેળા - ૨૦૨૬ ની તૈયારીઓનો ધમધમાટ થઇ ચુક્યો છે. લોકમેળાના ફોર્મનું વિતરણ શરુ થઇ ચુક્યું છે.

# ફૂડ શાખા દ્વારા ચેકીંગ ડ્રાઈવ:બોગસ નામે ચાલતું મમરા - પોહાનું કારખાનુ પકડાયું : ઉંદર - જીવાત દોડતા હતા!

## મારવાડી બિલ્ડીંગ સામેના હાઉસ ઓફ સ્નેકસ, માધાપરની આર.બી.ફૂડ પ્રોડકટ, જય અંબે વેફર, પ્રહલાદ પ્લોટ, મવડી, ગોંડલ રોડ, કોઠારીયા સહિત વધુ ૧૧ પેઢીને સીલ મારી દેવાયા




રાજકોટઃ

મ્યુનિ. કોર્પોરેશનની આરોગ્ય અને ફૂડ શાખા દ્વારા ચાલતી ચેકીંગ ડ્રાઈવ દરમ્યાન છેલ્લા દિવસોમાં વધુ ૬૪ પેઢી અને રેસ્ટોરન્ટનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. જેમાં અધધ ૪૭૬ કિલો વાસી ફૂડ મળી આવતા ગંદી હાલત, દુકાનમાં જીવાત, મમરા-પોહાના યુનિટમાં ઉંદરના ઉપદ્રવ સહિતની હાલત બદલ કુલ ૧૧ પેઢીને સીલ મારી દેવામાં આવ્યા છે. તો બોગસ નામ-સરનામાથી પેકીંગ કરીને ફૂડનું વેંચાણ કરાતું હોવાનું પણ બહાર આવ્યું હતું.

૧૫૦ ફુટ રીંગ રોડના અંકુર રોડના છેડે કૃષ્ણ વિદ્યાલય પાસે આવેલ 'શ્રી જલારામ ટ્રેડર્સ' પેઢીને સીલ કરવામાં આવી છે. આ પેઢીમાં મમરા તથા પોહા પ્રોસેસ કરવાનું ફૂડ લાઈસન્સ મેળવેલ ન હોય, સંગ્રહ અને પ્રોસેસિંગ સ્થળ પર બિનઆરોગ્યપ્રદ સ્થિતિ જોવા મળી હતી. જગ્યા પર ભંગાર, ન્યૂસન્સ, જાળાં તથા ઉંદર અને જીવાતનો ઉપદ્રવ જોવા મળ્યો હતો. ઉપરાંત અલગ-અલગ નામથી અસ્તિત્વમાં ન હોય તેવી 'જલારામ પેકેજિંગ' પંચવટી સોસાયટી, ગોંડલ ખાતે દર્શાવેલ પેઢીના નામથી 'નટરાજ' તથા 'પ્રિન્સ' બ્રાન્ડના પેકિંગ પર પ્રિન્ટ કરી વેચાણ કરાતું હોવાનું ખુલતા પેઢીને રૂ.૧૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરી નોટિસ આપવામાં આવી છે.

નાના મવા રોડ, મારવાડી બિલ્ડીગની સામે, સિલ્વર હાઈટસ પાસે આવેલ હાઉસ ઓફ સ્નેકસના કિચનમાં ડિપફ્રીઝ, પ્લેટફોર્મ અને સ્ટોરેજમાં ગંદકી હોવાથી ૪૦ કિલો માલનો નાશ કરીને રૂા.પાંચ હજારનો દંડ લેવાયો હતો. માધાપર ગામ, ઈશ્વરીયા મેઈન રોડમાં આર.બી.ફૂડ પ્રોડકટમાંથી પ્રતિબંધિત સિન્થેટીક કલર, સડેલા અને પડતર કાપેલા પપૈયા મળતા ૯૦ કિલો માલનો નાશ કરીને સીલ મારી ૧૦ હજારનો દંડ કરવા સાથે ટોમેટો સોસનો નમુનો પણ લેવાયો હતો. ભુપેન્દ્ર રોડ, બાલાજી મંદિર ચોક પાસે આવેલ જય અંબે લાઈવ વેફર્સ પેઢીમાં રસ્તા પર દાઝયા તેલમાં વેફરનું ઉત્પાદન, દુકાનમાં જીવાતના ઉપદ્રવ, પસ્તીના ઉપયોગ બદલ રૂા.ત્રણ હજારનો દંડ કરીને સીલ મારવામાં આવ્યા હતા.

પ્રહલાદ પ્લોટ-૨૭માં સદગુરૂ ફરસાણ નમકીન એન્ડ સ્વીટસમાંથી દાઝયું તેલ, પસ્તી સહિત ૧૮ કિલો માલનો નાશ, મવડી બાયપાસ રીયલ પ્રાઈમ સામે પટેલ ચાઈનીઝ ભેળમાંથી ૨૭ કિલો માલનો નાશ, ગોંડલ રોડ, મકકમ ચોકમાં આવેલ ઈન્ડિયા રેસ્ટોરન્ટમાંથી નોનવેજ સહિત ૧૪ કિલો ફૂડ, મવડી બાયપાસ વગડ ચોક પાસે શ્રીજી ફૂડ ઝોનમાંથી વાસી પીઝાબેઝ, બર્ગર, હોટડોગના બન, પાઉ સહિત ૨૪ કિલો અખાદ્ય ખોરાક, મવડી-પાળ રોડ પર સોનલ સીઝન સ્ટોર એન્ડ પંજાબીમાંથી ૨૬ કિલો વાસી ખોરાક, કોઠારીયા હાઉસીંગ શેરી નં.૧૦ના ખુણે શિવશંકર રેસ્ટોરન્ટમાંથી ૨૩ કિલો વાસી માલ, લક્ષ્મીનગર શેરી નં.૮માં આવેલ મહાદેવ પેંડામાંથી ૩૦ કિલો વાસી મીઠા માવાનો નાશ કરી તમામ જગ્યાએથી દંડ લઈને કુલ ૧૧ પેઢી સીલ કરવામાં આવી હતી. કરણપરા શેરી નં.૮, બસ સ્ટેન્ડ પાછળની ઠાકોરજી હોટલ એન્ડ રેસ્ટોરન્ટમાંથી ફ્રીઝમાંથી વાસી મન્ચુરીયન, નુડલ્સ ગંદી હાલતમાં જોવા મળતા ૭૫ કિલો માલનો નાશ કરવામાં આવ્યો હતો. મિલપરા રોડ ઉપર કંદોઇ હરીલાલ દેવજી એન્ડ સન્સને ત્યાં મીઠાઇ પર ટેગીંગ ન હોવા સાથે ૨૦ કિલો વાસી ફરસાણ અને તેલનો નાશ કરાયો હતો.

વીરસાવરકર મેઈન રોડના મહાદેવ ફરસાણમાંથી ૨૪ કિલો, રેલનગર મેઈન રોડ પરના શ્રી રામ સ્વીટ માર્ટમાંથી ત્રણ કિલો, શિવાલય ચોક, નિલકંઠ ડેરી ફાર્મમાંથી છ કિલો, રેલનગર મેઈન રોડ જય સોમનાથ ખમણ હાઉસ, નંદકિશોર હોટલ, કરણપરા-૬ના બચુભાઈ થાબડીવાળાને ત્યાંથી ૧૦ કિલો પસ્તી, કરણપરા પોસ્ટ ઓફિસ સામે ઠા. કેશવલાલ માધવજી એન્ડ સન્સમાંથી ૪ કિલો વાસી બ્રેડનો નાશ કરાયો હતો.નંદા હોલ પાસે કૈલાસ સ્વીટસ માર્ટમાંથી આઠ કિલો બાંધેલો લોટ, મવડી માર્કેટ પાસે શ્રીજી ફરસાણ એન્ડ ખમણમાંથી ૧૨ કિલો વાસી ફરસાણનો નાશ કરવામાં આવ્યો હતો.

# નેતાઓના નામની તકતીની જેમ ડામર રોડ ઉપર કોન્ટ્રાકટરના નામ પણ ખડકો : જનરલ બોર્ડમાં પડઘો

## માર્ગ ઉપર એજન્સીના નામ-મોબાઈલ નંબર લખવા મહિલા કોર્પોરેટરે માંગણી કરતા અધિકારીઓએ કહ્યું 'વિચારીશું!'

રાજકોટઃ

મ્યુનિ. કોર્પોરેશનના ગઈકાલે મળેલા જનરલ બોર્ડમાં કોર્પોરેટરોએ મુકેલા તમામ પ્રશ્નોની ચર્ચા થઇ હતી. તેમાં વર્ષોથી રાજકોટમાં કાયમ ચર્ચામાં રહેતા અને ભાંગીને ભૂકકો થતા રહેતા ડામર રોડના કામોને લગતી મહત્વની ચર્ચા સામે આવી હતી જેમાં મહિલા કોર્પોરેટરે રોડ બનાવતા કોન્ટ્રાકટરોના નામ-મોબાઈલ નંબર જનતા જોઇ શકે તે રીતે મુકવાની વર્ષો જુની લોકોની લાગણીનો પડઘો પાડયો હતો.

મહાપાલિકામાં શાસક પક્ષના પદાધિકારીઓ અને કોર્પોરેટરો સામાન્ય કામથી માંડી પ્રોજેકટના લોકાર્પણ કરે ત્યારે પોતાના નામની કાયમી રહે તેવી તકતી લગાવે છે. પરંતુ કરોડોના કામ કરતા કોન્ટ્રાકટરોની કામની ગુણવત્તા અને બેદરકારી કયારેય ઉજાગર થતા નથી. ખાસ કરીને લાખો લોકો રોજ પસાર થાય છે તે પ્રજાના ટેકસના પૈસામાંથી જ બનેલા રોડ કોણે બનાવ્યા અને કોની બેદરકારીથી રૂપિયાનો ધુમાડો થયો તે કોઇ દિવસ માલુમ પડતું નથી. ડામર રોડના નમુનામાં કેટલી ગુણવત્તા હોય છે તે પણ કયારેય જાહેર થતું નથી. આ સહિતની લાગણીનો પડઘો ભાજપના સભ્યએ પાડયો હતો.

વોર્ડ નં.૯ના જાનકીબેન કાટોડિયાએ શહેરમાં દર વર્ષે બનતા નવા રસ્તાઓ, તેના પાછળ થતા ખર્ચ અને રોડ બનાવનાર એજન્સીની જવાબદારી અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. સાથે જ તેમણે નવા રસ્તાઓ પર કામગીરી કરનાર એજન્સીનું નામ, ગેરંટી સમયગાળો તેમજ સંપર્ક નંબર દર્શાવતું બોર્ડ મૂકવાની માંગ પણ કરી હતી. આ અંગે તંત્રે જવાબ આપતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન અંદાજે રૂ. ૨૨૮ કરોડના નવા રસ્તાઓ, રી-કાર્પેટિંગ અને રોડ અપગ્રેડેશનના કામો તેમજ રૂ. ૨૭.૭૪ કરોડના રોડ પેચવર્કના કામો હાથ ધરવામાં આવ્યા છે. એટલે કે ૨૮ કરોડ જેટલો ખર્ચ તો ખાડા રીપેરીંગમાં જાય છે.

રસ્તા કામોની જવાબદારી અને વ્યવસ્થા અંગે ઈજનેરે જવાબ આપ્યો હતો કે, રોડના તમામ કામોમાં કોન્ટ્રાકટરની પાંચ વર્ષની ડિફેક્ટ લાયબિલિટી (ગેરંટી પીરિયડ) નક્કી કરવામાં આવે છે.

આ સમયગાળા દરમિયાન રોડમાં કોઈ પણ પ્રકારની ખામી જણાય તો એજન્સી પાસેથી કરારની શરતો મુજબ જરૂરી તેના ખર્ચે રીપેરીંગ કરવામાં આવે છે. રસ્તા પર એજન્સીનું નામ, ગેરંટી સમયગાળો અને સંપર્ક નંબર દર્શાવતું બોર્ડ મૂકવાના સભ્યના સૂચન અંગે નિયમો, વહીવટી વ્યવસ્થા અને વ્યવહારૂ શક્યતાઓને ધ્યાનમાં રાખી યોગ્ય સ્તરે વિચારણા કરીને નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે તેમ હાલ કહેવાયું છે.

કોર્પોરેટરે બે વર્ષનો ખર્ચનો હિસાબ માંગ્યો હતો. આ તમામ રોડ ઉપર જાહેર જનતા જોઇ શકે તે રીતે કોન્ટ્રાકટર એજન્સીનું નામ અને મોબાઇલ નંબર અધિકારી-કોર્પોરેટર, જનતાને ધ્યાનમાં રહે તે રીતે મુકવા સૂચન કર્યુ છે. વર્ષે અઢીસો કરોડથી વધુનો ખર્ચ ડામર રોડ પાછળ થાય છે. ગત વર્ષે સૌથી વધુ નવા રોડ અને ડામર કામનો રેકોર્ડ મનપાએ કર્યો છે.

પરંતુ કયા રોડ પર થયેલા નુકસાન માટે કઇ એજન્સી જવાબદાર છે તે લોકો જાણી શકતા નથી. કારણ કે જો એજન્સીની જવાબદારી ન હોય તો અધિકારીની જવાબદારી આવી શકે છે. આથી બંને પાર્ટી માત્ર ઢાંકપીછોડા કરતી હોય અને દર વર્ષે ખાડા પડે તેની રાહ જોતી હોય એવી હાલત છે. છતાં જો મનપાના શાસકોમાં નૈતિક હિંમત હોય તો પોતાના જ પક્ષના કોર્પોરેટરે કરેલા સૂચન મુજબ જે તે રોડ પર સાઇન બોર્ડની જેમ જ કોન્ટ્રાકટર કંપનીનું નામ મુકવું જોઇએ તેવું અન્ય કોર્પોરેટરો પણ કહેતા હતા.

# વિરપુરમાં સ્વ. વેલજીભાઈ સરવૈયા પ્રવેશદ્વારનું ગુરૂવારે ધારાસભ્ય જયેશ રાદડિયાના હસ્તે થશે ભૂમિપૂજન

વિરપુરઃ

રાજકોટ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ વિરપુર ખાતે ખાંટ રાજપૂત સમાજના અગ્રણી અને સૌરાષ્ટ્ર ભાજપના દિવંગત નેતા સ્વ. વેલજીભાઈ સરવૈયાની સ્મૃતિને કાયમી જાળવી રાખવાના હેતુથી એક ભવ્ય "સ્વ. વેલજીભાઈ સરવૈયા પ્રવેશદ્વાર" (ગેઈટ) બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવેશદ્વારનું ખાતમુહૂર્ત આવતીકાલે તા. ૨૩/૦૭/૨૦૨૬ ને ગુરૂવારે સવારે ૯:૩૦ કલાકે જેતપુરના ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાના વરદ્ હસ્તે યોજાશે.



સ્વ. વેલજીભાઈ સરવૈયાની અણધારી વિદાયને સાડા ત્રણ વર્ષ જેટલો સમય વિતી ગયો હોવા છતાં, જેતપુર તાલુકામાં તેમણે કરેલાં લોકસેવાના કાર્યોની સુવાસ આજે પણ પ્રસરેલી છે. તેમની સ્મૃતિ કાયમી રહે તે માટે સરવૈયા પરિવાર દ્વારા 'સ્વ. વેલજીભાઈ સરવૈયા મેમોરીયલ ટ્રસ્ટ'ની સ્થાપના કરવામાં આવી છે, જે હેઠળ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે.ગુજરાત સરકાર દ્વારા ગત વર્ષે મંજૂર કરાયેલા આ પ્રવેશદ્વારનું નિર્માણ જેતપુર રોડ, તોરણ હોટલ સામે કરવામાં આવશે.

આ પ્રસંગે ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા ઉપરાંત ગોરધનભાઈ ધામેલીયા, જનકભાઈ ડોબરીયા, દિનેશભાઈ વઘાસીયા, જિલ્લા પંચાયત સદસ્ય દિપકભાઈ ગાજીપરા, તાલુકા પંચાયત સદસ્ય રમેશભાઈ કોઠારી, વિરપુર ગ્રામ પંચાયત સરપંચ રમેશભાઈ સરવૈયા, તાલુકા ભાજપના નવનિયુક્ત પ્રમુખ રસીકભાઈ સખીયા, નરેશભાઈ ડોબરીયા, કોળી જ્ઞાતિના પ્રમુખ કેશુભાઈ મેર, ગાયત્રી મુક્તિ ધામ ટ્રસ્ટના અનિલભાઈ વઘાસીયા તેમજ ક્ષત્રિય ખાંટ રાજપૂત સમાજ અગ્રણીઓ ,આગેવાનો તેમજ સર્વ સમાજના આગેવાનો તથા ગ્રામ પંચાયતના સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે.

# રાજકોટ શહેર-ગ્રામ્યમાં 'કલા મહાકુંભ: ૨૦૨૬-૨૭' માટે નોંધણી શરૂ

## અરજી કરવાની છેલ્લી તારીખ ૫ ઓગસ્ટ, બપોરે ૧૨ વાગ્યા સુધી

રાજકોટ:ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ દ્વારા 'કલા મહાકુંભ : ૨૦૨૬-૨૭'નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારના પ્રતિભાશાળી કલાકારો તથા કલાવૃંદોમાં ભાગ લઈ શકે છે.કલા મહાકુંભમાં ચાર વયજૂથ મુજબ સ્પર્ધાઓ યોજાશે. જેમાં (૧) ૬ થી ૧૪ વર્ષ, (૨) ૧૫થી ૨૦વર્ષ, (૩) ૨૧ થી ૫૯ વર્ષ અને (૪) ૬૦ વર્ષથી ઉપરના સ્પર્ધકો ભાગ લઈ શકશે. સ્પર્ધાઓ તાલુકા/ઝોન કક્ષાથી શરૂ થઈ જિલ્લા, પ્રદેશ અને રાજ્ય કક્ષા સુધી તબક્કાવાર યોજાશે.

આ વર્ષે કલા મહાકુંભમાં કુલ ૩૭ વિવિધ કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં વક્તૃત્વ, નિબંધ લેખન, કાવ્ય લેખન, ગઝલ-શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ, ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી, લોકનૃત્ય, રાસ, ગરબા, ભરતનાટ્યમ, કથ્થક, કુચિપુડી, ઓડેસી, મોહિનીઅટ્ટમ, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની), સુગમ સંગીત, લગ્નગીત, સમૂહગીત, લોકગીત/ભજન, હાર્મોનિયમ (હળવું), તબલા, ઓર્ગન, સ્કૂલ બેન્ડ, વાંસળી, સિતાર, ગિટાર, સરોદ, સારંગી, પખવાજ, વાયોલીન, મૃદંગમ, રાવણહથ્થો, જોડિયા પાવા, એકપાત્રીય અભિનય અને ભવાઈ જેવી કલાઓનો સમાવેશ થાય છે. સ્પર્ધક પોતાની પસંદગીની કોઈપણ એક કૃતિમાં ભાગ લઈ શકશે.

કલા મહાકુંભમાં ભાગ લેવા ઈચ્છુક રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારના સ્પર્ધકોએ નિયત નમૂનાના અરજીપત્રકમાં જરૂરી વિગતો ભરી, તેની સાથે આધારકાર્ડ તથા બેંક પાસબુકના પ્રથમ પાનાની નકલ જોડવાની રહેશે. વિગતો ભરેલુ અરજીપત્રક "પ્રતિ, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, રાજકોટ ગ્રામ્ય, ૫/૫, બહુમાળી ભવન, રેસકોર્સ રોડ, રાજકોટ" સરનામે તા. ૦૫-૦૮-૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં રૂબરૂ અથવા ટપાલ મારફતે પહોંચાડવાનું રહેશે.

નિયત સમયમર્યાદા બાદ પ્રાપ્ત થતી અરજીઓ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં. તેથી રસ ધરાવતા સ્પર્ધકો અને કલાવૃંદોએ સમયમર્યાદામાં અરજી કરીને આ સાંસ્કૃતિક મહોત્સવમાં ભાગ લેવા રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી એચ. વી. દિહોરાની યાદીમાં જણાવાયું છે.

# રોમાંચ સાથે ફિટનેસ માટે હોર્સ રાઈડિંગનો ક્રેઝ: રાજકોટ પોલીસની રાઈડિંગ ક્લબમાં અશ્વસવારી શીખવા ધસારો

## હોર્સ રાઈડિંગ લવર્સના ભારે ઉત્સાહથી બેઝિક અને એડવાન્સ કોર્સ માટે શીખવા માટે વેઈટિંગ" અશ્વસવારીથી સાહસ, આત્મવિશ્વાસ જેવા ગુણોના વિકાસ સાથે, મેદસ્વિતામુક્તિ, સ્વાસ્થ્યના અઢળક ફાયદા

રાજકોટ:સવાર પડે એટલે અનેક ફિટનેસ-લવર્સ જીમ, ગાર્ડન કે ગ્રાઉન્ડમાં પહોંચી જાય, પરંતુ રાજકોટમાં કેટલાક ફિટનેસ પ્રેમીઓ એવા છે, જેમનો સૂર્યોદય 'ઘોડા' પર થાય છે. આ લોકો સૂર્ય ઉગે તે પહેલાં જ રાજકોટમાં સ્વ. આર.ડી. ઝાલા હોર્સ રાઈડિંગ ક્લબ (પોલીસ હોર્સ રાઈડિંગ સ્કૂલ)માં પહોંચી જાય અને ઘોડેસવારી શરૂ કરી દે છે. જ્યારે સૂર્ય પૂર્વાકાશમાંથી ઊગી આવે ત્યાં સુધીમાં તો તેઓનું રાઈડિંગ અડધું પૂર્ણ પણ થઈ ગયું હોય છે.

રાજકોટ રેન્જ આઈ.જી. શ્રી નિર્લિપ્ત રાય, જિલ્લા પોલીસ વડા શ્રી વિજયસિંહ ગુર્જર તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી વી. જે. વ્યાસના માર્ગદર્શનમાં, રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા પોપટપરામાં સ્વ. આર.ડી. ઝાલા હોર્સ રાઈડિંગ ક્લબ તેમજ ગુજરાત અશ્વ તાલીમ શાળાનું સુચારું સંચાલન કરવામાં આવે છે. અહીં ચાલતી હોર્સ રાઈડિંગ સ્કૂલમાં ઘોડેસવારી શીખવા યુવાનોમાં ભારે ક્રેઝ જોવા મળે છે.

યુનિટના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી યુવરાજસિંહ સરવૈયા જણાવે છે કે, નાગરિકો માટે અહીં બેઝિક અને એડવાન્સ એમ બે પ્રકારના કોર્સ છે. પહેલા ત્રણ માસ બેઝિક તાલીમ લીધા પછી ત્રણ માસના એડવાન્સ કોર્સમાં જઈ શકાય છે. બેઝિક તાલીમમાં ઘોડા પાસે જવાથી લઈને તેના પર સવારી કરવા સુધીની તાલીમ ત્રણ માસ માટે આપવામાં આવે છે, જ્યારે એડવાન્સ કોર્સમાં વોકિંગ, ટ્રોટિંગ, કેન્ટરિંગ વગેરે તાલીમ આપવામાં આવે છે.

એક બેચમાં સરેરાશ ૩૦થી ૪૦ લોકો હોય છે. જેમાંથી ૫૦ ટકા તો યંગસ્ટર્સ હોય છે. ૧૪ વર્ષ તથા તેનાથી મોટી વયની કોઈપણ સ્વસ્થ વ્યક્તિ અશ્વસવારી શીખવા માટે અરજી કરી શકે છે. ક્રેઝ એવો છે કે, નવી બેચ શરૂ થાય ત્યારે તુરંત ફુલ થઈ જાય છે. તમામને તક મળે તે માટે અહીં વેઈટિંગ રજિસ્ટર નિભાવવામાં આવે છે. હાલમાં જુલાઈ માસમાં નવી બેચ શરૂ થઈ છે અને હાલ ૧૧૦નું વેઈટિંગ છે. રાજકોટના ડોક્ટર્સ, ઉદ્યોગપતિઓ, બિઝનેસમેન્સ બધી શ્રેણીના લોકો હોર્સ રાઈડિંગ શીખવા આવે છે.

નોંધનીય છે કે, અશ્વ એ માત્ર પ્રાણી નથી, પણ માનવીનો ઉમદા મિત્ર, સ્ટેટ્સ સિમ્બોલ, શક્તિનું પ્રતીક છે. અશ્વસવારીનો રોમાંચ અનોખો હોય છે. તેનાથી વ્યક્તિમાં સાહસ, આત્મવિશ્વાસનો ગુણ વિકસે છે. આ સાથે મેદસ્વિતામુક્તિ અને ફિટનેસના અનેક ફાયદાઓ છે.

એક સામાન્ય અંદાજ મુજબ, ૬૫થી ૭૦ કિલોગ્રામ વજન ધરાવતી વ્યક્તિ જો ૩૦ મિનિટ ઘોડેસવારી કરે, તો અંદાજે ૧૫૦થી ૩૦૦ કેલેરી બર્ન થઈ શકે છે. ઘોડાની ચાલ પ્રમાણે વધુ કેલેરી પણ બર્ન થતી હોય છે. ૩૦ મિનિટ સામાન્ય ચાલમાં ૧૨૦-૧૫૦ કેલેરી, ટ્રોટિંગ (મધ્યમ ગતિ) ચાલમાં ૨૦૦-૨૪૦ કેલેરી, ગૅલપિંગ અથવા તો કેન્ટરિંગ (ઝડપી દોડ)માં ૨૭૦-૩૫૦થી વધુ કેલેરી બર્ન થતી હોય છે.

ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસ ("Health Benefits of Hroseback Riding") માં જાણવા મળ્યું છે કે



ઘોડેસવારી ઉત્તમ કાર્ડિયોવાસ્ક્યુલર કસરત છે. ૩૦ મિનિટની સક્રિય સવારી એટલી જ ઊર્જા વાપરે છે જેટલી ૩૦ મિનિટ સુધી મધ્યમ ગતિએ દોડવાથી કે સાઈકલ ચલાવવાથી બર્ન થાય છે.

ઘોડેસવારી કરતી વખતે સંતુલન જાળવવા આખા શરીરના સ્નાયુઓનો સતત ઉપયોગ કરવો પડે છે. ઘોડાની ગતિ સાથે તાલ મિલાવવા માટે પેટ અને લોઅર બેકના સ્નાયુઓ સતત સક્રિય રહે છે, જેનાથી પેટની ચરબી ઝડપથી ઘટે છે. ઘોડાને પકડી રાખવા અને ટ્રોટિંગ (મધ્યમ દોડ) વખતે સીટ પરથી સહેજ ઊંચા થવા માટે સાથળના અંદરના ભાગના સ્નાયુઓ પર ભારે દબાણ આવે છે. આનાથી લોઅર બોડી ટોન થાય છે.

ઘોડેસવારી દરમિયાન આઈસોમેટ્રિક સ્નાયુઓનું સંકોચન થાય છે. આ પ્રકારની કસરતથી શરીરમાં લીન મસલ માસ વધે છે, શરીરનો મેટાબોલિક રેટ (ચયાપચયની ક્રિયા) પણ ઊંચો જાય છે. પરિણામે, તમે કોઈપણ કસરત ન કરતા હો ત્યારે પણ તમારું શરીર વધુ કેલેરી બર્ન કરતું રહે છે.

ઘોડેસવારી ખુલ્લા મેદાનમાં અને પ્રકૃતિની વચ્ચે થાય છે. ઘોડા જેવા જીવંત પ્રાણી સાથેનો તાલમેલ મગજમાં એન્ડોર્ફિન (હેપ્પી હોર્મોન્સ) મુક્ત કરે છે, તણાવ ઘટાડે છે અને પરોક્ષ રીતે વજન નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

# રાજકોટમાં ચાંદીપુરાના ૬ શંકાસ્પદ કેસ, ૩ના રિપોર્ટ નેગેટિવ આવતા રાહત : ૩ની જોવાતી રાહ

રાજકોટ:રાજકોટમાં ચાંદીપુરાના ૬ શંકાસ્પદ કેસ નોંધાયા છે. જેમાંથી ૩ના રિપોર્ટ નેગેટિવ આવતા રાહત તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. ૩ બાળકોના રિપોર્ટ અંગે રાહ જોવાઈ રહી છે. હજુ સુધી એક પણ દર્દી ચાંદીપુરા પોઝિટિવ આવેલ નથી. રાજકોટ સિવિલની ઝનાના હોસ્પિટલમાં ૩ દર્દી દાખલ છે. જેના રિપોર્ટ આવવાના બાકી છે. ૧૦ બેડના સ્પેશ્યલ વોર્ડ સાથે પૂર્વ તૈયારી પણ તંત્રએ રાખી છે.

મળતી માહિતી અનુસાર, જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ફૂલવાડીએ જણાવ્યા મુજબ, જિલ્લામાં ૫ કેસ શંકાસ્પદ હતા. જેમાંથી ૩ના રિપોર્ટ નેગેટિવ આવી ગયા છે. બાકીના બેની રાહ જોવાઈ રહી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલની ઝનાના હોસ્પિટલના પેડીયાટ્રીક વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડોક્ટર આરતી મકવાણાએ જણાવ્યા મુજબ, કુલ છ બાળ દર્દીના સેમ્પલ ગાંધીનગર લેબમાં મોકલવામાં આવ્યા હતા.

જેમાંથી ૩ના રિપોર્ટ આવ્યા છે. જે નેગેટિવ છે. હાલ ૩ દાખલ દર્દીમાંથી ૧ બાળક ગોંડલ તાલુકાનું છે. એક બાળક મેટોડાનું છે અને એક બાળક માંગરોળ ખાતેથી રીફર થઈને રાજકોટ આવેલ છે. આ ત્રણ દર્દીના રિપોર્ટ આવવાના બાકી છે. જનાના હોસ્પિટલમાં બાળકોના વિભાગમાં કુલ ૨૫ આઈસીયુ બેડ છે. આ ઉપરાંત સઘન સારવાર માટે વેન્ટિનેટર સાથેના ૧૦ બેડ અમે અનામત રાખ્યા છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## વિદ્યાર્થીઓની વેદના સાંભળો, સંઘર્ષ નહીં સંવાદ અપનાવો

દેશનું ભવિષ્ય વિદ્યાર્થીઓના હાથમાં રહેલું છે. જો એ જ વિદ્યાર્થીઓ પોતાના હક્ક અને ન્યાય માટે રસ્તા પર ઉતરવા મજબૂર બને, તો તે માત્ર એક શિક્ષણ વ્યવસ્થાની નહીં, પરંતુ સમગ્ર લોકશાહી વ્યવસ્થાની ચિંતાનો વિષય બની જાય છે. નીટ પરીક્ષાના પેપર લીક અને અન્ય પરીક્ષાઓમાં સર્જાયેલી અનિયમિતતાઓએ લાખો વિદ્યાર્થીઓના સપનાઓને ઝંઝોડીને રાખી દીધાં છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓની વેદનાને સમજવી અને તેમના પ્રશ્નોનો સંવેદનશીલ ઉકેલ લાવવો સરકારની પ્રથમ જવાબદારી છે.એક વિદ્યાર્થી વર્ષો સુધી મહેનત કરે છે. પરિવાર પોતાની બચત ખર્ચે છે, માતા-પિતા અનેક ત્યાગ કરે છે અને વિદ્યાર્થી દિવસ-રાત એક કરીને સફળતાના સપના જુએ છે. પરંતુ જ્યારે પરીક્ષાનું પેપર લીક થાય છે, ત્યારે માત્ર એક પ્રશ્નપત્ર જ લીક થતો નથી, પરંતુ લાખો વિદ્યાર્થીઓનો વિશ્વાસ પણ તૂટી જાય છે. મહેનતુ વિદ્યાર્થીને લાગે છે કે તેની નિષ્ઠા કરતાં ગેરરીતિઓ વધુ શક્તિશાળી બની ગઈ છે.તાજેતરના સમયમાં માત્ર નીટ જ નહીં, પરંતુ વિવિધ ભરતી અને પ્રવેશ પરીક્ષાઓમાં પણ ગેરરીતિના સમાચાર સામે આવ્યા છે. પરિણામે યુવાનોમાં નિરાશા વધી છે. કેટલાક વિદ્યાર્થીઓ માનસિક તણાવમાં આવી ગયા છે, તો કેટલાકે જીવનથી પણ હાથ ધોઈ લીધા છે. આવી દુઃખદ ઘટનાઓ માત્ર આંકડા નથી, પરંતુ સમાજ માટે ગંભીર ચેતવણી છે. એક પણ વિદ્યાર્થી આત્મહત્યા કરે તે સમગ્ર વ્યવસ્થા માટે આત્મમંથનનો વિષય બનવો જોઈએ.આ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ અને તેમના સંગઠનો દ્વારા કરવામાં આવતું શાંતિપૂર્ણ આંદોલન લોકશાહીનો અભિન્ન ભાગ છે. બંધારણ દરેક નાગરિકને પોતાની વાત રજૂ કરવાનો અધિકાર આપે છે. જો વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ રીતે પોતાની માંગણીઓ રજૂ કરે છે, તો તેમની વાત ધીરજપૂર્વક સાંભળવી જોઈએ. બળપ્રયોગ કે કડક કાર્યવાહીથી સમસ્યાનો ઉકેલ આવતો નથી; તેનાથી અવિશ્વાસ વધુ ઊંડો બને છે.સરકારે પણ એ સમજવું જોઈએ કે આંદોલનનો હેતુ સરકારનો વિરોધ કરવાનો નથી, પરંતુ ન્યાય મેળવવાનો છે. જો માંગણીઓ વ્યાજબી હોય તો ખુલ્લા મનથી ચર્ચા કરીને તેનો ઉકેલ શોધવો એ પરિપક્વ લોકશાહીની ઓળખ છે. સરકાર અને વિદ્યાર્થીઓ વચ્ચે સંવાદનો પુલ મજબૂત બનવો જોઈએ. શિક્ષણ જેવી સંવેદનશીલ બાબતમાં ટકરાવ કરતાં વિશ્વાસ વધુ જરૂરી છે.સાથે જ, વિદ્યાર્થી સંગઠનોએ પણ શાંતિપૂર્ણ અને બંધારણીય માર્ગ જ અપનાવવો જોઈએ. જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવું કે સામાન્ય નાગરિકોને મુશ્કેલી પડે તેવો માર્ગ લોકશાહી આંદોલનની ભાવનાને નુકસાન પહોંચાડે છે. શાંતિપૂર્ણ અને તર્કસંગત રજૂઆત હંમેશાં વધુ અસરકારક સાબિત થાય છે.સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે આવી ઘટનાઓ ફરી ન બને તે માટે શું કરવું? માત્ર તપાસ સમિતિઓ બનાવવાથી કામ નહીં ચાલે. પરીક્ષા પ્રણાલીને સંપૂર્ણ ટેક્નોલોજી આધારિત અને સુરક્ષિત બનાવવી પડશે. પ્રશ્નપત્ર તૈયાર કરવાની પ્રક્રિયાથી લઈને પ્રિન્ટિંગ, પરિવહન અને પરીક્ષા કેન્દ્ર સુધી દરેક તબક્કે કડક સુરક્ષા વ્યવસ્થા હોવી જોઈએ. પેપર લીક કરનારા ગેંગ સામે ઝડપી તપાસ કરીને કડક સજા કરવામાં આવે, તેમની સંપત્તિ જપ્ત કરવામાં આવે અને ભવિષ્યમાં કોઈ પણ ગેરરીતિ કરવાની હિંમત ન કરે તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.શિક્ષણ માત્ર ડિગ્રી મેળવવાનું સાધન નથી; તે દેશના ભવિષ્યનું પાયાનું પથ્થર છે. જો વિદ્યાર્થીઓનો વિશ્વાસ ડગમગી જશે, તો દેશની પ્રતિભા પણ નિરાશ થઈ જશે. તેથી સરકારે પારદર્શિતા, જવાબદારી અને સમયબદ્ધ કાર્યવાહી દ્વારા વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો જોઈએ.

## અકવાડાના ખારાપાટમાં રણની અનોખી સફર



**ક્લિક કોર્નર** - અમૂલ પરમાર

અનંત આકાશ અને શાંત ખારોપાટ વિશાળ નીલા આકાશ નીચે રણની ક્ષિતિજ પર ઊંટોની આ સુંદર હારમાળા મનને મોહી લે તેવી છે. એકતા અને ધીરજનું પ્રતીક એકબીજાની પાછળ લાઈનબદ્ધ ચાલતા આ ઊંટો અકવાડાના આ ખારાપાટ વિસ્તારમાં મુશ્કેલ જીવનમાં પણ અવિરત આગળ વધવાની પ્રેરણા આપે છે.કુદરતનું અદભુત દ્રશ્ય શાંત વાતાવરણના ઓથાર વચ્ચે કુદરતની આ સુંદરતા આંખોને અસીમ શાંતિ આપે છે.

# તન અને મનની તંદુરસ્તી માટે અપનાવો મિલેટ આહાર

## જુવાર, બાજરા, રાગી, સામા, કાંગની, ચીના, કોડો, કુટકી, કુત્તુ - સ્વાસ્થ્યવર્ધક મિલેટ

**જાણવા જેવું** - મિત્તલ ખેતાણી

મિલેટ એટલે જુવાર, બાજરા, રાગી, સામા, કાંગની, ચીના, કોડો, કુટકી, કુત્તુ. એ નાના-બીજવાળા ઘાસનો અત્યંત વૈવિધ્યસભર સમૂહ છે, જે સમગ્ર વિશ્વમાં ધાન્ય પાકો અને પશુ ચારા માટે ઉપયોગમાં આવે છે.

એશિયા અને આફ્રિકા (ખાસ કરીને દક્ષિણ ભારત, માલી, નાઈજીરિયામાં) જેવા અર્ધ-ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાં બાજરી મહત્વનો પાક છે. આ પાક તેની ઉત્પાદકતા અને શુષ્ક, ઉચ્ચ-તાપમાનની સ્થિતિમાં અનુકૂળ છે. મિલેટનાં ઘણા પ્રકાર છે. મિલેટનાં સમૂહને બાજરી તરીકે પણ ઓળખાય છે. ઘઉં અને ચોખા સૌથી વધુ લોકપ્રિય અનાજમાં હોઈ શકે છે, પરંતુ બાજરી આજે ઉપલબ્ધ અનાજમાં સૌથી આરોગ્યપ્રદ છે. બાજરી એ કુદરતી રીતે ધાન્યનાં લોટમાં રહેલ નત્રિલ દ્રવ્યથી મુક્ત છે અને મોટાભાગની વાનગીઓમાં ચોખા અને ઘઉંનો ઉત્તમ વિકલ્પ છે. મોટાભાગનાં પ્રદેશોમાં બાજરી તેમના સ્થાનિક નામોથી ઓળખાય છે. સૌથી વધુ લોકપ્રિય ભારતીય બાજરી પર્લ બાજરી છે જેને હિન્દીમાં બાજરા કહે છે. ભારત દેશમાં તો આઝાદી પહેલાનાં સમયમાં બાજરી જ ભોજન તરીકે લેવાતી હતી. એવું માનવામાં આવે છે કે ભારતીય મોસમને બાજરી જ અનુકૂળ ખોરાક છે જેનું પાચન દરેક ઋતુમાં સરળતાથી થઈ જાય છે. એક માન્યતા અનુસાર ઘઉં તો ભારતમાં અંગ્રેજોએ લાવ્યા હતા એવું કહેવાય છે. મિલેટ પ્રમાણમાં સસ્તું પણ છે.

મિલેટનાં અસંખ્ય સ્વાસ્થ્ય લાભો છે તે બ્લડ સુગર, કોલેસ્ટ્રોલ, ઓબેસિટી, હાઈપર ટેન્શનનાં સ્તરને ઘટાડવામાં મદદ કરે છે. હૃદય સંબંધી રોગોમાં ફાયદાકારક છે. પેટ અને લીવરની બીમારીઓથી લડવા માટે પણ ઉપયોગી છે. મિલેટનાં ઉચ્ચ પોષક તત્વોને કારણે તેને "પોષક-અનાજ" ગણવામાં આવે છે. તેઓ વિટામિન્સ અને ખનિજોથી સમૃદ્ધ છે, જેમાં આયર્ન અને કેલ્શિયમનો સમાવેશ થાય છે. આખા અનાજ તરીકે,મિલેટ વિવિધ પ્રમાણમાં ફાઈબર પ્રદાન કરે છે જે આંતરડાંનાં કાર્ય નિયંત્રિત કરે છે.

ભારતનાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ પોતાના ‘મન કી બાત’ કાર્યક્રમમાં મિલેટના મહત્વ વિષે સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, “યુનાઈટેડ નેશન્સએ ૨૦૨૩નાં વર્ષને ‘ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટસ’ તરીકે જાહેર કર્યું છે. ભારત વિશ્વમાં મિલેટનું સૌથી વધુ ઉત્પાદક દેશ છે. મિલેટની લણણી બાદ વધેલા ભૂસાને પશુઓ માટે ઘાસચારા તરીકે ઉપયોગમાં લેવાય છે.

# સાયબર છેતરપિંડી સામે સજાગ સમાજની જરૂર

**આસપાસ ચોપાસ** - સુરેશ ભટ્ટ

આજના ડિજિટલ યુગમાં બેંકિંગની લગભગ તમામ સેવાઓ મોબાઈલ અને ઈન્ટરનેટ દ્વારા ઉપલબ્ધ બની ગઈ છે. પૈસા ટ્રાન્સફર કરવા, બિલ ભરવા, ખરીદી કરવા અને અન્ય નાણાકીય વ્યવહારો હવે મિનિટોમાં થઈ જાય છે. પરંતુ આ સુવિધા સાથે સાયબર ક્રાઈમનું જોખમ પણ ઝડપથી વધી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં લોકોના બેંક ખાતામાંથી ઓનલાઈન છેતરપિંડી દ્વારા પૈસા ઉપડી જવાના બનાવોમાં ચિંતાજનક વધારો થયો છે.

**સાયબર ક્રાઈમથી બેંક ખાતામાંથી પૈસા ઉપડી જવાની વધતી સમસ્યા પણ ઉકેલ લાગે છે પરંતુ સમયસર જો ફરિયાદ કરવામાં આવે અને તાત્કાલિક પગલા ભરવામાં આવે તો પૈસા પાછા આવવાની શક્યતા વધી જાય છે, સાયબર ફ્રોડમાંથી બચવા માટે હવે તેને એલ.આઈ.સીના વિમામાંથી પ્રોટેક્ટેડ પણ કરી શકાય છે.**

સાયબર ગુનેગારો વિવિધ રીતો અપનાવે છે. તેઓ નકલી ફોન કોલ કરીને પોતાને બેંક અધિકારી તરીકે ઓળખાવે છે અથવા એસએમએસ, ઈ-મેલ અને વોટ્સએપ દ્વારા ખોટી લિંક મોકલી લોકોને ફસાવે છે. ઘણી વખત ઓટીપી, એટીએમ કાર્ડ નંબર, સીવીવી અથવા યુપીઆઈ પિન જેવી ગુપ્ત માહિતી મેળવી તેઓ ખાતામાંથી રૂપિયા ઉપાડી લે છે. કેટલાક કિસ્સાઓમાં મોબાઈલમાં ખતરનાક એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવીને પણ છેતરપિંડી કરવામાં આવે છે.

આવી છેતરપિંડીથી બચવા માટે દરેક નાગરિકે સાવચેતી રાખવી ખૂબ જરૂરી છે. કોઈપણ અજાણી વ્યક્તિને બેંક સંબંધિત માહિતી આપવી નહીં. ઓટીપી, પાસવર્ડ અથવા યુપીઆઈ પિન કોઈની સાથે શેર કરવી નહીં. અજાણી લિંક પર ક્લિક કરવું કે અજાણી એપ્લિકેશન ડાઉનલોડ કરવી ટાળવી જોઈએ. બેંક ક્યારેય ફોન પર ગ્રાહક પાસે આવી ગુપ્ત માહિતી માંગતી નથી, તે વાત હંમેશા યાદ રાખવી જોઈએ.

બેંકના સેવિંગ ખાતામાંથી પૈસા ઉપડી જવાની શક્યતાઓ વધુ છે પરંતુ આપજો આપના નાણાંની સલામતી તો આ તેનું રોકાણ એલ.આઈ.સી માં કરી શકો છો આ ઉપરાંત એમ પી એલ વેલનેસ ક્લબ જો રોકાણ કરો તો આ રકમ સલામત છે જેમ વેલનેસ ક્લબની કિંમત વધતી જશે તેમ તમારી સંપત્તિમાં વધારો પણ થશે આ ઉપરાંત દ્વૅક્ષ વેલનેસ ક્લબ આખો બિઝનેસ વારસામાં આપવા માટે નોમીની નિમવાની પણ સુવિધા આપે છે

જો કોઈ વ્યક્તિ સાથે સાયબર છેતરપિંડી થાય તો સમય બગાડ્યા વિના તરત જ બેંકને જાણ કરવી અને રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવવી જોઈએ. સાથે જ સાયબર ક્રાઈમ પોર્ટલ પર પણ ફરિયાદ કરવાથી પૈસા પરત મળવાની શક્યતા વધી શકે છે.

સાયબર સુરક્ષા માત્ર સરકાર અથવા બેંકની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની પણ જવાબદારી છે. જાગૃતિ, સાવચેતી અને સમજદારીથી જ આપણે સાયબર ગુનેગારોથી બચી શકીએ અને પોતાના મહેનતના પૈસા સુરક્ષિત રાખી શકીએ.

ડિજિટલ યુગે સામાન્ય નાગરિકના જીવનને સરળ બનાવ્યું છે. આજે મોબાઈલ ફોન દ્વારા પૈસા મોકલવા, ખરીદી કરવા, બિલ ભરવા અને બેંકિંગની અનેક સેવાઓ પળવારમાં ઉપલબ્ધ બની છે. પરંતુ ટેકનોલોજીની આ સુવિધા સાથે સાયબર ગુનેગારો પણ વધુ સક્રિય બન્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઓનલાઈન છેતરપિંડીના બનાવોમાં સતત વધારો થયો છે. તાજેતરમાં દેશના અનેક રાજ્યોમાં ફેલાયેલા એક વિશાળ સાયબર ઠગાઈના નેટવર્કનો પર્દાફાશ થયો છે. આ કાર્યવાહી માત્ર એક ગુનાખોરીનો ખુલાસો નથી, પરંતુ સમગ્ર સમાજ માટે ચેતવણી સમાન ઘટના છે.તપાસમાં બહાર આવેલી માહિતી મુજબ ગુનેગારોએ ફેક કંપનીઓ, શેલ એકાઉન્ટ, ફિનટેક પ્લેટફોર્મ અને અનેક બેંક ખાતાઓનો ઉપયોગ કરીને કરોડો રૂપિયાની હેરાફેરી કરી હતી. દિલ્હીમાં કથિત માસ્ટર કંટ્રોલ, જયપુરમાં હેલ્પ સેન્ટર, અમદાવાદમાં કેશ કલેક્શન અને અન્ય સ્થળોએ ફેલાયેલા નેટવર્ક દ્વારા આ સમગ્ર ગેરકાયદેસર વ્યવહાર ચલાવવામાં આવતો હતો. તપાસ દરમિયાન હજારો બેંક ખાતાઓની ચકાસણી કરવામાં આવી અને કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો સામે આવ્યા. આ ઘટનાએ સ્પષ્ટ કર્યું છે કે સાયબર ગુનેગારો હવે માત્ર ટેક્નિકલ કુશળતા પર નહીં, પરંતુ સુવ્યવસ્થિત સંગઠન અને નાણાકીય નેટવર્કના આધારે કામ કરી રહ્યા છે.

આ સમગ્ર કેસમાં સૌથી સકારાત્મક બાબત એ છે કે વિવિધ તપાસ એજન્સીઓ, પોલીસ, બેંકો અને નાણાકીય સંસ્થાઓએ સંકલિત રીતે કામગીરી કરીને આ નેટવર્કને બહાર લાવ્યું. રાજ્યો વચ્ચે માહિતીનું આદાનપ્રદાન, ડિજિટલ ટ્રેલનું વિશ્લેષણ અને શંકાસ્પદ ખાતાઓની ઓળખ જેવી કામગીરીના કારણે આટલા મોટા કૌભાંડનો પર્દાફાશ શક્ય બન્યો. ડિજિટલ ગુનાઓ સામે લડવામાં ટેક્નોલોજીનો યોગ્ય ઉપયોગ કેટલો અસરકારક બની શકે છે તેનો આ એક સારો દાખલો છે.

પરંતુ માત્ર તપાસ એજન્સીઓના પ્રયાસોથી સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ આવી શકે નહીં. સાયબર સુરક્ષામાં સામાન્ય નાગરિકની સજાગતા સૌથી મહત્વપૂર્ણ કડી છે. અજાણ્યા વ્યક્તિના કહેવા પર પોતાના બેંક ખાતાનો ઉપયોગ કરવો, પૈસાની લાલચમાં ખાતું ભાડે આપવું, અજાણી લિંક પર ક્લિક કરવું અથવા ઓટીપી અને બેંકની ગુપ્ત માહિતી શેર કરવી જેવી નાની બેદરકારીઓ મોટા આર્થિક નુકસાનનું કારણ બની શકે છે. ઘણી વખત લોકો પોતે ગુનો કર્યા વગર પણ આવી પ્રવૃત્તિઓમાં અજાણતાં સામેલ થઈ જાય છે.



બેંકો અને નાણાકીય સંસ્થાઓની જવાબદારી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. નવા ખાતા ખોલતી વખતે કડક ચકાસણી, શંકાસ્પદ વ્યવહારો પર સતત નજર, કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત ફ્રોડ મોનિટરિંગ સિસ્ટમ અને ગ્રાહકોને સમયસર ચેતવણી આપવાની વ્યવસ્થા વધુ મજબૂત બનવી જોઈએ. શંકાસ્પદ વ્યવહારોને તરત ઓળખીને રોકી શકાય તો ઘણા ગુનાઓ શરૂઆતમાં જ અટકાવી શકાય છે.

સરકારે પણ ડિજિટલ સુરક્ષાને રાષ્ટ્રીય પ્રાથમિકતા તરીકે વધુ મજબૂત બનાવવાની જરૂર છે. સાયબર પોલીસ સ્ટેશનોની ક્ષમતા વધારવી, તપાસ અધિકારીઓને આધુનિક તાલીમ આપવી, રાજ્યો વચ્ચે ઝડપી માહિતી વહેંચણી સુનિશ્ચિત કરવી અને લોકોને સતત જાગૃત કરવા માટે અભિયાન ચલાવવું સમયની માંગ છે. શાળાઓ અને કોલેજોમાં પણ સાયબર સુરક્ષા અંગેનું મૂળભૂત શિક્ષણ આપવામાં આવે તો નવી પેઢી વધુ જવાબદાર ડિજિટલ નાગરિક બની શકે.

ડિજિટલ અર્થતંત્ર તરફ ઝડપથી આગળ વધી રહેલા ભારત માટે વિશ્વસનીય અને સુરક્ષિત ઓનલાઈન વ્યવસ્થા અત્યંત જરૂરી છે. લોકોનો વિશ્વાસ જળવાઈ રહેશે તો જ ડિજિટલ પેમેન્ટ અને ઓનલાઈન સેવાઓનો વ્યાપ સતત વધશે. તેથી ટેક્નોલોજીનો વિકાસ અને સુરક્ષાની વ્યવસ્થા બંને સાથે આગળ વધવા જોઈએ.

તાજેતરમાં થયેલી આ કાર્યવાહી એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે કે કાયદાની પહોંચ હવે ડિજિટલ દુનિયા સુધી અસરકારક રીતે વિસ્તરી રહી છે. મોટા ગુનાખોર નેટવર્ક સામે થયેલી સફળ કામગીરી વિશ્વાસ વધારે છે કે યોગ્ય સંકલન અને આધુનિક તપાસ પદ્ધતિઓ દ્વારા આવા ગુનાઓને કાબૂમાં લઈ શકાય છે. હવે જરૂર છે કે સરકાર, બેંકો, તપાસ એજન્સીઓ અને સામાન્ય નાગરિક સૌ મળીને સાયબર સુરક્ષાને પોતાની સામૂહિક જવાબદારી માને. સજાગતા, પારદર્શિતા અને ટેક્નોલોજીના જવાબદાર ઉપયોગ દ્વારા જ છેતરપિંડીમુક્ત અને સુરક્ષિત ડિજિટલ ભારતનું નિર્માણ શક્ય બનશે.

# રોહિત શર્મા લોર્ડ્સ ખાતે વનડેમાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય બેટ્સમેન

## લોર્ડ્સ વનડેમાં પાંચ છગ્ગા ફટકારીને ક્રિસ ગેલનો સીમાચિહ્ન રેકોર્ડ તોડ્યો

નવીદિલ્હી,

ટીમ ઇન્ડિયાના દિગ્ગજ બેટ્સમેન રોહિત શર્માએ લોર્ડ્સ ખાતે રમાયેલી ત્રીજી વનડેમાં શાનદાર સદી ફટકારી. આ સાથે, તે લોર્ડ્સ ખાતે વનડેમાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બન્યો. આ મેચમાં, રોહિતે ૧૩૮ રનની ઇનિંગ રમી, જેમાં તેણે ૧૭ ચોગ્ગા અને પાંચ છગ્ગા ફટકાર્યા. આ ઇનિંગ દરમિયાન, તેણે ક્રિસ ગેલનો સીમાચિહ્ન રેકોર્ડ તોડ્યો. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એસઇએનએ ટીમો સામે સૌથી વધુ છગ્ગા ફટકાર્યા છે. દક્ષિણ આફ્રિકા, ઇંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાની ગણતરી એસઇએનએ દેશોમાં થાય છે.

રોહિત શર્માએ હવે એસઇએનએ દેશો સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩૪૬ છગ્ગા ફટકાર્યા છે. આ સાથે, તે હવે જીઈદ્મછ દેશોનો નવો સિક્સર કિંગ બની ગયો છે. અગાઉ, આ રેકોર્ડ વેસ્ટ ઇન્ડીઝના ભૂતપૂર્વ ક્રિકેટર ક્રિસ ગેઇલના નામે હતો. ગેઇલે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એસઇએનએ ટીમો સામે ૩૪૬ છગ્ગા ફટકાર્યા હતા. નોંધનીય છે કે રોહિત આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં એકંદરે સૌથી વધુ છગ્ગા મારવાનો રેકોર્ડ ધરાવે છે. તેણે ૬૬૨ છગ્ગા ફટકાર્યા છે. તેના પછી ગેઇલનો નંબર આવે છે, જેણે ૫૫૩ છગ્ગા ફટકાર્યા છે. રોહિતે ટેસ્ટ અને ટી ૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે અને હવે તે ભારત માટે ફક્ત વનડે ક્રિકેટ રમે છે.



સેના ટીમો સામે સૌથી વધુ છગ્ગા મારનારા બેટ્સમેન

- ૩૪૬ - રોહિત શર્મા
- ૩૪૨ - ક્રિસ ગેલ
- ૧૮૨ - વિરાટ કોહલી
- ૧૭૭ - એમએસ ધોની
- ૧૭૬ - શાહિદ આફ્રિદી

વિરાટનું પ્રદર્શન પણ પ્રભાવશાળી રહ્યું છે. ભારતના સુપરસ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી સેના ટીમો સામે સૌથી વધુ છગ્ગા મારનારા ટોચના પાંચ ખેલાડીઓની યાદીમાં ત્રીજા ક્રમે છે. તેણે આ ટીમો સામે ૧૮૨ છગ્ગા માર્યા છે. કોહલીએ લોર્ડ્સ વનડેમાં ૬૦ બોલમાં ૭૪ રન બનાવ્યા હતા, જેમાં ચાર ચોગ્ગા અને ત્રણ છગ્ગા ફટકાર્યા હતા. તેનો સ્ટ્રાઇક રેટ ૧૨૩.૩૩ હતો. વિરાટ ઇંગ્લેન્ડ શ્રેણીમાં બે અડધી સદી ફટકારવામાં સફળ રહ્યો છે.

લોર્ડ્સ વનડેની ખાસ વાત એ હતી કે રોહિત શર્માની શાનદાર સદી છતાં, ભારતીય ટીમ મેચ જીતી શકી ન હતી, અને તેમની બધી મહેનત વ્યર્થ ગઈ. લોર્ડ્સમાં રમાયેલી આ મેચમાં, ઇંગ્લેન્ડે ભારતને ૩૮૮ રનનો વિશાળ લક્ષ્યાંક આપ્યો હતો. જોકે, જવાબમાં ટીમ ઇન્ડિયા ૭ વિકેટ ગુમાવીને માત્ર ૩૬૦ રન જ બનાવી શકી અને ૨૭ રનથી મેચ હારી ગઈ. આ હાર સાથે ભારતે ત્રણ મેચની વનડે શ્રેણી પણ ૧-૨થી ગુમાવી દીધી. રોહિત શ્રેણીની પ્રથમ બે મેચમાં મોટો સ્કોર બનાવવામાં નિષ્ફળ ગયો.

# ક્રિકેટર અને ડીએસપી મોહમ્મદ સિરાજે તેલંગાણા ડીજીપી સી.વી. આનંદ સાથે સૌજન્ય મુલાકાત કરી

ચંડીગઢ,

ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર અને તેલંગાણા પોલીસમાં ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ મોહમ્મદ સિરાજે તેલંગાણા ડીજીપી સી.વી. આનંદ સાથે સૌજન્ય મુલાકાત કરી. આનંદ મે મહિનામાં ડીજીપી બન્યા પછી સિરાજની આ પહેલી મુલાકાત હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પણ હાજર હતા.




ડીજીપી ઓફિસ ખાતે યોજાયેલી આ બેઠકમાં પોલીસ હેડક્વાર્ટરના ઇન્સ્પેક્ટર જનરલ (પી એન્ડ આઇ) ગજરાવ ભૂપાલ અને ડીએસપી (સ્પોર્ટ્સ) રામા રાવ પણ હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે મોહમ્મદ સિરાજે ઓક્ટોબર ૨૦૨૪માં તેલંગાણા પોલીસમાં સત્તાવાર રીતે ડીએસપીનું પદ સંભાળ્યું હતું.ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં ભારતની જીત બાદ સિરાજને આ સન્માન મળ્યું હતું. ટીમ ઇન્ડિયાની ઐતિહાસિક જીત બાદ મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ સિરાજ માટે સરકારી નોકરી અને રહેણાંક પ્લોટની જાહેરાત કરી હતી. ત્યારબાદ, ઓગસ્ટ ૨૦૨૪માં, રાજ્ય કેબિનેટે સિરાજ અને વિશ્વ ચેમ્પિયન બોક્સર નિખત ઝરીનને ગ્રુપ-૧ ડીએસપી-રેંક પદ આપવાનો નિર્ણય લીધો. રાજ્ય સરકારે નિમણૂકો માટે માર્ગ મોકળો કરવા માટે સંબંધિત કાયદામાં સુધારો કર્યો. સિરાજને હૈદરાબાદના પ્રતિષ્ઠિત જ્યુબિલી હિલ્સમાં રોડ નંબર ૭૮ પર ૬૦૦ ચોરસ યાર્ડનો પ્લોટ પણ ફાળવવામાં આવ્યો હતો.

# ડીસીના આશુતોષ શર્મા હવે વન-ડે કપમાં હેમ્પશાયર તરફથી રમવા માટે ઈંગ્લેન્ડ જશે

નવીદિલ્હી,

આઇપીએલમાં પોતાની વિસ્ફોટક બેટિંગથી પોતાની છાપ છોડનાર ભારતીય ઓલરાઉન્ડર આશુતોષ શર્મા હવે ઈંગ્લેન્ડમાં પોતાની પરાક્રમ દર્શાવતો જોવા મળશે. દિલ્હી કેપિટલ્સનો આ સ્ટાર ખેલાડી વન ડે કપ માટે ઈંગ્લિશ કાઉન્ટી ક્લબ હેમ્પશાયરની ટીમમાં સામેલ થયો છે. ક્લબે સોમવાર, ૨૦ જુલાઈના રોજ સત્તાવાર જાહેરાત કરી.



૨૭ વર્ષીય આશુતોષ શર્માએ છેલ્લા બે આઇપીએલ સિઝનમાં દિલ્હી કેપિટલ્સ માટે શાનદાર પ્રદર્શન કર્યું છે. દિલ્હી કેપિટલ્સ અને હેમ્પશાયર બંને જીએમઆર ગ્રુપના માલિક છે, જેના કારણે આ કરાર બંને પક્ષો માટે મહત્વપૂર્ણ બન્યો છે. આશુતોષ એક આક્રમક બેટિંગ ઓલરાઉન્ડર છે. તેણે છેલ્લા બે આઇપીએલ સિઝનમાં દિલ્હી કેપિટલ્સ માટે ૩૭૫ થી વધુ રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન તેની બેટિંગ એવરેજ ૩૧.૨૫ અને ૧૭૦ નો સ્ટ્રાઇક રેટ તેને લીગના સૌથી ખતરનાક ફિનિશરોમાંનો એક બનાવે છે.

આશુતોષ ભારતીય ટી ૨૦ ક્રિકેટમાં પણ એક ખાસ રેકોર્ડ ધરાવે છે. તેણે ૨૦૨૩ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં અરુણાચલ પ્રદેશ સામે રેલવે માટે માત્ર ૧૧ બોલમાં અડધી સદી ફટકારીને ભારતીય બેટ્સમેન દ્વારા સૌથી ઝડપી ટી ૨૦ ફિફ્ટીનો રેકોર્ડ બનાવ્યો હતો.

હેમ્પશાયરના ક્રિકેટ ડિરેક્ટર, ગિલ્સ વ્હાઇટે, આશુતોષના કરાર પર ખુશી વ્યક્ત કરી. તેમણે કહ્યું, "આશુતોષ વન ડે કપ માટે ટીમમાં જોડાયો તેનો અમને આનંદ છે. તે ખૂબ જ ક્ષમતા ધરાવતો ખેલાડી છે અને તાજેતરના વર્ષોમાં તેણે દિલ્હી કેપિટલ્સ માટે આઇપીએલમાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. તેને મોટા મંચ પર રમવાનો અનુભવ છે. અમને આશા છે કે તે હેમ્પશાયર જર્સીમાં પણ પોતાની છાપ છોડશે અને ટીમને ગયા સિઝનથી એક ડગલું આગળ વધવામાં મદદ કરશે."

# ઝિમ્બાબ્વે પ્રવાસમાં શ્રેયસ ઐયર ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કરશે : વૈભવ સૂર્યવંશી પણ ટીમ ઈન્ડિયાનો ભાગ

નવીદિલ્હી,

ભારતીય ક્રિકેટ ટીમનો ઈંગ્લેન્ડ પ્રવાસ હાર સાથે સમાપ્ત થયો છે. પાંચ મેચની ટી ૨૦ શ્રેણીમાં ભારતીય ટીમને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ટીમ ઈન્ડિયા પાંચમાંથી ચાર મેચ હારી ગઈ હતી, શ્રેણીની પહેલી મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. ત્યારબાદ, બંને ટીમો વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણી રમાઈ હતી, જેમાં ઈંગ્લેન્ડે ૨-૧થી જીત મેળવી હતી. ટીમ ઈન્ડિયા હવે ઝિમ્બાબ્વેના પડકારનો સામનો કરી રહી છે, જેના માટે ટીમ ઝિમ્બાબ્વેની ધરતી પર પગ મૂકી ચૂકી છે. ઝિમ્બાબ્વે ક્રિકેટે ભારતીય ટીમના ઝિમ્બાબ્વે



આગમનની માહિતી ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે.ટીમ ઈન્ડિયા ૧૯ જુલાઈની સાંજે રોબર્ટ ગેબ્રિયલ મુગાબે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતરી હતી, જેનો એક વીડિયો ઝિમ્બાબ્વે ક્રિકેટ દ્વારા શેર કરવામાં આવ્યો હતો. ઝિમ્બાબ્વે ક્રિકેટે લખ્યું, "ટી૨૦ વર્લ્ડ ચેમ્પિયન આવી ગયા છે!" ભારતીય ટીમ ગુરુવારે હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે ઝિમ્બાબ્વે સામેની ટી૨૦ શ્રેણીની પહેલી મેચ પહેલા રવિવારે સાંજે રોબર્ટ ગેબ્રિયલ મુગાબે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચી હતી.ભારત અને ઝિમ્બાબ્વે ૨૩ જુલાઈથી શરૂ થનારી ટી૨૦ શ્રેણીમાં ભાગ લેશે. બંને ટીમો વચ્ચે ત્રણ મેચની ટી૨૦ઈ શ્રેણી રમાશે. ત્રણેય મેચ એક જ સ્થળે, હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાશે. શ્રેણીની બીજી મેચ ૨૫ જુલાઈએ રમાશે અને ત્રીજી અને અંતિમ મેચ બીજા દિવસે, ૨૬ જુલાઈએ રમાશે. આ પ્રવાસમાં, ટીમ ઈન્ડિયા સતત ત્રણ શ્રેણી હાર બાદ વિદેશી ધરતી પર શાનદાર વિજય મેળવવાનો પ્રયાસ કરશે.

ઝિમ્બાબ્વે પ્રવાસમાં શ્રેયસ ઐયર ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કરશે. ઐયર પોતાની કેપ્ટનશીપમાં ટીમ ઈન્ડિયાને જીત અપાવવા માટે ઉત્સુક રહેશે.

# અમિતાભ બચ્ચને બ્લોગમાં હોસ્પિટલમાં દાખલ થવા અને સર્જરીનો ઉલ્લેખ કર્યો



મુંબઈ,

અમિતાભ બચ્ચન સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે. તે નિયમિતપણે બ્લોગ પણ કરે છે. જો કે, તેમના તાજેતરના બ્લોગમાં, તેમણે તેમના સ્વાસ્થ્ય વિશે કેટલીક ટિપ્પણીઓ કરી છે જેણે બિગ બીના ચાહકોની ચિંતાઓ વધારી છે. અભિનેતાએ તેમના હોસ્પિટલમાં દાખલ થવા અને સર્જરી વિશે એક બ્લોગ પોસ્ટ લખી છે.

અમિતાભ બચ્ચને તેમના બ્લોગમાં "હોસ્પિટલો,આઈસીયુ અને સર્જરી" નો ઉલ્લેખ કર્યો. તેમના બ્લોગ પર શેર કરેલી પોસ્ટમાં, તેમણે સર્જરી અને આઈસીયુ રોકાણ, તેમજ તેની માનસિક અને શારીરિક અસર વિશે વાત કરી. બિગ બીએ લખ્યું, "હોસ્પિટલ અને આઈસીયુમાં સર્જરી, સક્ષમ ડોકટરો અને તબીબી સ્ટાફની દેખરેખ હેઠળ રહેવું, અને પછી રજા આપીને ઘરે પાછા ફરવું."અમિતાભ બચ્ચને આગળ લખ્યું, "ઘરે પાછા ફરવાનો આ સમય સૌથી મુશ્કેલ તબક્કો છે. શારીરિક, માનસિક અને વ્યવહારિક રીતે અત્યંત મુશ્કેલ. તમે એક આદરણીય ચેમ્પિયન છો, અને એક દિવસ હાર તમારા ચહેરા પર તાકી રહે છે. આ તમારા જીવનનો સૌથી મુશ્કેલ તબક્કો છે. કેટલાક તેનો બહાદુરીથી સામનો કરે છે. કેટલાક હાર માની લે છે. જેઓ દ્રઢ રહે છે અને હિંમત બતાવે છે તેઓ હંમેશા ચેમ્પિયન રહે છે." જેઓ પરિસ્થિતિ સાથે સમાધાન નથી કરતા અને તેમના ભૂતકાળના ગૌરવની યાદોમાં જીવે છે. આ દરેકની વ્યક્તિગત પસંદગી છે. બંનેમાંથી કોઈ ખોટું નથી. સ્વસ્થ રહો, ખુશ રહો.કામના મોરચે, અમિતાભ બચ્ચન ટૂંક સમયમાં કલ્કી ૨૮૯૮ એડીની સિક્વલમાં જોવા મળશે.

# બોલિવૂડ અભિનેતા જોન અબ્રાહમે મુંબઈના બાંદ્રા વેસ્ટમાં ૮૪ કરોડમાં એક વૈભવી બંગલો ખરીદ્યો

મુંબઈ,

પ્રખ્યાત બોલીવુડ અભિનેતા જોન અબ્રાહમે મુંબઈના પોશ બાંદ્રા વેસ્ટ વિસ્તારમાં એક વૈભવી બંગલો ખરીદ્યો છે. મિલકત નોંધણી દસ્તાવેજો અનુસાર, આ પ્રભાવશાળી સોદાની કુલ કિંમત ૮૪ કરોડ હોવાનો અંદાજ છે. બાંદ્રાના પ્રખ્યાત સેન્ટ માર્ટિન રોડ પર સ્થિત, મિલકતમાં આશરે ૧૦૧૭.૬૦ ચોરસ મીટરનો પ્લોટ છે. વધુમાં, બંગલાનો મુખ્ય બિલ્ટ-અપ વિસ્તાર આશરે ૧૯૩.૧૨ ચોરસ મીટર અને આશરે ૩૧.૫૦ ચોરસ મીટરનું આઉટહાઉસ પણ આ સોદાનો ભાગ છે. આ ફ્રીહોલ્ડ પ્રોપર્ટી માટે કન્વેયન્સ ડીડ સત્તાવાર રીતે ૧૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ નોંધાયેલ હતું, જેના માટે અભિનેતાએ એકલાએ ૫.૦૪ કરોડ રૂપિયાની મોટી સ્ટેમ્પ ડ્યુટી ચૂકવી હતી. લિયાસેસ ફોરાસ દસ્તાવેજો અનુસાર, આ મિલકત નૌશીર એરુચ ડિવિટ્રે, ફ્રેડન એરુચ ડિવિટ્રે, ક્રિસ્ટલ ફિરોઝ ડિવિટ્રે અને એરુચ ફિરોઝ ડિવિટ્રે પાસેથી ખરીદવામાં આવી હતી. જો કે, આ બાબતે જોન અબ્રાહમ કે વેચાણકર્તાઓ દ્વારા કોઈ સત્તાવાર ટિપ્પણી જારી કરવામાં આવી નથી.



જોન અબ્રાહમે પ્રીમિયમ મુંબઈ વિસ્તારમાં મોંઘી મિલકત ખરીદી હોય તેવું આ પહેલી વાર નથી. અગાઉ, ડિસેમ્બર ૨૦૨૩ માં, તેમણે મુંબઈના ખાર વિસ્તારમાં પણ એક મોટો સોદો કર્યો હતો. તે સમયે, અભિનેતાએ ખારના પ્રખ્યાત લિંકિંગ રોડ પર ૭,૭૨૨ ચોરસ ફૂટ જમીન પર ૫,૪૧૬ ચોરસ ફૂટનો બંગલો ૭૦.૮૩ કરોડમાં ખરીદ્યો હતો. તેમણે મિલકત માટે ૪.૨૪ કરોડ સ્ટેમ્પ ડ્યુટી ચૂકવી હતી, અને આ સોદો ૨૭ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ રજીસ્ટર થયો હતો. ખારમાં અને મુખ્ય વ્યાપારી અને શૈક્ષણિક સંસ્થાઓની નજીક સ્થિત આ રોકાણની પણ ખૂબ ચર્ચા થઈ હતી.

નિષ્ણાતો માને છે કે મુંબઈના સૌથી વિશિષ્ટ વિસ્તારો, જેમ કે બાંદ્રા, જુહુ અને મલબાર હિલમાં સ્વતંત્ર અથવા વિકાસશીલ જમીન શોધવી વધુને વધુ મુશ્કેલ બની ગઈ છે. જમીનની આ તીવ્ર અછતને કારણે આ વિસ્તારોમાં અસ્તિત્વમાં રહેલા થોડા બંગલાના ભાવ આસમાને પહોંચી ગયા છે. આવા દરેક સોદામાં ભારે સુરક્ષા પ્રીમિયમ હોય છે, જે તેમને શહેરની સૌથી મોંઘી, દુર્લભ અને પ્રતિષ્ઠિત રિયલ એસ્ટેટ મિલકતોમાં સ્થાન આપે છે. આ જ કારણ છે કે હાઇ-પ્રોફાઇલ સેલિબ્રિટીઓ અને મોટા ઉદ્યોગપતિઓ આ ઐતિહાસિક અને પરંપરાગત બંગલો ખરીદવા માટે મોટી રકમ ખર્ચવામાં શરમાતા નથી.

માત્ર જોન અબ્રાહમ જ નહીં, મુંબઈના વૈભવી હાઉસિંગ માર્કેટમાં તાજેતરના મહિનાઓમાં ઘણા રેકોર્ડબ્રેક સોદા થયા છે. તાજેતરમાં, નટનદાસ રિયલ્ટીએ જુહુમાં એક ઐતિહાસિક સ્પેનિશ શૈલીનો વિલા ?૧૩૫ કરોડ (આશરે ૧.૩૫ બિલિયન) માં હસ્તગત કર્યો હતો. "વિલા વિલ્સન" તરીકે ઓળખાતો આ બંગલો પાંચ દાયકાથી વધુ સમયથી વિલ્સન પેન્સ પરિવારની માલિકીનો હતો અને અભિનેતા અમિતાભ બચ્ચનના પ્રખ્યાત નિવાસસ્થાન "જલસા" ની ખૂબ નજીક સ્થિત છે.જહોન ભૂતપૂર્વ આઈપીએસ

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તી | ધ | બ | મા | ત | ફ | ભા | તી | ગ | ળ | કા | મ |
| તુ | કા | રા | ધ | સ | શ | ર | આ | વા | અ | બા | ર |
| ક | ર | બ | બિ | બિ | મ | વા | જ | મ | દ | આ | અ: |
| ળ | જ્ઞા | ર | દ | વિ | મ | ર | પ્રા | બા | ભ | દ | મ |
| તુ | ર | તુ | ઐ | ચા | આ | ભ | કી | મા | આ | વ | ધ |
| જી | ળો | ગ | મા | અં | ગી | ડો | ળ | જ | ણિ | ભ | ર |
| ઇ | આ | પ્ર | સા | દ | ર | રા | દ | સા | મ | ક | કા |
| પ્ર | લી | એ | ધ | અ: | સા | ગી | ક્ષ | રો | કા | બિ | બા |
| લ | મા | બા | પ્રા | પ્ર | ધ | આ | મ | ધ | લ | અ | સ |
| તુ | ફુ | દ | મા | શિ | ધ | બા | હિ | ડો | ધ | ર | ભો |
| સ | ઉ | પ્ર | ઔ | બા | શિ | ક્ષ | મા | ખ | વિ | ર | રી |
| બ | ર | ણે | ર | ધ | મ | ણા | શ | શ | લ | દ | એ |


શબ્દ શોધો: પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# સોનમ વાંગચુક વિવાદ વચ્ચે આમિર ખાનની ફિલ્મ થ્રી ઈડિયટ્સ ફરીથી થિયેટરોમાં આવશે

મુંબઈ,

ગયા વર્ષે, મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાનના જન્મદિવસની ઉજવણી માટે આયોજિત એક મહોત્સવ દરમિયાન, ચાહકોને તેમની કેટલીક સૌથી લોકપ્રિય ફિલ્મો ફરી જોવાની તક મળી. જોકે, તેમની પ્રશંસા પામેલી અને હિટ ફિલ્મ "૩ ઈડિયટ્સ" તે યાદીમાં શામેલ નહોતી. હવે, એવા સમાચાર છે કે ૨૦૦૯ માં રિલીઝ થયેલી આ બ્લોકબસ્ટર ફિલ્મ ફરીથી રિલીઝ થવાની છે.

રાજકુમાર હિરાની દિગ્દર્શિત ફિલ્મ "૩ ઈડિયટ્સ" ફરીથી રિલીઝ થવાની ચર્ચા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તે સપ્ટેમ્બરમાં થિયેટરોમાં રિલીઝ થશે. "૩ ઈડિયટ્સ" તેની મૂળ રિલીઝના



લગભગ ૧૭ વર્ષ પછી ફરીથી રિલીઝ થઈ રહી છે. બોલિવૂડ હંગામા અનુસાર, તેની વ્યૂહાત્મક યોજનાઓના ભાગ રૂપે, દ્મઉૐ સ્ટુડિયો ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ બ્લોકબસ્ટર ફિલ્મ "૩ ઈડિયટ્સ" ને થિયેટરોમાં ફરીથી રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યું છે. આનાથી દર્શકો તેને ફરી એકવાર થિયેટરોમાં જોઈ શકશે. આ ફિલ્મમાં આમિર ખાન, આર. માધવન, શરમન જોશી, કરીના કપૂર અને બોમન ઈરાની પણ મુખ્ય ભૂમિકામાં છે.આ મહિને, આમિર ખાનની ફિલ્મ "૩ ઈડિયટ્સ" ફરી એકવાર સમાચારમાં આવી હતી. નીટ યુજી પેપર લીક વિવાદ પર સોનમ વાંગચુકની ભૂખ હડતાળ વચ્ચે, ફિલ્મ "૩ ઈડિયટ્સ" ફિલ્મ તેમની સાથે જોડાયેલી હોવાનું કહેવાય છે. વર્ષોથી, ઘણા દર્શકો માનતા આવ્યા છે કે આમિરનું પાત્ર, "ફુનસુખ વાંગડુ," જેને "રાંચો" તરીકે ઓળખવામાં આવે છે, તે સોનમ વાંગચુકથી પ્રેરિત હતું. આ મુદ્દાને વધુ વેગ મળ્યો જ્યારે ફિલ્મમાં આમિર સાથે 'ચતુર' ની ભૂમિકા ભજવનાર અભિનેતા ઓમી વૈદ્યએ સોનમ વાંગચુકના સમર્થનમાં એક વિડિઓ પોસ્ટ કર્યો અને દાવો કર્યો કે 'રાંચો' ફિલ્મનું પાત્ર ખરેખર તેમના પર આધારિત છે.જોકે, બ્રિટિશ ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટ ખાતે એક સત્ર દરમિયાન આ બાબતે પોતાનું મૌન તોડ્યું અને દાવાને ફગાવી દીધો. તેમણે સ્પષ્ટતા કરી, "જ્યારે અમે ફિલ્મ બનાવી રહ્યા હતા, ત્યારે મને શ્રી સોનમ વિશે કોઈ જાણકારી નહોતી.

# મહિનાઓના સસ્પેન્સ પછી, 'જાના નાયકન'નો એક શક્તિશાળી પ્રોમો રિલીઝ થયો

હૈદરાબાદ,

વિજયની આગામી ફિલ્મ 'જાના નાયકન'ના નિર્માતાઓએ ફિલ્મનો પહેલો નવો પ્રોમો રિલીઝ કર્યો. આ પ્રોમો સાથે, લાંબા સમયની અનિશ્ચિતતા પછી આખરે દર્શકોને ફિલ્મની ઝલક મળી. આ ફિલ્મનું ટ્રેલર અગાઉ આ વર્ષે જાન્યુઆરીમાં પોંગલ રિલીઝ દરમિયાન રિલીઝ કરવામાં આવ્યું હતું, પરંતુ ત્યારથી ફિલ્મ સંબંધિત કોઈ નવી વિડિઓ સામગ્રી રિલીઝ કરવામાં આવી નથી.

નવીનતમ પ્રોમોમાં વિજયનો શક્તિશાળી એક્શન અવતાર દર્શાવવામાં આવ્યો છે. તે બંદૂકો ચલાવતો અને ખતરનાક સ્ટંટ કરતો જોવા મળે છે. પ્રોમોની ખાસ વાત એ છે કે અંતિમ શોટ છે, જ્યાં વિજય પોલીસ યુનિફોર્મમાં જોવા મળે છે. આ દ્રશ્ય અગાઉની અટકળોને સમર્થન આપે છે કે ફિલ્મમાં તેનું પાત્ર કાયદા અમલીકરણ અધિકારીનું છે.

"જાન નાયકન" માટે તાજેતરનો ભૂતકાળ તોફાની રહ્યો છે. જાન્યુઆરીમાં ટ્રેલર રિલીઝ થયા પછી, ફિલ્મ સેન્સરશીપ સર્ટિફિકેશન અંગે વિવાદમાં ફસાઈ ગઈ હતી. દરમિયાન, ફિલ્મનું એચડી વર્ઝન ઓનલાઈન લીક થયું હતું, જેના કારણે પ્રોજેક્ટ લગભગ છ મહિના સુધી રોકી દેવામાં આવ્યો હતો. આ મુશ્કેલ સમયગાળા દરમિયાન, નિર્માતાઓએ કોઈ નવું ફૂટેજ રિલીઝ કર્યું ન હતું અને ફક્ત પોસ્ટર્સ, રિલીઝ તારીખો અને ગીતો દ્વારા ચાહકો સાથે જોડાણ જાળવી રાખ્યું હતું.

# સહકારી ક્ષેત્રમાં ભગવો લહેરાયો: દિલ્હી ખાતે NCUIની ચૂંટણીમાં સહકાર ભારતી-ભાજપ ગઠબંધનની ઐતિહાસિક જીત

## રાષ્ટ્રીય સહકારી સંઘની ૨૧માંથી ૧૯ સીટો પર ભવ્ય વિજય; ૧૦ બેઠકો પર બિનહરીફ જીત સાથે દબદબો સ્થાપ્યો




રાજકોટ:અખિલ ભારતીય કક્ષાએ સહકારી ક્ષેત્રની સર્વોચ્ચ સંગઠન રાષ્ટ્રીય સહકારી સંઘ એનસીયુઆઈ નવી દિલ્હી ની તાજેતરમાં યોજાયેલી ૧૮ જુલાઈ ના રોજ ચૂંટણી યોજાઈ જેમાં ૧૯ જુલાઈના રોજ રવિવારે પરિણામ જાહેર થયું સહકાર ભારતી , ને ભારતીય જનતા પક્ષ સહકારી પ્રકોષ્ઠ દ્વારા ઉભા રખાયેલા ૨૧ માંથી ૧૯ સીટો ઉપર વિજય પ્રાપ્ત કરેલ એક ઐતિહાસિક જીત થયેલ છે ઉમેદવારો સંપૂર્ણ બહુમતીથી કે નિર્વિરોધ ચૂંટાયેલા જાહેર થયા છે.સહકાર ભારતીના ચૂંટાયેલા મુખ્ય ઉમેદવારો સહકાર ભારતીના સંરક્ષક દિનાનાથ ઠાકુર , ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ચેરમેન ઈફકો એન.સી ડીએફઆઈના ચેરમેન મિનેશ શાહ, કૃભકોના ચેરમેન બીપીન પટેલ, નાફેડના મોહનભાઈ કુંડાળિયા, એનસીસીએફના ચેરમેન બિહારના વિશાલ સિંહ, બિહારના વિનયકુમાર શાહી, મહારાષ્ટ્રના પ્રવીણ દરેકર, કર્ણાટકના જી.ટી. દેવગોડા, પૂર્વોત્તર રાજ્ય મણીપુરથી પ્રથમ વખત સહકાર ભારતીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા જીના પોત્સંગબમ, ગુજરાતના ઘનશ્યામભાઈ અમીન ઉત્તર પ્રદેશના ધનંજય સિંહ કર્ણાટકના એચ. કે. પાટીલ,લખનઉના મુદિત વર્મા, બેલગાંવથી અણણા સાહેબ જોલ્હે તથા મહારાષ્ટ્રના નકુલ કડૂ વિજેતા જાહેર થયા છે.

સહકાર ભારતીના અખિલ ભારતીય મહામંત્રી દિપક ચોરસીયાને સરકાર દ્વારા નિયુક્ત ઉમેદવાર જાહેર કરેલ છે. સહકાર ભારતીયના અખિલ ભારતીય મંત્રી સુનિલ ગુપ્તા અને ભાજપના મહારાષ્ટ્ર વિધાન પરિષદના સભ્ય સંજય ભેન્ડેને પરાજયનો સામનો કરવો પડ્યો છે.આ ચૂંટણીમાં સહકાર ભારતી દ્વારા પ્રમુખ ઉદય જોશી, મહામંત્રી દિપક ચોરસીયા, રાષ્ટ્રીય સંરક્ષક દીનાનાથ ઠાકોર, સંગઠન મંત્રી સંજયજી પાસપોર્ટ ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ તથા એનડીડીબીના ઉપાધ્યક્ષ કુલદીપ ચેહલ જેવા વરિષ્ઠ નેતાઓ દ્વારા માર્ગદર્શન મળ્યું હતું.વિજયોત્સવને આવકારતા પ્રમુખ ડો. ઉદય જોશીએ કહ્યું છે કે ભવિષ્યમાં એન.સી.યુ.આઈ.માં સહકારીતાની ભાવના વધારે પ્રબળ અને પરિણામલક્ષી બનાવવા પર ધ્યાન આપવામાં આવશે. દરેક નિર્ણયો સહકારની ભાવનાથી અને સહકારના વિકાસ માટે સર્વાનુમતે લેવામાં આવશે.રાજયકક્ષાએ કાર્યરત રાજ્ય સંઘ તથા જીલ્લા સંઘમાં સહકારિતાનું મહત્ત્વ વધે અને સહકાર ભારતી ના સંસ્કારી કાર્યકર્તાઓ પોતાનું મહત્તમ યોગદાન આપી માનનીય પ્રધાનમંત્રીનું તથા સહકાર મંત્રીનું સહકારથી સમૃદ્ધિનું સ્વપ્ન હકીકત બનાવવા સેવારત રહેશે. રાજકોટ મહાનગર સહકાર ભારતી પ્રમુખ ડો.એન.ડી.શીલુ સહકારી ભારતી તથા સંગઠન મંત્રી જયેશ સંઘાણી વિજયને સહકારિતાનો વિજય તરીકે વધાવેલ છે.

# રાજકોટમાં મનપા દ્વારા 'એક વોર્ડ-એક દિવસ, સેવક આપના દ્વાર' કાર્યક્રમ શરૂ

## અંધકાર દૂર કરવા રોશની શાખાની વોર્ડવાઈઝ ફેરણી શરૂ: ફરિયાદ નિકાલ




રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકાની રોશની સમિતિ દ્વારા 'એક વોર્ડ-એક દિવસ, સેવક આપના દ્વાર' ફરિયાદ નિકાલ કાર્યક્રમનો શુભારંભ વોર્ડ નં. ૧થી કરવામાં આવ્યો છે. આ પ્રસંગે અધિકારી, કર્મચારી મિત્રોનો સન્માનનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ હતો. સિટી એન્જિનિયરથી લઈને ડ્રાઈવર, ફોરમેન સહિતના કર્મચારીને કંકુ તિલક કરીને પ્રજાના પ્રશ્નને સતર્ક રહીને ચલો જલાયે દીપ વહા જહાં અભી ભી અંધેરા હૈ ના સૂત્ર ને આત્મસાત કરીને પ્રજા પડતી હાલાકીને સત્વરે નિકાલ કરવાની નેમ છે.

અને જનતાની ફરિયાદોનું સ્થળ પર જ ઝડપી અને અસરકારક નિરાકરણ લાવવાના હેતુથી યોજાયેલો આ કાર્યક્રમ નાગરિક કેન્દ્રિત સુશાસનની દિશામાં મહત્વપૂર્ણ પહેલ છે તેમ રોશની સમિતિ ચેરમેન ડો. પરેશ ઠાકરે આ પ્રસંગે જણાવ્યું હતું.

આ પ્રસંગે ભાજપ અધ્યક્ષ માધવભાઈ દવે, મહામંત્રી લલિતભાઈ વાડોલીયા, રોશની સમિતિના વાઈસ ચેરમેન રાજશ્રી બેન, કાયદો અને નિયમન સમિતિના ચેરમેન જયરાજસિંહ જાડેજા, કોર્પોરેટર સેજલબેન ચૌધરી, અંજનાબેન મોરજરીયા, રીટા બેન, રાજેશભાઈ, નાગજીભાઈ વરૂ, રાણાભાઈ, અરૂણ નિર્મળ, સીટી ઈજનેર ભાવેશભાઈ જીવાણી સિટી એન્જિનિયર અને અધિકારી કર્મચારી મિત્રો જોડાયેલ હતા. ડો. પરેશ ઠાકરનું ભાજપ પ્રમુખ અને કોર્પોરેટરોએ સન્માન કર્યુ હતું.

# સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા સ્ટેટ પેનલ અમ્પાયર સેમિનાર અને પરીક્ષાનું આયોજન

## ઉમેદવારો માટે વયમર્યાદા ૨૧થી ૪૦ વર્ષ, અરજી ફોર્મ ૨૩થી ૨૮ જુલાઈ સુધી ઉપલબ્ધ

રાજકોટ,

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન (એસસીએ) દ્વારા આગામી ૪થી ૮ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન સ્ટેટ પેનલ અમ્પાયર માટે સેમિનાર અને પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ક્રિકેટ અમ્પાયરિંગ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છુક યુવાનો માટે આ ઉત્તમ તક ગણાશે.

સેમિનારમાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોની ઉંમર ૨૧ વર્ષથી વધુ અને ૪૦ વર્ષથી ઓછી હોવી આવશ્યક છે. ઉપરાંત ઉમેદવાર કોઈપણ ફેકલ્ટીમાં ગ્રેજ્યુએશનની લાયકાત ધરાવતા હોવા જોઈએ.

આ માટેના અરજી ફોર્મ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની ઓફિસ, ખંઢેરી સ્ટેડિયમ, રાજકોટ-જામનગર હાઈવે, જામનગર રોડ, રાજકોટ ખાતેથી ૨૩થી ૨૮ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન (તા. ૨૬ જુલાઈની રજાના દિવસ સિવાય) સવારે ૧૧:૦૦થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી મેળવી શકાશે.

ઉમેદવારોએ સંપૂર્ણ વિગતો સાથે ભરેલા અરજીપત્રકો જરૂરી દસ્તાવેજો સહિત ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી અથવા તે પહેલાં એસસીએની ઓફિસ ખાતે જમા કરાવવા જણાવાયું છે.

# રાજકોટમાં સેવા અને કરૂણાના માર્ગને સમર્પિત બિશપ ગ્રેગરીના અંતિમ દર્શનાર્થે લોકો ઉમટયા



રાજકોટ,

રાજકોટ કેથોલિક ડાયોસીસના બિશપ અમેરિટસ માર ગ્રેગરી કરોટેમ્પ્રેલનું ૯૩ વર્ષની વયે તા.૧૯ના રવિવારે બપોરના નિધન થયું છે. આજે અને ગઈકાલે બિશપ ગ્રેગરીના અંતિમ દર્શન માટે વિવિધ સમાજના આગેવાનો તથા ખ્રિસ્તી સમાજના લોકો પહોંચ્યા હતા અને પ્રેયર સાથે શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

સ્વ. બીશપ ગ્રેગરીની આજે બપોરના બે વાગે અંતિમવિધિ (ફ્યુનરલ લિટર્જી) કરાઈ હતી ત્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાંથી ફાધર આવેલા હતા અને અશ્રુભર્યા નયને વિદાય આપી હતી. તેમના નિધનથી સમગ્ર ખ્રિસ્તી સમાજમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. તેઓ સેવા અને કરૂણાના માર્ગને સમર્પિત હતા. તેમણે પ્રેમ મંદિર સહિત ૩૦૦થી વધુ ચર્ચોનું સર્જન કરેલ હતું. રાજકોટમાં કાલાવડ રોડ પર આવેલ પ્રેમ મંદિર તે સર્વધર્મ સમભાવનું પ્રતિક છે.

બીશપ ગ્રેગરીની રાહબરી હેઠળ શાળાઓ, કોલેજો, ડિસ્પેન્સરી, હોસ્પીટલો, વૃધ્ધાશ્રમો, ગ્રામીણ વિકાસના કેન્દ્રો કાર્યરત છે. જે આજે વટવૃક્ષ બન્યા છે. સૌરાષ્ટ્રમાં બિશપ ગ્રેગરીનું યોગદાન ભૂલી શકાય તેમ નથી.પ્રાર્થનામાં ખ્રિસ્તી સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# રાજકોટ જન્માષ્ટમી લોકમેળાના સ્ટોલ-પ્લોટના બે દિ'માં ૧૫૦થી વધુ ફોર્મ ઉપડયા

## સ્ટોલ-પ્લોટના ભાડામાં ૨૦૦૦થી લઈ રૂા.૧૨૦૦૦ સુધીનો વધારો કરાતા વેપારીઓમાં નારાજગી

રાજકોટ,

રાજકોટ કલેકટર તંત્ર



અને લોકમેળા અમલીકરણ સમિતી દ્વારા આગામી તા.૨ સપ્ટેમ્બરથી શહેરના રેસકોર્સ ગ્રાઉન્ડમાં આયોજીત કરાવેલા જન્માષ્ટમીના લોકમેળાના સ્ટોલ-પ્લોટ માટે ગઈકાલથી ઈન્ડીયન બેંક (તોરલ બિલ્ડીંગ, શાસ્ત્રીમેદાન સામે) ખાતેથી ગઈકાલથી ફોર્મ વિતરણ શરૂ કરાયા. આજે બીજા દિવસે બપોર સુધીમાં ૧૫૦થી વધુ ફોર્મ ઉપડી ગયા છે. જેમાં ગઈકાલે પ્રથમ દિવસે ૮૬ ફોર્મ ઉપડયા બાદ આજે બીજા દિવસે બપોર સુધીમાં ૬૦ ફોર્મ મળી કુલ ૧૫૦ ફોર્મ ઉપડી ગયા છે. રમકડા, આઈસ્ક્રીમ ખાણી-પીણી સહિતના સ્ટોલ અને યાંત્રીક રાઈડસના પ્લોટના ફોર્મ ભરીને પરત કરવાની અંતીમ તા.૨૮ નિયત કરવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે લોકમેળામાં આ વખતે કેટેગરી-બી રમકડાના ૧૦૦ સ્ટોલ, કેટેગરી-સી ખાણી-પીણીના ૮ સ્ટોલ, જયારે કેટેગરી-જે મધ્યમ ચકરડીના પ્લોટ-૩ કેટેગરી-કે નાની ચકરડીના પ્લોટ-૨૪, કેટેગરી-એ ખાણીપીણી, એક્ષપો એકઝીબીશન અને પ્રદર્શન માટે પ્લોટ ૨ બી-૧ કોર્નર ખાણીપીણીના પ્લોટ ૪૦, કેટેગરી-ઈના પ્લોટ-૫ કેટેગરી એફ યાંત્રિકના ૨૦, કેટેગરી-એચ યાંત્રિકના ૬ અને કેટેગરી-એકસ આઈસ્ક્રીમના પ્લોટ ૧૦ નિયત કરાયા છે.

જોકે આ વખતે લોકમેળાના સ્ટોલ-પ્લોટના ભાડામાં ૨૦૦૦થી લઈ રૂા.૧૨૦૦૦ સુધીનો વધારો કરાતા વેપારીઓમાં કચવાટ જાગેલ છે. આ અંગે આગામી સપ્તાહે વેપારીઓ દ્વારા બેઠકનું આયોજન કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટમાં માનસિક -દિવ્યાંગ બાળકોના ટેલેન્ટર શો યોજાયો

## બાળકોએ સંગીતમય 'ડાન્સ ' રજૂ કરી લોકોના દિલ જીતી લીધા




રાજકોટ,

અરવિંદભાઈ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા આયોજિત સ્નેહ સ્પર્શ કાર્યક્રમ અંતર્ગત માનસિક રીતે દિવ્યાંગ બાળકોના ટેલેન્ટ શોનું સફળ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોને તેમની પ્રતિભા રજૂ કરવા માટે સન્માનજનક મંચ પૂરો પાડવાનો હતો.

આ કાર્યક્રમમાં પાર્થ ફાઉન્ડેશન ટ્રસ્ટ પાર્થ સ્પેશિયલ એજ્યુકેશન સેન્ટરના બાળકોએ ઉત્સાહપૂર્વક ડાન્સ પ્રસ્તુતિ કરી. બાળકોના આત્મવિશ્વાસ, તાલમેલ અને અભિવ્યક્તિએ ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા. પ્રેક્ષકો દ્વારા તાળીઓના ગડગડાટ સાથે બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તમામ બાળકોને પાર્થ ફાઉન્ડેકશનની શ્રી પ્રિતિ આણંદપરા અમોલ આણંદપરાએ તૈયાર કર્યા અને કાર્યક્રમમાં મેદાન માર્યુ હતું. આ પ્રસંગે આયોજક સંસ્થા અરવિંદભાઈ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ તથા સ્નેહ સ્પર્શની સમગ્ર ટીમનો વિશેષ આભાર વ્યતે કરવામાં આવ્યો. આવા કાર્યક્રમો દિવ્યાંગ બાળકોમાં આત્મવિશ્વાસ, સામાજિક સમાવેશ અને તેમની પ્રતિભાને સમાજ સમક્ષ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પાર્થ ફાઉન્ડેશન ટ્રસ્ટે જણાવ્યું હતું કે સમાજના સહયોગથી વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોને વધુને વધુ આવા અવસરો મળતા રહે, જેથી તેઓ પોતાની ક્ષમતાઓને વિકસાવી સમાજમાં ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી શકે.

# NEET પરીક્ષામાં પુજીત રૂપાણી ટ્રસ્ટની જ્ઞાન પ્રબોધિનીના છાત્રોનો ડંકો : શ્રેષ્ઠ પરિણામ મેળવ્યું

## શ્રેયા વડગામા, આયુષી મછોયા, રિયા ચુડાસમા તથા રાજ લોખીલએ NEET પરીક્ષામાં ઉત્તમ ગુણ સાથે સફળતા મેળવી



રાજકોટ, તા. ૨૧

શ્રી પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ સંચાલિત જ્ઞાનપ્રબોધિની પ્રોજેક્ટના ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓએ NEET પરીક્ષામાં નોંધપાત્ર સફળતા મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે. તાજેતરમાં જાહેર થયેલા NEET-૨૦૨૬ના પરિણામમાં ટ્રસ્ટના વિદ્યાર્થીઓ શ્રેયા વડગામા, આયુષી મછોયા, રિયા ચુડાસમા તથા રાજ લોખીલએ NEET પરીક્ષામાં ઉત્તમ ગુણ સાથે સફળતા પ્રાપ્ત કરી મેડિકલ ક્ષેત્રે આગળ વધવાનો માર્ગ મોકળો કર્યો છે.

વિદ્યાર્થીઓની આ ઝળહળતી સિદ્ધિ બદલ ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલીબેન વિજયભાઈ રૂપાણી, ટ્રસ્ટી મંડળ તથા સમગ્ર જ્ઞાનપ્રબોધિની ટીમે અભિનંદન પાઠવી ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે, શ્રી પૂજિત વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ છેલ્લા ૨૭ વર્ષથી જ્ઞાનપ્રબોધિની પ્રોજેક્ટ દ્વારા આર્થિક રીતે જરૂરિયાતમંદ અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ, માર્ગદર્શન અને સર્વાંગી વિકાસની તક પૂરી પાડી રહ્યું છે. ટ્રસ્ટના અનેક વિદ્યાર્થીઓ આજે ડોકટર, એન્જિનિયર, IIT, C.A. તથા અન્ય ઉચ્ચ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સફળતા મેળવી પોતાના કુટુંબના તારણહાર બન્યા છે. ટ્રસ્ટ શિક્ષિત, સંસ્કારી અને આત્મનિર્ભર સમાજના નિર્માણના ધ્યેય સાથે સતત કાર્યરત છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર માટે ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટીઓ મહેશભાઈ ભટ્ટ, ડો. મેહુલભાઈ રૂપાણી, અમીનેશભાઈ રૂપાણી તેમજ કમિટી મેમ્બર્સ જયેશભાઈ ભટ્ટ, હિંમતભાઈ માલવિયા, હસુભાઈ ગણાત્રા, મીરાબેન મહેતા, ગીતાબેન તન્ના, રાજુભાઈ શેઠ, પરેશભાઈ હુંબલ તથા વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટ સતત જહેમત ઉઠાવી રહ્યા છે

# ગુરૂવારે રાજકોટના સદગુરૂ આશ્રમમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ સંદર્ભે બેઠક

રાજકોટ,

સદગુરૂ સદન ટ્રસ્ટ (પ.પૂ.શ્રી રણછોડદાસજીબાપુ આશ્રમ) રાજકોટ દ્વારા ગુરૂપૂર્ણિમા મહોત્સવ ખુબજ ધામધૂમપુર્વક ઉજવવામાં આવનાર છે. ગુરૂપૂર્ણિમા મહોત્સવમાં ભોજન પ્રસાદ, રસોઈ વિભાગ, દર્શન વિભાગ, પાણી વિભાગ, બુટ ચંપલ ઘર વિગેરેની વ્યવસ્થા તથા તૈયારી અંગેની ગુરૂભાઈ- બહેનો તથા સ્વયંસેવકોની મીટીંગ તા.૨૩ના ગુરૂવારના રાત્રે ૮-૩૦ વાગ્યે નિજ મંદિર હોલમાં રાખેલ છે. સર્વે ગુરૂભાઈ-બહેનો તથા સ્વયંસેવક ભાઈ-બહેનોને મીટીંગમાં ઉપસ્થિત રહેવા ટ્રસ્ટી પ્રવીણભાઈ વસાણીએ જણાવેલ છે.

# રાજકોટમાં સગીરાના અપહરણ-ઢાંકીના કેસમાં આરોપીને પાંચ વર્ષની સજા

## પાંચ વર્ષની સજા અને રૂ.૧૫ હજારનો દંડ ફટકારતો કોર્ટનો હુકમ

રાજકોટ,

રાજકોટમાં છ વર્ષ પૂર્વે પાડોશી શખ્સે સગીરાને ધમકી આપી અપહરણ કરવાના ચકચારી કેસમાં સગીરાને સગીરાએ શારીરિક અડપલાંની વાતને નકારતા કોર્ટે પોકસો એકટના ગુનામાં આરોપીને શંકાનો લાભ આપ્યો છે. જ્યારે ધાકધમકી આપી અપહરણ કરવાના કેસમાં આરોપીને પાંચ વર્ષની સજા અને રૂ.૧૫ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, રાજકોટમાં રહેતા આરોપી નયન ઉર્ફે નયલો વિનુભાઈ ચૌહાણે પોતાના જ પાડોશમાં રહેતી ૧૭ વર્ષ અને ૮ માસની સગીરાના ઘરે જઈ તેણીને પોતાની સાથે લગ્ન કરવા માટે દબાણ કર્યું હતું અને જો તે બીજે ક્યાંય લગ્ન કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ નયન ઉર્ફે નયલો ચૌહાણે પોતાના મિત્રના બુલેટ મોટરસાયકલમાં સગીરાનું અપહરણ જૂનાગઢ લઈ ગયો હતો. જ્યાં રસ્તામાં તેણે શારીરિક અડપલાં પણ કર્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ઘરે પરત ફરેલી ભોગ બનનાર સગીરાએ આપવીતી વર્ણવતા સગીરાના પિતાએ થોરાળા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી જે કેસમાં કોર્ટે આરોપીને પાંચ વર્ષની સજા અને રૂ.૧૫ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફટીની લાઈન લીક થતા પાણી ભરાયા

રાજકોટ,

સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ, તેમના સ્વજનો, ડોક્ટર, નર્સ સહિતનો સ્ટાફ મળી દરરોજ હજારો લોકો અહીં આવે છે. જેથી અહીં લોકોની સુરક્ષા અને સલામતી ખૂબ જરૂરી બની જાય છે. પરંતુ અગાઉ સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફટીને લઈ સવાલો ઉઠ્યા હતા. લોકોની સલામતી માટે ફાયર સેફટીની સુવિધા મુકાતા હવે આ સાધનોમાં પણ સલામતીના નામે છીંડા જોવા મળ્યાં છે. સિવિલ હોસ્પિટલમાં ફાયર સેફટીની લાઈન લીક થતા પ્લાસ્ટિક કોથળી બાંધી છીંડા ઢાંકવા પ્રયાસ થયો હતો.

ઈમરજન્સી વિભાગ પાસે નીકળતી આ લાઈન ફાયર સેફટીની મેઈન લાઈન હોવાનું જાણવા મળે છે. આ લાઈન તૂટતાં હોસ્પિટલ કેમ્પસમાં ઈમરજન્સી વિભાગના સામેના ભાગમાં પાણી ભરાયા છે. જેથી ત્યાંથી ચાલતા દર્દીઓ અને અન્ય લોકોને પણ મુશ્કેલી પડી રહીં છે.

# રાજકોટમાં કારડીયા રાજપૂત સમાજ દ્વારા જનરલ બોર્ડ બેઠક યોજાઈ



રાજકોટ,રાજકોટમાં કારડીયા રાજપુત જ્ઞાતિ સમાજ તેમજ રામ મંદિર ટ્રસ્ટની સંયુકત જનરલ બોર્ડ સભા મળેલ હતી તેમાં કારડીયા રાજપુત સમાજના પ્રમુખ તરીકે અરૂણભાઈ સોલંકીની સર્વ સંમતિથી વરણી થયેલ હતી. સુરેશભાઈ પરમાર ઉપપ્રમુખ ગુલાબસિંહ સોલંકી મંત્રી હરિસિંહ પરમાર ખજાનચી જીતુભાઈ સેલારા સહમંત્રી સુરેશભાઈ ભટ્ટી સહમંત્રી રમેશભાઈ મકવાણા સહમંત્રી તેમજ બીજા ટ્રસ્ટી મંડળની પણ વરણી કરવામાં આવેલ હતી.

# સરકાર ન તો જવાબદારી લેવા માંગે છે કે ન તો સંસદમાં તેની ચર્ચા કરવા માંગે છે, ભારતના યુવાનોનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે : વિપક્ષ

## પીએમના નિવાસસ્થાન પાસે કોંગ્રેસનો વિરોધ, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત અનેક નેતાઓએ ધરણા કર્યા



નવીદિલ્હી,

પેપર લીક મુદ્દે વિરોધી પક્ષો કોંગ્રેસ સરકાર પર પ્રહારો કરી રહ્યા છે. ચોમાસુ સત્રમાં વિરોધ પક્ષના બીજા નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને પ્રિયંકા ગાંધી અને અન્ય ઘણા અગ્રણી નેતાઓ સાથે મળીને પીએમ નિવાસસ્થાન સામે ધરણા પ્રદર્શન કરી રહ્યા છે. આ બધા નેતાઓ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે. ધરણા પ્રદર્શન પહેલા, આ બધા નેતાઓએ સંસદથી પીએમ નિવાસસ્થાન સુધી કૂચ કરી હતી.

આ કૂચ દરમિયાન કોંગ્રેસના સાંસદોની અટકાયત કરવામાં આવી રહી છે. રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સહિત અનેક નેતાઓના હાથ નાયલોનના દોરડાથી બાંધી દેવામાં આવ્યા છે.વધુમાં, પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીની પણ પોલીસે અટકાયત કરી છે.

રાહુલ ગાંધીએ તેમના સોશિયલ મીડિયા હેન્ડલ, એક્સ પર વિરોધ પ્રદર્શનનો એક વીડિયો પોસ્ટ કર્યો, જેમાં લખ્યું, "અમે ગઈકાલે યુવાન વિદ્યાર્થીઓ પર થયેલી ક્રૂરતાનો જવાબ માંગવા માટે વડા પ્રધાન મોદીના ઘર તરફ કૂચ કરી રહ્યા છીએ. સરકાર ન તો જવાબદારી લેવા માંગે છે કે ન તો સંસદમાં તેની ચર્ચા કરવા માંગે છે. ભારતના યુવાનોનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે." અગાઉ, મીડિયા સાથે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે દેશના વિદ્યાર્થીઓ કહી રહ્યા છે કે, "આપણું કોઈ ભવિષ્ય નથી," પરંતુ આ સરકારના મંત્રીઓ કહી રહ્યા છે કે તેઓ પોતાનું પદ ગુમાવશે નહીં. રાહુલે કહ્યું હતું કે જે દેશમાં વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય ગુમાવે છે અને મંત્રીઓ પોતાનું ભવિષ્ય ગુમાવતા નથી, ત્યાં કોઈ ન્યાય નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે દેશના યુવાનો માટે કોઈ તકો નથી અને તેમના માટે બધા રસ્તા બંધ થઈ ગયા છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ એક સમયે ખુલ્લી હતી, પરંતુ તે પ્રણાલી પણ બરબાદ થઈ ગઈ છે. તેમણે આરોપ લગાવ્યો કે વિદ્યાર્થીઓની ફરિયાદો ફક્ત શિક્ષણ પ્રણાલી સુધી મર્યાદિત નથી, પરંતુ તેમના ભવિષ્ય સાથે પણ સંબંધિત છે.

# મધ્યપ્રદેશ વિધાનસભામાં સમાન નાગરિક સંહિતા બિલ પસાર, બહુપત્નીત્વ, નિકાહ હલાલા પર પ્રતિબંધ

## લિવ-ઈન રિલેશનશિપ માટે યુનિયનની નોંધણી કરાવવી જરૂરી

ભોપાલ/ઈન્દોર,

મધ્યપ્રદેશ વિધાનસભાએ વિરોધ પક્ષ કોંગ્રેસના વિરોધ વચ્ચે સમાન નાગરિક સંહિતા (UCC) બિલને ધ્વનિમતથી પસાર કરી દીધું છે. વિપક્ષના ધારાસભ્યો ઈચ્છતા હતા કે બિલને ચર્ચા માટે પસંદગી સમિતિ પાસે મોકલવામાં આવે; જોકે, ટેકનિકલ શિક્ષણ અને કૌશલ્ય વિકાસ મંત્રી ગૌતમ તેટવાલે ધ્વનિમતથી પસાર થવા માટે બિલ રજૂ કર્યા પછી તે પસાર થઈ ગયું.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે તેને "સુવર્ણ દિવસ" ગણાવ્યો, જ્યારે કોંગ્રેસ પાર્ટી પર તેની "ખામીયુક્ત માનસિકતા" માટે પ્રહારો કર્યા. યાદવે મીડિયાને જણાવ્યું કે, "સમાન નાગરિક સંહિતા બિલ પસાર થવું એ મધ્યપ્રદેશના ૮.૫ કરોડ લોકો માટે ખરેખર એક સુવર્ણ દિવસ છે."

"મધ્ય પ્રદેશ વિધાનસભામાં આ કાયદાનો અમલ 'એક રાષ્ટ્ર, એક બંધારણ, એક ધ્વજ, એક નેતા' ના વિઝન પ્રત્યેની અમારી સાચી પ્રતિબદ્ધતા દર્શાવે છે, જે ડૉ. ભીમરાવ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી દ્વારા સમર્થિત છે... આ પગલું મહિલાઓને બહુપત્નીત્વથી થતી વેદનામાંથી મુક્ત કરશે અને તેમના અધિકારો માટે સરકારી સમર્થન સુનિશ્ચિત કરશે. "હું સમગ્ર રાજ્યને અભિનંદન આપવા માંગુ છું અને કોંગ્રેસ પાર્ટીને પૂછવા માંગુ છું કે, 'તેઓ હંમેશા હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે વિભાજન શા માટે બનાવવાનો પ્રયાસ કરે છે?'... આઝાદી સમયે કોંગ્રેસની આ ખામીયુક્ત માનસિકતા જ દેશના ભાગલા તરફ દોરી ગઈ.

આ બિલ ત્રણ તલાક અને નિકાહ હલાલાની પ્રથાઓને ગુનાહિત બનાવશે, બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂકશે અને લિવ-ઇન રિલેશનશિપમાં રહેલા યુગલોને એક મહિનાની અંદર તેમના યુનિયનની નોંધણી કરાવવાની જરૂર પડશે, નહીં તો તેમને ત્રણ મહિના સુધીની જેલની સજા થઈ શકે છે.

# હિમાચલ પ્રદેશમાં ઓલ ઈન્ડિયા ટુરિસ્ટ પરમિટ હવે ૧૫ વર્ષ માટે માન્ય રહેશે

શિમલા,

હિમાચલ પ્રદેશ સરકારે ઓલ ઈન્ડિયા ટુરિસ્ટ પરમિટ ધરાવતા વાહનો માટે મહત્તમ ઓપરેટિંગ સમયગાળો ૧૨ થી ૧૫ વર્ષ કરીને પ્રવાસન સંબંધિત વાહન સંચાલકોને મોટી રાહત આપી છે. આ નિર્ણયથી હજારો ટેક્સી સંચાલકો, ટુરિસ્ટ કેબ સંચાલકો અને પ્રવાસન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને સીધો ફાયદો થવાની અપેક્ષા છે. રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગ રાજ્યના અર્થતંત્રનો એક મહત્વપૂર્ણ ઘટક છે. દર વર્ષે લાખો પ્રવાસીઓ હિમાચલની મુલાકાત લે છે, અને ખાનગી ટેક્સીઓ અને ટુરિસ્ટ વાહનો તેમના પરિવહન માટે મોટાભાગે જવાબદાર છે. પરિણામે, વાહન સંચાલકો લાંબા સમયથી પરમિટનો સમયગાળો લંબાવવાની માંગ કરી રહ્યા છે. તેઓએ જણાવ્યું હતું કે ૧૨ વર્ષ પછી વાહન બદલવું આર્થિક રીતે પડકારજનક છે, ભલે ઘણા વાહનો સારી ટેકનિકલ સ્થિતિમાં હોય અને સલામત સંચાલન માટે સક્ષમ હોય. સરકારના તાજેતરના નિર્ણય બાદ, ઓલ ઈન્ડિયા ટુરિસ્ટ પરમિટ ધરાવતા વાહનો હવે ૧૫ વર્ષ સુધી ચલાવી શકાય છે જો તેઓ નિર્ધારિત ફિટનેસ ધોરણોને પૂર્ણ કરે છે. આનાથી વાહન માલિકોને નવું વાહન ખરીદવા માટે વધારાનો સમય મળશે અને તેમનો નાણાકીય બોજ ઓછો થશે. જોકે, પરિવહન વિભાગે સ્પષ્ટતા કરી છે કે ઓપરેશનલ સમયગાળો લંબાવવાનો અર્થ એ નથી કે વાહનો નિરીક્ષણ વિના રસ્તા પર ચાલી શકશે. બધા વાહનોએ સમયાંતરે ફિટનેસ પરીક્ષણોમાંથી પસાર થવું પડશે, માન્ય વીમો હોવો જોઈએ, પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર હોવું જોઈએ અને મોટર વાહન અધિનિયમ અને પરિવહન વિભાગના નિયમો હેઠળ અન્ય જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કરવી જોઈએ.

# આર્થિક સહયોગ એ ભારત-નોર્થ મેસેડોનિયા દ્વિપક્ષીય સંબંધોનો અત્યંત મહત્વપૂર્ણ સ્તંભ : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

## નોર્થ મેસેડોનિયાના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી અને ડેલિગેશન-સ્તરની વાટાઘાટોનું નેતૃત્વ કર્યું

મોલ્ડોવા,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ સોમવારે (૨૦ જુલાઈ, ૨૦૨૬) સાંજે, મોલ્ડોવા, નોર્થ મેસેડોનિયા અને રોમાનિયાની તેમની રાજ્ય મુલાકાતના બીજા તબક્કામાં, નોર્થ મેસેડોનિયાના સ્કોપજે પહોંચ્યા હતા. નોંધનીય છે કે, નોર્થ મેસેડોનિયાની મુલાકાત લેનારા ભારતના કોઈપણ રાષ્ટ્રપતિની આ પ્રથમ ઐતિહાસિક મુલાકાત છે.

સ્કોપજે ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આગમન પર, નોર્થ મેસેડોનિયાના વિદેશ અને વિદેશી વેપાર મંત્રી શ્રી ટીમચો મુચુન્સકી દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ રાજ્ય પ્રવાસમાં, રાષ્ટ્રપતિની સાથે ગ્રાહક બાબતો, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતિભાઈ બાંભણિયા અને સંસદ સભ્યો ડૉ. દિનેશ શર્મા અને શ્રી વિજય બઘેલ પણ છે.

મંગળવારે (૨૧ જુલાઈ, ૨૦૨૬), રાષ્ટ્રપતિએ નોર્થ મેસેડોનિયાના રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન અને કાર્યાલય વિલા વોડનોની મુલાકાત સાથે તેમના કાર્યક્રમોની શરૂઆત કરી હતી. નોર્થ



મેસેડોનિયા પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. ગોર્ડાના સિલજાનોવસ્કા-દાવકોવા દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઔપચારિક સ્વાગત સાથે તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. વન-ટુ-વન બેઠક અને ડેલિગેશન-સ્તરની વાટાઘાટો દરમિયાન, બંને નેતાઓએ દ્વિપક્ષીય સહયોગની સંપૂર્ણ શ્રેણી પર ચર્ચા કરી હતી, અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેમણે સમાન લોકશાહી મૂલ્યો અને પરસ્પર સન્માન પર આધારિત ઊંડા અને મૈત્રીપૂર્ણ દ્વિપક્ષીય સંબંધોનો પુનરોચ્ચાર કર્યો હતો.

રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આર્થિક સહયોગ એ ભારત-નોર્થ મેસેડોનિયા દ્વિપક્ષીય સંબંધોનો અત્યંત મહત્વપૂર્ણ સ્તંભ છે.

# ભારતીય વિદ્યાર્થીઓની અરજીઓમાં ઘટાડો પાછળ જીવનસાથી વર્ક પરમિટ પરના નિયંત્રણોઃ કેનેડા

ટોરોન્ટો,

કેનેડાના ઈમિગ્રેશન અધિકારીઓનું માનવું છે કે, ભારતમાંથી અભ્યાસ પરવાનગી અરજીઓમાં ઘટાડો થવાનું એક કારણ જીવનસાથીઓ માટે ઓપન વર્ક પરમિટ પરના પ્રતિબંધો હતા, જેના કારણે અગાઉ સુવિધાજનક લગ્ન થયા હતા.

નવી દિલ્હીમાં કેનેડિયન હાઇ કમિશનમાં પોસ્ટ કરાયેલા ફર્સ્ટ સેક્રેટરી (માઈગ્રેશન) હાન ડુઆને ઈન્ટરનેશનલ પ્લેટફોર્મના અનિયમિત સ્થળાંતર અને જોખમ ગુપ્તચર વિભાગના ડિરેક્ટર સીન મેકલુકી સાથે વાનકુવર સ્થિત ઈમિગ્રેશન વકીલ રિચાર્ડ કુર્લેન્ડ દ્વારા માસિક પ્રસારિત ન્યૂઝલેટર લેક્સબેઝ દ્વારા મેળવેલા સંદેશાવ્યવહારમાં આ પરિબળો નોંધ્યા હતા. ૨૨ માર્ચ, ૨૦૨૫ ના રોજના સંદેશાવ્યવહારમાં, ડુઆને કહ્યું, "કેનેડામાં અભ્યાસ અને રહેવાના ઊંચા ખર્ચને ધ્યાનમાં રાખીને, ઘણા ભારતીય અરજદારો જીવનસાથી ઓપન વર્ક પરમિટ (ઉં) ના બદલામાં નાણાકીય સહાય મેળવવા માટે સુવિધાજનક લગ્નો પર આધાર રાખતા હતા. સ્થાનિક અખબારોમાં અને ડેટિંગ એપ્લિકેશનો પર આ પ્રથાની વ્યાપકપણે જાહેરાત કરવામાં આવી હતી."

તેમણે ધ્યાન દોર્યું કે જીવનસાથીના ઉં પર પ્રતિબંધો લાગુ થયા પછી, ઘણા ભારતીય અભ્યાસ પરમિટ અરજદારો એવા દેશોમાં સ્થળાંતરિત થયા જે હજુ પણ જીવનસાથીના વિઝાને મંજૂરી આપે છે, જેમાં જર્મની, સ્વીડન અને ફિનલેન્ડમાં "નોંધપાત્ર વધારો" નોંધાયો છે.

# મુંબઈની કોર્ટે બે અલગ-અલગ ચાંચિયાગીરીના કેસમાં ૪૪ સોમાલી ચાંચિયાઓને આજીવન કેદની સજા ફટકારી

મુંબઈ,

મુંબઈની એક ખાસ અદાલતે માર્ચ ૨૦૨૪ માં ઈરાની માછીમારી જહાજ એફવી અલ-કમ્બર ૭૮૬ ના અપહરણ અને તેના ૨૩ ક્રૂ સભ્યોને બંધક બનાવવા બદલ તમામ નવ સોમાલી નાગરિકોને દોષિત ઠેરવ્યા છે અને સજા ફટકારી છે. આ કેસની સુનાવણી મેરીટાઇમ એન્ટી-પાયરેસી એક્ટ, ૨૦૨૨ હેઠળ કરવામાં આવી હતી.

યલો ગેટ પોલીસ સ્ટેશન વતી સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર એડવોકેટ રણજીત વી. સાંગલે દ્વારા આ કેસ ચલાવવામાં આવ્યો હતો. આ ચુકાદો એડિશનલ સેશન્સ જજ એસ.બી. દિઘેની ૨૮મી સ્પેશિયલ કોર્ટે આપ્યો હતો. આ ચુકાદો સોમાલી ચાંચિયાગીરીના કેસોમાં ભારતના સતત દોષિત ઠેરવવાના રેકોર્ડને વધુ મજબૂત બનાવે છે.

મુંબઈની એક ખાસ અદાલતે એમવી રૂએન હાઈજેકિંગ કેસમાં તમામ ૩૫ સોમાલી નાગરિકોને દોષિત ઠેરવ્યા છે અને સજા ફટકારી છે. ચાંચિયાગીરી વિરોધી અધિનિયમ, ૨૦૨૨ હેઠળ આ ભારતનો પહેલો સફળ કેસ છે.

માર્ચ ૨૦૨૪ માં ભારતીય નૌકાદળ દ્વારા જહાજને મુક્ત કરવામાં આવ્યા પછી અને ત્યારબાદ યલો ગેટ પોલીસ સ્ટેશન દ્વારા લાંબી તપાસ પછી આ કેસ કોર્ટમાં પહોંચ્યો. આ કેસ સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર એડવોકેટ રણજીત વી. સાંગલે દ્વારા ચલાવવામાં આવ્યો હતો. કોર્ટના આ નિર્ણયને ઐતિહાસિક માનવામાં આવી રહ્યો છે, જે ભારતના ઉચ્ચ સમુદ્રી ચાંચિયાગીરી સામેના મજબૂત વલણ અને ગુનેગારોને ન્યાય અપાવવાની પ્રતિબદ્ધતાને પુષ્ટિ આપે છે.

૨૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ, મુંબઈની એક ખાસ અદાલતે સોમાલી ચાંચિયાગીરી સંબંધિત બે અલગ અલગ કેસોમાં સીમાચિહ્નરૂપ ચુકાદા આપ્યા, જેમાં અલ-કમ્બર ૭૮૬ હાઈજેકિંગ કેસમાં તમામ નવ આરોપીઓ અને એમવી રૂએન હાઈજેકિંગ કેસમાં તમામ ૩૫ આરોપીઓને દોષિત ઠેરવ્યા અને સજા ફટકારવામાં આવી.

મહારાષ્ટ્ર સરકાર વતી યલો ગેટ પોલીસ સ્ટેશન દ્વારા બંને કેસ ચલાવવામાં આવ્યા હતા, જ્યારે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર એડવોકેટ રણજીત વી. સાંગલેએ કોર્ટમાં કેસ ચલાવ્યો હતો. એમવી રૂએન કેસમાં આ ચુકાદો દરિયાઈ ચાંચિયાગીરી વિરોધી અધિનિયમ, ૨૦૨૨ હેઠળ ભારતની પ્રથમ સજા દર્શાવે છે.

# અફઘાનિસ્તાનમાં અચાનક આવેલા પૂરથી ૨૦ લોકોના મોત : ૧૦૦ થી વધુ લોકો ગુમ

## પૂરથી ઘરો, ખેતીની જમીન અને જાહેર સુવિધાઓને વ્યાપક નુકસાન

કાબુલ,

અફઘાનિસ્તાનમાં અચાનક પૂરથી ઓછામાં ઓછા ૨૦ લોકો માર્યા ગયા છે, જ્યારે ૧૦૦ થી વધુ ગુમ છે. અફઘાનિસ્તાન રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના પ્રવક્તા યુસુફ હમ્મદે જણાવ્યું હતું કે પૂર્વીય પ્રાંત નુરિસ્તાનમાં પૂર આવ્યું છે, અને ગુમ થયેલા લોકોને શોધવા માટે શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે. તેમણે કહ્યું, "અમે બધા નાગરિકોને પૂરગ્રસ્ત અને સંવેદનશીલ વિસ્તારોથી દૂર રહેવા અપીલ કરીએ છીએ." હમ્મદે કહ્યું, "દુર્ભાગ્યવશ, આજે પારુન શહેર અને નુરિસ્તાન પ્રાંતના અન્ય કેટલાક વિસ્તારોમાં આવેલા ભયંકર પૂરથી આપણા સાથી નાગરિકોમાં જાનમાલનું નોંધપાત્ર નુકસાન થયું છે." તેમણે વધુમાં જણાવ્યું કે પૂરથી ઘરો, ખેતીની જમીન અને જાહેર સુવિધાઓને વ્યાપક નુકસાન થયું છે. અફઘાનિસ્તાન ભારે હવામાન ઘટનાઓ માટે ખૂબ જ સંવેદનશીલ છે. હિમવર્ષા અને ભારે વરસાદ અચાનક પૂરનો સતત ભય પેદા કરે છે. આ ઘટનાઓ ઘણીવાર ડઝનેક અથવા સેંકડો લોકોના મૃત્યુનું કારણ બને છે. ૨૦૨૪ માં, વસંત ઋતુ દરમિયાન અચાનક પૂરમાં ૩૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. આ વર્ષની શરૂઆતમાં, દેશના ઘણા ભાગોમાં ભારે પૂર અને ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા ૧૧૦ લોકો મૃત્યુ પામ્યા હતા.

# ભારત ઉભરી રહ્યું નથી પરંતુ પહેલાથી જ એક મહાસત્તા છે : પનામાના વિદેશ મંત્રી

## પનામા લેટિન અમેરિકા અને મધ્ય અમેરિકા માટે ભારતનું મુખ્ય પ્રવેશદ્વાર બની શકે

નવીદિલ્હી,

પનામાના વિદેશ પ્રધાન જાવિયર માર્ટિનેઝ-આચા વાસ્ક્વેઝે ભારતને "પહેલેથી જ એક મહાસત્તા" ગણાવ્યું અને બંને દેશોના સંબંધોને લાંબા ગાળાની વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરવા હાકલ કરી. આર્થિક સહયોગ, વેપાર અને રોકાણ વધારવાની અપીલ કરતા તેમણે કહ્યું કે પનામા લેટિન અમેરિકા અને મધ્ય અમેરિકા માટે ભારતનું મુખ્ય પ્રવેશદ્વાર બની શકે છે. નવી દિલ્હીમાં વિદેશ પ્રધાન એસ. જયશંકર સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો દરમિયાન, વાસ્ક્વેઝે કહ્યું કે જ્યારે ભારત ૨૧મી સદીના વૈશ્વિક વ્યવસ્થાને



આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે ત્યારે ભારતની મુલાકાત લેવી સન્માનની વાત છે.

વાસ્ક્વેઝે કહ્યું, "કેટલાક નિષ્ણાતો ભારતને ઉભરતી મહાસત્તા માને છે, પરંતુ આપણા માટે, ભારત પહેલેથી જ એક મહાસત્તા છે. પનામા ભારતને માત્ર એક મુખ્ય અર્થતંત્ર તરીકે જ નહીં, પરંતુ એક સભ્યતા શક્તિ તરીકે જુએ છે જેનો વૈશ્વિક અવાજ વધુ મજબૂત થઈ રહ્યો છે.

# જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ અને ખરાબ હવામાનના કારણે વૈષ્ણોદેવી અને અમરનાથ યાત્રા કલાકો સુધી સ્થગિત

## વરસાદ અને ખરાબ હવામાનના કારણે વાહનવ્યવહાર પર પણ માઠી અસર

શ્રીનગર,

સતત બીજા દીવસે પણ જમ્મુ કાશ્મીરમાં અવિરત વરસાદ અને ખરાબ હવામાને ભારે વિનાશ સર્જ્યો છે. પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન, મકાનો ધરાશાયી થવા અને પૂરના કારણે સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. પૂંછ જિલ્લામાં સૌથી વધુ તબાહી મચી છે, જ્યાં પહાડ પરથી કાદવ અને મલબો ધસી પડતાં એક જ પરિવારના સાત સભ્યોના કરૂણ મોત નીપજ્યા છે. બે દિવસમાં હવામાન સંબંધિત હોનારતોને કારણે રાજ્યમાં કુલ ૨૪ લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે, જ્યારે ૬ લોકો હજુ પણ કાદવ અને પૂરના પાણીમાં લાપતા છે.છેલ્લા ૪૮ કલાકથી હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને સતત બીજા દિવસે પણ અમરનાથ, માતા વૈષ્ણોદેવી, રિયાસી સ્થિત શિવખોડી અને કિલતવાડમાં સરથલ યાત્રા સ્થગિત કરી દેવામાં આવી છે. જોકે, અમરનાથ ધામ માટે બાલ્તાલના માર્ગેથી કેટલાક શ્રદ્ધાળુઓને રવાના કરવામાં આવ્યા છે. કટડા ખાતે ૧૫ હજારથી વધુ શ્રદ્ધાળુઓ યાત્રા ફરી શરૂ થાય તેની રાહ જોઈ રહ્યા છે. વૈષ્ણોદેવી યાત્રા માર્ગ પર પથ્થરો પડવાની અને ભૂસ્ખલનની ઘટનાઓ બની છે, પરંતુ યાત્રા બંધ હોવાના કારણે સદનસીબે મોટી જાનહાનિ ટળી છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ અને શ્રાઇન બોર્ડ માર્ગોને સુરક્ષિત કરવામાં લાગેલું છે.

રાજૌરી અને પૂંછ જિલ્લામાં બે દિવસમાં કુલ ૨૧ લોકોના મોત થયા છે. સોમવારે સવારે સુરનકોટના લોરન ગામમાં એક કાચા મકાન પર પહાડ પરથી ભારે મલબો પડતાં એક જ પરિવારના સાત લોકોના મોત થયા હતા, જેમાં ચાર મહિલાઓનો સમાવેશ થાય છે. તવી અને ચિનાબ નદીઓ સહિત અનેક નાળાઓ ભયજનક સપાટીએ વહી રહ્યા છે. રાજૌરીમાં ઉફાન પર આવેલી મનાવર નદીમાંથી હેલિકોપ્ટરની મદદથી એક વ્યક્તિનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોઈને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ મૃતકોના પરિવારોને છ-છ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે.

ખરાબ હવામાનના કારણે વાહનવ્યવહાર પર પણ માઠી અસર પડી છે

ડોડા જિલ્લામાં ભદ્રવાહથી જમ્મુ આવી રહેલી એક મુસાફર બસ પર પહાડ પરથી વિશાળ ખડક પડતાં બે લોકોના મોત થયા છે અને ચાર મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે. સતત વરસાદના કારણે અનેક રસ્તાઓ ધોવાઈ જતાં ઘણા ગામડાઓનો સંપર્ક કપાઈ ગયો છે. હવામાન વિભાગે ૨૩ જુલાઈ સુધી ભારે વરસાદ અને ભૂસ્ખલનની ચેતવણી આપી છે અને લોકોને પહાડી વિસ્તારોમાં બિનજરૂરી મુસાફરી ટાળવા સલાહ આપી છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે વહીવટીતંત્રે તમામ સરકારી કર્મચારીઓની રજાઓ રદ કરી દીધી છે.

# તમિલનાડુના મુખ્યમંત્રી વિજય વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ધારાસભ્યની ધરપકડ કરવામાં આવી

## કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો

ચેન્નાઇ,

ડીએમકે ધારાસભ્ય માર્કંડેયન્નેે તમિલનાડુના મુખ્યમંત્રી સી જોસેફ વિજયની ટીકા કરવા બદલ તેમના ઘરેથી પોલીસે ધરપકડ કરી હતી. અગાઉ, ડીએમકે ધારાસભ્ય અનિતા રાધાકૃષ્ણનને ૬ જુલાઈના રોજ મુખ્યમંત્રીની ટીકા કરવા બદલ થુથુકુડીમાં ધરપકડ કરવામાં આવી હતી. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ડીએમકે વડા કરુણાનિધિની જન્મજયંતિ નિમિત્તે ડીએમકે ધારાસભ્ય માર્કંડેયનના નેતૃત્વમાં થુથુકુડી જિલ્લાના વિલાથીકુલમ મતવિસ્તારમાં એક જાહેર સભા યોજાઈ હતી. બેઠક દરમિયાન ડીએમકે ધારાસભ્યએ મુખ્યમંત્રી વિજય વિરુદ્ધ અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો.

ટીવીકે સભ્યોની ફરિયાદ બાદ, પોલીસ ફોર્સ સાથે વિલાથીકુલમ વિસ્તારમાં ડીએમકે ધારાસભ્ય માર્કંડેયનના નિવાસસ્થાને પહોંચી અને તેમની ધરપકડ કરીને અટકાયતમાં લીધી. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આગળની કાર્યવાહી ચાલુ છે.

પોલીસના જણાવ્યા અનુસાર, વિપક્ષના નેતા દ્રવિડ મુનેત્ર કઝગમ અને તમિલનાડુના વિલાથીકુલમના ધારાસભ્ય જી.વી. માર્કંડેયનની સોમવારે મુખ્યમંત્રી સી. જોસેફ વિજય વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ધારાસભ્યને તેમના નિવાસસ્થાનેથી અટકાયતમાં લેવામાં આવ્યા હતા. પોલીસ કાર્યવાહીનો વિરોધ કરવા માટે તેમના સમર્થકોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમની ધરપકડ બાદ ઔપચારિક રીતે નોંધવામાં આવી હતી. અધિકારીના જણાવ્યા મુજબ, શાસક તમિલનાડુ રાજ્ય વિધાનસભાના એક અધિકારીની ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ટીવીકેના અધિકારી પી. કાશીરામની ફરિયાદના આધારે, પોલીસે માર્કંડેયણ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા હેઠળ ગુનાહિત ધાકધમકી, જાહેર શાંતિનો ભંગ કરવાના ઈરાદાથી ઈરાદાપૂર્વક અપમાન અને ખોટી માહિતી ફેલાવવાનો કેસ નોંધ્યો છે. કાશીરામે પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો કે ૧૮ જુલાઈના રોજ જિલ્લાના કોવિલપટ્ટીમાં એક જાહેર સભાને સંબોધતી વખતે માર્કંડેયણે મુખ્યમંત્રી વિરુદ્ધ ધમકીભરી અને અપમાનજનક ટિપ્પણી કરી હતી.

સોશિયલ મીડિયા પર ફરતા થયેલા એક વીડિયોમાં, માર્કંડેયણ કહેતા સાંભળવામાં આવે છે કે વિધાનસભા અધ્યક્ષની પરવાનગી વિના તેમની ધરપકડ કરી શકાતી નથી કારણ કે તેઓ ધારાસભ્ય છે. જોકે, પોલીસે તેમને સમજાવ્યા અને પોલીસ સ્ટેશન લઈ ગયા.

# સૌરાષ્ટ્રના ઈતિહાસમાં પ્રથમ વખત એક સાથે ૩૮ હથિયારો કબજે કરાયા



રાજકોટ: સૌરાષ્ટ્રના ઈતિહાસમાં પ્રથમ વખત એક સાથે ૩૮ હથિયારો કબજે થયા છે. રાજકોટની પીસીબીએ અઠવાડિયા પહેલાં મધ્યપ્રદેશથી હથિયારો ખરીદી તેને સૌરાષ્ટ્રમાં વેંચવાનું રેકેટ ઝડપી લીધું હતું. જે દિવસથી આ રેકેટનો પર્દાફાશ થયો તે દિવસથી લઈ અઠવાડિયા સુધી સતત હથિયારો પકડાતા રહ્યા હતા. આખરે આજે તેનો વધુ ચાર હથિયારો કબજે થયા બાદ અંત આવ્યો હતો.

મુખ્ય સુત્રધાર મધ્યપ્રદેશના શકીલ મન્સુરી તેના બે મળતીયા પ્રદિપ કરપડા અને કિશોર ઉર્ફે ભગત કોબીયાએ આપેલી માહિતીના આધારે પીસીબીના પીઆઈ એમ.આર.ગોંડલીયા, પીએસઆઈ આર.કે.જાડેજાએ વિશાલ મેપાભાઈ ચોહલા (ઉ.વ.૨૬, રહે. બોઘરાવદર, તા.જસદણ), વિજયસિંહ વજાભાઈ ગોહિલ (ઉ.વ.૩૧, રહે. ચાણપા ગામ, તા.ચોટીલા) અને પ્રતાપ ઉર્ફે શિવરાજ ભરતભાઈ ખાચર (ઉ.વ.૧૯, રહે. સમઢીયાળા ગામ, તા.ચુડા)ને ઝડપી લીધા હતા.

આ ત્રણેય આરોપીઓ પાસેથી દેશી બનાવટની એક પિસ્તોલ અને બે તમંચા કબજે કર્યા હતા. આ ઉપરાંત રિમાન્ડ પરના આરોપી ગાવસ્કર ઉર્ફે દર્શન રોજાસરાએ એક તમંચો છુપાવી રાખ્યાની કબૂલાત આપતા તેને પણ પીસીબીએ કબજે કર્યો હતો. અત્યાર સુધી પીસીબી કુલ ૩૮ દેશી બનાવટના હથિયારો, ૩૨ જીવતા કાર્ટિસ સાથે ૨૦ આરોપીઓને પકડી ચુકી છે. આજે મોટાભાગના આરોપીઓ જેલહવાલે થયા હતા.

અત્યાર સુધીની તપાસમાં શકીલ મન્સુરી અને સૌરાષ્ટ્રમાં રહેલા તેના એજન્ટોએ મુખ્યત્વે રાજકોટ શહેર, જિલ્લા, અમરેલી અને સુરેન્દ્રનગર પંથકમાં મોટાભાગના હથિયારો વેંચ્યા હતા.


પીસીબીએ હવે આ તમામ હથિયારોના સપ્લાયરોને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે. આ માટે પીસીબીની ટીમ મધ્યપ્રદેશ રવાના કરવામાં આવશે. જો બંને સપ્લાયરો ઝડપાઈ જશે તો દેશવ્યાપી ગેરકાયદે હથિયારોના રેકેટ કે જેને પીસીબી કાર્ટેલ ગણાવતી રહી છે તેનો પર્દાફાશ થશે.

## જો પોલીસે ગંભીરતા દાખવી હોત તો હથિયારના રેકેટનો વહેલો પર્દાફાશ થાત

રાજકોટ: હથિયારોની તપાસમાં પોલીસ કેટલી બેદરકારી દાખવે છે તેનો પીસીબીએ ઝડપી લીધેલા હથિયારોના રેકેટમાં પર્દાફાશ થયો છે. આ રેકેટમાં પકડાયેલા પ્રદિપ કરપડા, જયસુખ વાઘેલા અને ગાવસ્કર ઉર્ફે દર્શન સૌરાષ્ટ્રના જુદા-જુદા વિસ્તારોમાં હથિયારો સાથે પકડાયા હતા. પરંતુ એકપણ તપાસનીશ અધિકારી આ ત્રણેય આરોપીઓ પાસેથી હથિયારોના રેકેટ વિશે માહિતી કઢાવી શક્યા ન હતા. જો આ ત્રણેય આરોપીઓની જે તે વખતે જ ઘનિષ્ઠ પુછપરછ થઈ હોત તો હથિયારોના રેકેટનો વહેલો પર્દાફાશ થાત. અત્યાર સુધી જોવામાં આવ્યું છે કે ગમે તે કારણસર પોલીસ હથિયારોના કેસની ગંભીરતાથી કે ઊંડાણપૂર્વક તપાસ કરતી નથી. મોટાભાગના કેસોમાં આશ્ચર્યજનક રીતે સપ્લાયર તરીકે મૃત્યુ પામેલા શખ્સોના નામ જ ખુલતાં હોય છે.

# સગીરાને પ્રેમજાળમાં ફસાવી પરિણીત શખ્સે દુષ્કર્મ આચરી ધરાર સંબંધ રાખવા ધમકી આપી

## પોલીસે પોક્સો સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી ધવલ દિલીપભાઈ રાવરાણીની ધરપકડ કરી



રાજકોટ:રેલનગર વિસ્તારમાં રહેતી ધોરણ-૧૧માં અભ્યાસ કરતી ૧૫ વર્ષની સગીરા સાથે સોશિયલ મીડિયા થયેલી ઓળખાણ બાદ ગોંડલના યુવકે પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે.

દુષ્કર્મ બાદ સંબંધ રાખવા દબાણ કરી નહી માને તો જાનથી મારી નાખવાની ધમકી આપતાં ગભરાયેલી સગીરાએ આખરે પિતાને સમગ્ર હકીકત જણાવતાં પ્રદ્યુમ્નનગર પોલીસે પોક્સો સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી ગોંડલના શ્રીરામ હોસ્પિટલ પાસે રહેતા ધવલ દિલીપભાઈ રાવરાણી(ઉ.વ.૩૦)ની ધરપકડ કરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, સાત માસ પૂર્વે સગીરાનો ધવલ સાથે ઈન્સ્ટાગ્રામ મારફતે પરિચય થયો હતો. બાદમાં બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. સગીરાના માતા-પિતા અલગ રહેતા હોવાથી તે પિતા સાથે રહેતી હતી. બનાવના દિવસે પિતા કામે ગયા હતા ત્યારે સગીરા ઘરમાં એકલી હતી. આ દરમિયાન આરોપી તેના ઘરે પહોંચ્યો હતો અને સગીરાની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું.

બનાવ બાદ આરોપીએ સગીરાને સતત ધમકીઓ આપી સંબંધ ચાલુ રાખવા દબાણ કર્યું હતું. માનસિક ત્રાસથી કંટાળેલી સગીરાએ આખરે પિતાને જાણ કરતાં તેઓ પ્રદ્યુમ્નનગર પોલીસ મથકે પહોંચ્યા હતા. પી.આઈ. એમ.ડી. મકવાણાની રાહબરીમાં પોલીસે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ કોંગ્રેસનું ઉગ્ર વિરોધ પ્રદર્શન, ઝપાઝપી સાથે ૭૦થી વધુની અટકાયત

## રાહુલ ગાંધીની અટકાયત બાદ કોંગ્રેસે પણ આંદોલનમાં ઝૂકાવ્યું



રાજકોટ: નીટના પેપર લીક કૌભાંડમાં લાખો વિદ્યાર્થીના ભવિષ્ય સાથે ચેડાં થયા છે તેવા રોષ સાથે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામુ આપે તેવી માંગ સરકારે નહી સંતોષતા દિલ્હીમાં જંતર મંતર ખાતે ત્રણ સપ્તાહથી સોનમ વાંગ્ચૂકના ઉપવાસ આંદોલન બાદ ગઈકાલે સંસદ ભણી કૂચ કરાતા અને આજે વડાપ્રધાનના નિવાસ નજીકના વિસ્તારમાં કોંગ્રેસના રાહુલ ગાંધી,ખડગે વગેરેની પોલીસે ધરાર અટકાયત કરતા હવે કોંગ્રેસે આંદોલનમાં ઝૂકાવ્યું છે અને રાજકોટમાં જિલ્લા પંચાયત ચોક ખાતે રાત્રે ૮.૩૦ વાગ્યે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરાતા ભારે હંગામો સર્જાયો હતો.

કોંગ્રેસના નેતાઓ-કાર્યકરો આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને તેની જાણ થતા જ પોલીસ તાત્કાલિક ધસી આવી હતી અને અટકાયતોનો દોર કરતા ભારે હંગામો, ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. કોંગ્રેસના સૂત્રો અનુસાર પોલીસે બળપ્રયોગ કરીને ૭૦થી વધુ કાર્યકરોની સાથે વિદ્યાર્થી નેતાઓને પણ પકડીને બે બસ તથા અન્ય પોલીસ વાહનોમાં લઈ જઈને અટક કરી અવાજ દબાવવાની કોશિષ કરી છે. શહેર કોંગ્રેસ પ્રમુખે કહ્યું કે વર્તમાન સરકાર એ અંગ્રેજો કરતા પણ બદતર છે અને બંધારણની જોગવાઈ મૂજબ પણ વિરોધ કરવા દેતી નથી, દેશમાં સાચી સ્વતંત્રતા માટે લોકોએ ફરી લડત લડવી પડે તે સ્થિતિ છે.

આજે રાત્રે આ વિરોધ પ્રદર્શન પહેલા બહુમાળી ભવન ચોક, સરદાર પટેલ સ્ટેચ્યુ પાસે અન્ય યુવાનો,વાલીઓ બેનર વગર એકત્ર થયા હતા અને સૂત્રોચ્ચાર કરીને કોક્રોચ પાર્ટીની માંગને સમર્થન આપી સરકાર સામે વિરોધ પ્રદર્શન શરુ કરતા જ પોલીસે ધસી આવીને ત્યાં પણ યુવાનોની અટકાયત કરી લીધી હતી.

રાજકોટમાં રવિવારે ભક્તિનગર સર્કલ પાસે લોકસંસદ વિચાર મંચ દ્વારા પોલીસ પાસેથી લેખિતમાં ધરણાં યોજવા મંજુરી મેળવી હતી અને છતાં ધરણાનો સમય પહેલા જ મંચના કાર્યકરોને તેમના ઘરેથી પોલીસે પકડીને પોલીસ મથકે લઈ જવાયા હતા. આમ, પોલીસ વિરોધ પ્રગટ ન થાય તે માટે મરણિયા પ્રયાસો કરી રહી છે પરંતુ, રવિવાર સુધી રાજકોટમાં કોઈ વિરોધ કાર્યક્રમ ન્હોતા ત્યારે હવે પોલીસના વિરોધ પ્રદર્શન રોકવાના પ્રયાસો વચ્ચે આવા કાર્યક્રમો વધવા લાગ્યા છે.

કોક્રોચ પાર્ટીનું આંદોલન તો ૨૩ દિવસથી ચાલે છે પરંતુ, કોંગ્રેસ પિક્ચરમાં ન્હોતી, ઉપવાસી છાવણીની મુલાકાત પણ લેવાઈ ન્હોતી. આજે કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ જંગી મેદની વચ્ચે વિરોધ પ્રદર્શનમાં જતા પોલીસે ટીંગાટોળી કરી અટકાયત કરી તેના દ્રશ્યો વાયરલ થયા બાદ હવે કોંગ્રેસે પણ આંદોલનમાં ઝૂકાવ્યું છે. આવતીકાલે શક્તિસિંહ ગોહિલની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓના પ્રશ્નો અંગે કાર્યક્રમ એન.એસ.યુ.આઈ. દ્વારા યોજાયેલ છે.

# રાજકોટની નર્સ અને તેના મંગેતરને ઉપલેટા નજીક આંતરી પાઈપથી હુમલો

## પૂર્વ પ્રેમી સામે કરેલા મારામારીના કેસમાં યુવતી સમાધાન ન કરતા ડુમિયાણી ટોલનાકા નજીક પિતા-પુત્રએ પાઈપના ઘા ફટકાર્યા

રાજકોટ: રાજકોટમાં રામાપીર ચોક પાસે શાંતિનિકેતન પાર્કમાં રહેતી મૂળ જુનાગઢની વતની સગુફતાબેન હબીબભાઈ શેખ (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ઉપલેટામાં રહેતા સરફરાજ અલ્તાફ કિબલા અને તેના પિતા અલ્તાફ કીબલાનું નામ આપી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે રાજકોટ સિવિલ હોસ્પિટલના જનાના વિભાગમાં નર્સ તરીકે નોકરી કરે છે અને તેના પિતા જુનાગઢ રહે છે. યુવતીની સગાઈ જૂનાગઢમાં રહેતા જીશાન ફારૂકભાઈ બદવી સાથે થઈ છે.

ત્રણેક વર્ષ પૂર્વે યુવતી ઉપલેટાના સરફરાઝ સાથે રિલેશનમાં હતી અને છ મહિના સુધી બંને વચ્ચે રિલેશન હતા. બંને લગ્ન કરવાના હતા ત્યારબાદ પૈસાની લેતી દેતી બાબતે તકરાર થતાં બંને છૂટા પડી ગયા હતા. જે બાબતનો ખાર રાખી સરફરાઝે યુવતીને માર મારતા ત્રણ વર્ષ પૂર્વે ઉપલેટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી જે કેસ ઉપલેટા કોર્ટમાં ચાલુ છે.

દરમિયાન તા.૧૮ ના આ કેસની મુદ્દત હોય જેથી યુવતી ઉપલેટા કોર્ટે મુદત માટે આવી હતી અને તેનો મંગેતર જીશાન તેને બુલેટ લઈ ઉપલેટા કોર્ટમાં લાવ્યો હતો. બપોરના મુદત પૂરી થયા બાદ યુવતીને તેનો મંગેતર જીશાન બુલેટ લઈ રાજકોટ મુકવા આવતો હતો બંને રાજકોટ જવા માટે નીકળ્યા હતા ત્યારે બપોરના પોણા ત્રણેક વાગ્યા આસપાસ ડુમયાણી ટોલનાકા પહેલા હાઈવે રોડ પર સરફરાઝ બેઠો હોય તેણે અચાનક રોડ પર આવી પાઈપ આડો રાખી બુલેટ રોકાવ્યું હતું.

બાદમાં તેણે પાઈપનો એક ઘા યુવતીના કમરના ભાગે મારી દીધો હતો. સમયે સરફરાઝના પિતા અલ્તાફ પણ પાઈપ લઈને ધસી આવ્યો હતો અને યુવતીના મંગેતર પાછળ દોડી તેને પગના ભાગે ચાર પાંચ ઘા મારી દીધા હતા.

દરમિયાન બનાવ સ્થળે લોકો એકત્ર થતાં સરફરાઝ અને તેના પિતા અલ્તાફ બંને ભાગી ગયા હતા અને જતા જતા અલતાફે કહ્યું હતું કે, જો હવે ઉપલેટામાં દેખાયા તો જાનથી મારી નાખીશ એવી ધમકી આપી હતી. ત્યારબાદ યુવતી અને તેના મંગેતરને ધોરાજી સિવિલમાં દાખલ કરાયા હતા.

યુવતીએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે, તેણે સરફરાઝ સામે કેસ કર્યો હોય જે કેસમાં સરફરાઝ અને તેના પિતા અલ્તાફભાઈ વારંવાર સમાધાન કરી લેવાનું કહેતા હોય પરંતુ યુવતીએ ના પાડતા આ વાતનો ખાર રાખી તેને અને તેના મંગેતરને માર માર્યો હતો. જે અંગે ઉપલેટા પોલીસે ગુનો નોંધી આરોપી પિતા-પુત્રને પકડવા તજવીજ આદરી હતી.

## ૬ માસ પહેલા જ નિકાહ કરનાર ૨૮ વર્ષીય રૂમીના બાવનકાનો આપઘાત

રાજકોટ, તા.૨૧

ભગવતીપરામાં ૬ માસ પહેલા જ નિકાહ કરનાર ૨૮ વર્ષીય રૂમીના બાવનકાએ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી. તેણીએ આજે બપોરે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો. સિવિલ હોસ્પિટલમાં ખસેડતા મૃત જાહેર કરાઈ હતી. બી ડિવિઝન પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર, રૂમીનાબેન સલીમભાઈ બાવનકા (ઉંમર વર્ષ ૨૮, રહે. ભગવતીપરા, રઝવિયા મદ્રેસાની સામે, રાજકોટ) ઉપરોક્ત જગ્યાએ પોતાના ઘરે કોઈ કારણોસર ફાંસો ખાઈ જતા બેભાન હાલમાં સિવિલ હોસ્પિટલમાં લાવતા ઈમરજન્સીમાં ફરજ પરના ડો.ઉર્વી ગોથાણીના એ તપાસી મૃત જાહેર કરેલ. રૂમીનાના લગ્ન ૬ માસ પહેલા જ થયા હતા. તે પોતાના પતિ અને સાસુ સાથે રહેતી હતી. તેના સસરા હયાત નથી. પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી.

# સિવિલ હોસ્પિટલમાં એક્સ-રે પ્લેટનો દૂષ્કાળ: દરરોજ ૨૦૦ દર્દીઓ હેરાન



રાજકોટ: સૌરાષ્ટ્રભરના ગરીબ અને મધ્યમવર્ગીય દર્દીઓ માટે જીવાદોરી સમાન ગણાતી રાજકોટની પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ ફરી એકવાર પોતાની વહીવટી લાપરવાહીને લઈને વિવાદના ઘેરાવામાં આવી ગઈ છે. અહીં દરરોજ ૩૦૦૦થી વધુ દર્દીઓ સારવાર અર્થે આવે છે, પરંતુ તંત્રાની ઘોર બેદરકારીના કારણે તેઓની મુશ્કેલીઓનો અંત આવવાનું નામ લેતો નથી. કારણ કે હવે અહીં વધુ એક વખત ખુબ જ મહત્વની એક્સ-રે પ્લેટોનો દૂષ્કાળ પડયો છે.

સિવિલ હોસ્પિટલમાં મહત્વની દવાઓ, લાઈફ સેવિંગ ઈન્જેક્શનો અને પાયાની સુવિધાઓના અભાવે દર્દીઓની હાલત કફોડી બની ગઈ છે. હવે ૧૪-૧૭ સાઈઝની જરૂરી એવી એક્સ-રે પ્લેટનો જ સ્ટોક ખલાસ થઈ ગયો છે. પ્લેટોના અભાવે છેલ્લા કેટલાક દિવસોથી એક્સ-રે વિભાગનું કામકાજ ઠપ થઈ ગયું છે. પરિણામે રોજબરોજ ૨૦૦થી વધુ ગંભીર અને ઈમરજન્સી કેસના દર્દીઓને એક્સ-રે કઢાવ્યા વગર જ પાછા ફરવું પડે છે અથવા તો પ્રાઈવેટ લેબમાં મોંઘા ભાવે એક્સ-રે કઢાવવાની ફરજ પડી રહી છે.

ઈમરજન્સી વોર્ડમાં આવતા દર્દીઓ કે જેને તાત્કાલિક નિદાનની જરૂર હોય છે, તેમને પણ પ્લેટો ન મળવાને કારણે કલાકો સુધી રાહ જોવી પડે છે અથવા પરેશાન થવું પડે છે. સિવિલ હોસ્પિટલ પ્રશાસનની આ પ્રકારની ઉદાસીનતા અને અક્ષમ્ય બેદરકારી સામે સામાન્ય નાગરિકો અને દર્દીઓના સગા-સંબંધીઓમાં ભારે રોષ ભભૂકી ઉઠયો છે. આ ગંભીર અને સંવેદનશીલ મુદ્દે રોગી કલ્યાણ સમિતિના સભ્ય રાજેશ ચાવડાએ સ્થાનિક મેડિકલ સુપ્રિટેન્ડેન્ટથી માંડીને ગાંધીનગર આરોગ્ય વિભાગ સુધી દ્વારા લેખિત રજૂઆત કરી તાત્કાલિક અસરથી પૂરતા પ્રમાણમાં એક્સ-રે પ્લેટોનો જથ્થો ઉપલબ્ધ કરાવવા માટે ઉગ્ર માંગ કરી છે.

# રાજ્યનો લિસ્ટેડ બુટલેગર નરેશ રાવળ ઝડપાયો



રાજકોટ:રાજ્યમાં ગેરકાયદેસર રીતે ચાલતી દારૂ-જુગાર તથા અન્ય અસામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા નાસતા-ફરતા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત સ્ટેટ મોનીટરીંગ સેલના પીએસઆઈ વી.કે.રાઠોડ અને તેમની ટીમને એક મોટી સફળતા મળી છે. દારૂના ૦૭ થી વધુ ગુનાઓમાં વર્ષ-૨૦૨૩ થી નાસતા-ફરતા વોન્ટેડ આરોપી નરેશ ઉર્ફે નરીયો રવજી રાવળને અમદાવાદ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે.

આરોપી નરેશ ઉર્ફે નરીયો રવજી રાવળ (રહે.મૂળ શિતલવાડા ગામ, ગાંધીનગર) પોતાના ગુનાઓમાં ધરપકડ ટાળવા માટે સતત સરનામાં બદલતો રહેતો હતો. તે હાલમાં ડબલ-ડી/૩૦૪, શાંતિપથ રેસીડેન્સી, મુઠીયા ગામ, સ્માર્ટ ટોલેક્સ પાસે, નરોડા, અમદાવાદ ખાતે છુપાઈને રહેતો હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને તેની અટકાયત કરી હતી.

આરોપી સામે રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં વિદેશી દારૂનો જથ્થો મગાવી ગુજરાતના વિવિધ શહેરો અને જિલ્લાઓમાં સપ્લાય કરવાની ગેરકાયદેસર પ્રવૃત્તિના અનેક ગુના નોંધાયેલા છે. તેને ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ સ્ટેશન ખાતે લિસ્ટેડ બુટલેગર તરીકે પણ જાહેર કરવામાં આવેલો છે. આ ઉપરાંત, પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે હુમલા અને મારામારી આચરવાની કુટેવના કારણે તેની સામે અન્ય ૦૩ ગુનાઓ દાખલ થયેલા છે.

ધરપકડ દરમિયાન પોલીસને આરોપી નરેશ પાસેથી ત્રણ મોબાઈલ મળી કુલ રૂ.૩.૨૫ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે. હાલ આ ફોનની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે જેથી તેના નેટવર્ક અને અન્ય સાગરીતોની માહિતી મળી શકે.

ઉલ્લેખનિય છે કે, આરોપી વિરુદ્ધ નોંધાયેલા અલગ-અલગ ગુનાઓ કોર્ટમાં ટ્રાયલ હેઠળ છે. આ કુલ-૧૦ ગુનાઓમાં કોર્ટમાં તે સતત ગેરહાજર રહેતો હોવાથી કોર્ટ દ્વારા તેનું ધરપકડ વોરંટ પણ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. તે લાંબા સમયથી કોર્ટની મુદતે હાજર ન રહી કાયદાની પ્રક્રિયાથી ભાગતો ફરતો હતો.

# ડબલ મર્ડરના આરોપી પર ખૂની હુમલાના કેસમાં યુવાનની ધરપકડ

રાજકોટ: ૧૫૦ ફૂટ રીંગ રોડ પર સોમનાથ સોસાયટી-૨માં સુરેશભાઈ ધોળકીયા અને તેના ભાઈ રાજેશભાઈની છરીના ઘા ઝીકી હત્યા કેસના આરોપી હાર્દિક ધોળકીયા ઉપર ખૂની હુમલો કરવાના ગુનામાં ગાંધીગ્રામ-૨ પોલીસે લાખા ધોળકીયાની ગઈકાલે રાત્રે ધરપકડ કરી આજે કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

આ સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં ફાયર આર્મ્સ જેવું કંઈક દેખાતા પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે. પોલીસ સુત્રોએ જણાવ્યું કે, આ ઘટનામાં ફાયર આર્મ્સનો ઉપયોગ થયાના પુરાવા મળ્યા નથી. પરંતુ ફાયર આર્મ્સ જેવું વીડિયોમાં દેખાતા તેની ખરાઈ કરવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.

ઝોન-૨ના ડીસીપી રાકેશ દેસાઈએ જણાવ્યું કે, બંને પક્ષો વચ્ચે કબજો કરેલા પ્લોટ વેંચાણના પૈસા બાબતે વિવાદ ચાલતો હતો. પ્લોટ પર અંદાજે ૨૫ વર્ષ પહેલા કબજો કરાયો હતો. પ્લોટનો કબજો છોડવાના પૈસા આવ્યા હતા કે પછી પ્લોટ વેંચાણના તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે. જો પ્લોટ વેંચાણના પૈસા આવ્યા હતા તો તેના દસ્તાવેજો કોના નામે હતા, આ ઉપરાંત કેટલા પૈસા આવ્યા હતા તે વિશે પણ પોલીસ તપાસ કરશે.

બીજી તરફ ડબલ મર્ડરનો આરોપી હાર્દિક ગંભીર રીતે ઘવાયેલો છે. તેની હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. પોલીસે તેની હાલત ગંભીર ગણાવી છે. આરોપી હાર્દિક હત્યાનો ભોગ બનનાર ભાઈઓનો કૌટુંબિક ભત્રીજો થાય છે.

# ‘તને બીજા માળેથી ધક્કો મારી અકસ્માતમાં ખપાવી દેશું’ કહી બાંધકામના ધંધાર્થીને ધમકી

રાજકોટ:ગોંડલના ગુંદાળા ચોકડી નજીક આવેલ એપલ વિલાના પેટા કોન્ટ્રાકટરને મુખ્ય કોન્ટ્રાકટર બેલડીએ માર મારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. બાંધકામ સહિતના પૈસા માંગતા કોન્ટ્રાકટરોએ તું બીજા માળે કામ કરતો હઈશ ત્યારે જરાક ધક્કો મારી દઈ નીચે પછાડી દઈ બનાવને અકસ્માતમાં ખપાવી દેશું, અમારો વીમો પાકી જશે અને અમારું કોઈ કંઈ બગાડી નહિ લે તેમ કહી ધમકી આપી પૈસા ચૂકવ્યા ન હતા. જેથી યુવાને ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકે એટ્રોસિટી એક્ટ સહીતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે વઢવાણના વસ્તડી ગામના વતની અને હાલ રાજકોટના રૈયાધારમાં રહેતા કિશનભાઈ જેઠાભાઈ પરમાર(ઉવ ૩૬)એ આરોપી તરીકે એપલ વિલાના કોન્ટ્રાકટર પ્રકાશ ભુવા અને રોનકભાઈ પટેલનું નામ આપતાં ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસે હુમલો અને એટ્રોસિટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૧૫/૧૨/૨૦૨૫ ના ગોંડલના ગુંદાળા ચોકડી પાસે એપલ વીલા બીલ્ડીગનુ પ્લાસ્ટર,ચણતર તથા નાની મોટી ભરાઈનુ કામ પ્રકાશ ભુવા અને રોનક પટેલ પાસેથી પેટા કોન્ટ્રાક્ટમાં કામ રાખેલ હતુ. પ્રકાશએ જણાવેલ કે, હાલ તું ૯૨ રુપિયા લેખે કામ કરજે, જો તને નહિ પોસાય તો તને ફુટના ૧૩૦ રૂપીયા લેખે આપીશું. જેથી કામ ચાલુ કરેલ અને ત્રણ માસ પહેલા એક માળનુ કામકાજ પુર્ણ કરેલ હતુ. ત્યારે કામકાજની સાઈટ પર આવેલ ઓફીસની ઉપર ઓરડીમા મજુરને પૈસા ચુકવવા માટે પ્રકાશ પાસે પૈસાની માગણી કરતા ત્યા હાજર બંને શખ્સોએ ઢીકાપાટુનો માર મારેલ હતો.

બાદ બે માળનું ચણતર તથા આર.સી.સી. નું કામ પૂરૂ કરતા આરોપીઓએ આશરે દશેક લાખ રૂપીયા કટકે કટકે ચુકવી આપેલ હતા પરંતુ રૂા ૨ લેખે નહિ પોસાતા પ્રકાશને ફોન કરી જાણ કરેલ કે, મારે ૯૨ રૂપિયા લેખે પોસાતું નથી, તમે મને અગાઉ કહેલ તે મુજબ મને રૂપિયા વધારી આપો. પ્રકાશએ જણાવેલ કે, અત્યારે તુ કામ ચાલુ રાખ, તને રૂા૦ હજાર આપીશ તેમ વાત કરેલ હતી. ત્યારબાદ રાજકોટના નાના મવા સર્કલ પાસે પ્રકાશભાઈ રૂબરૂ મળેલ ત્યારે કહેલ કે, રૂા.૯૨ લેખે પણ નથી કરવું અને રૂા.૧૩૦ લેખે પણ નથી કરવું, તું એક દિવસના રૂા૧૦૦૦ લેખે કામ ચાલુ રાખજે, હાલ ઈરાન-અમેરિકાનું યુધ્ધ ચાલે છે બધે મંદી છે. આ વાત મંજુર ન હોય પરંતુ સ્લેબનુ કામ ચાલુ હતુ, જેથી થયુ કે અડધુ કામ મુકવુ નથી. જેથી સ્લેબનું કામ કાજ ચાલુ રાખેલ હતુ. દરમ્યાન જયદેવભાઈને એપલ વિલાના નિર્માણ કામમાં મારી સાથે કામ ઉપર રાખેલ હતા.

તા. ૧૫/૦૫ ના બીજા માળના સ્લેબ ઉપરનુ કામ ચાલુ હતુ. દરમ્યાન પ્રકાશ ત્યા આવેલ જેથી કામકાજના બાકી નીકળતા પૈસાની વાત કરવા બન્ને પ્રકાશ પાસે ગયેલ હતા. પૈસા માંગતા તેને ગુસ્સો અને આવેશમા આવીને કહેલ કે, તુ બીજા માળે કામ કરતો હઈશ ત્યારે જરાક ધક્કો મારીને અકસ્માતમા ખપાવી દઈશ, અમારી પાસે વિમો છે, અમારી બહુ વગ છે, અમારું કોઈ કાઈ કરી લેશે નહી તેવુ કહેલ હતું અને પૈસા પણ આપેલ નહી.જે બાદ આરોપી રોનકભાઈએ જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરતા શબ્દો ઉચ્ચારી તમને એટ્રોસીટીની ફરીયાદ કરવા સિવાય શુ આવડે છે તેમ કહી ગાળો આપી હતી અને પૈસા આપેલ નહી. જે બાદ અંતે તેણે ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે બંને આરોપીઓના અટકાયતી પગલાં લીધા હતા. સમગ્ર મામલાની તપાસ હવે ડીવાયએસપી એસસી-એસટી સેલના ડીવાયએસપી શ્રીજીતા પટેલ ચલાવી રહ્યા છે.

# રાત્રે દોઢ વાગ્યે પાવર બેન્ક આપવા ગયેલા યુવાન પર યુવતીના પિતા, દાદાનો હુમલો

ઉપલેટા:ઉપલેટાના ભાયાવદર પોલીસ સ્ટેશનની હદમાં આવતા ઉપલેટાના ખારચીયા ગામમાં મોડી રાતે દોઢ વાગે યુવાન યુવતીના ઘરે પાવર બેન્ક આપવા ગયો હતો અને તે સમયે યુવતીના પિતા તેમજ દાદાએ તું રાતે અમારા ઘરે કેમ આવ્યો તેમ કહીને કુહાડીથી હુમલો કર્યો હતો. જેમાં યુવકના ડાબા પગનો પંજો કપાઈ ગયો હતો અને તે લોહીલુહાણ બની જતાં તેને જૂનાગઢ ખસેડવામાં આવ્યો છે.ખારચીયામાં રહેતો અને બસ સ્ટેશન પાસે ક્રિષ્ના મોબાઈલ નામની દુકાન ચલાવતો ૨૩ વર્ષીય કમલેશ જયેશભાઈ ચૌહાણ રાત્રિના આશરે દોઢેક વાગ્યાના સુમારે કમલેશ ગામમાં રહેતી રુતિકા ઉર્ફે રુત્વી નામની યુવતીને પાવર બેન્ક આપવા માટે તેના ઘરે ગયો હતો.

ત્યારે રુતિકાના પિતા ભાવેશભાઈ જેન્તીભાઈ મેથાણીયા અને તેના દાદા જેન્તીભાઈ ત્યાં આવી પહોંચ્યા હતા, અને "તું અમારા ઘેર કેમ આવ્યો" તેમ કહીને ઝઘડો શરૂ કર્યો હતો. યુવતીના પિતા ભાવેશભાઈએ કમલેશને લાફા માર્યા હતા, જ્યારે દાદા જેન્તીભાઈએ ઉશ્કેરાટમાં આવીને હાથમાં રહેલી કુહાડી વડે કમલેશ પર હુમલો કરી દીધો હતો.જેમાં કુહાડીનો એક ઘા કમલેશના ડાબા પગના પહોંચાના ભાગે વાગતા આંગળા સાથેનો આગળનો ભાગ કપાઈ ગયો હતો અને તે લોહીલુહાણ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા કમલેશના માતા ભાવનાબેન, પિતા જયેશભાઈ અને પિતરાઈ ભાઈ જીજ્ઞેશ ત્યાં પહોંચ્યા હતા. અને ૧૦૮ની મદદથી કમલેશને પ્રથમ ઉપલેટા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે જૂનાગઢ ખસેડાયો હતો.

આ મામલે ભાયાવદર પોલીસે કમલેશ ચૌહાણની ફરિયાદના આધારે હથિયારબંધી જાહેરનામાના ભંગ સહિત યુવતીના પિતા અને દાદા સામે બી.એન.એસ. કલમ ૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩(૫) તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધ્યો છે.